Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३०
०१५
निशानियां लगाना
से अधिक देर तक
। अधिक देर तक
नी चाहिये।

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા: અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુષારબિંદુ

['મેઘબિંદુ' 'જલબિંદુ'
પછીનો અભિનવ સંગ્રહ]

ધૂમકેતુ



સોલ એજંટ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ.
૧૯૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પ્રકાશક : ગૌરીશંકર ગો. જોશી;
૨૩, કર્ણાવતીનિવાસ, સૌરાષ્ટ્ર સોસાયટી,
એલિસબ્રીજ : અમદાવાદ: ૭

પહેલી આવૃત્તિ : ૧૯૫૧
[સર્વ હક્ક લેખકને સ્વાધીન]

મુદ્રક :
ગોવિંદલાલ જમશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય,
પાનકોર નાકા : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

★ પ્રસ્તાવના

'મેઘબિંદુ' 'જલબિંદુ' પછી એ પ્રકારનો આ અભિનવ સંગ્રહ છે.

પણ આમાં અનેક પ્રકારની મૌલિક, અમૌલિક, રૂપકથાઓ, ઇતિહાસવાતો, તરંગ વાતો, વ્યંગ વાતો, સંગ્રહી લીધી છે. આની પછી 'જાતસમર્પણની કથાઓ' આવશે—એમાં તો જાત સમર્પણની ઉદાત્ત ઐતિહાસિક કથાઓ માત્ર સંગ્રહી છે. તેને વખત લાગશે.

ખાનપુર, અમદાવાદ. ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"This thy self-separation has taken body in me; in me is thy own defeat of self."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

રૂઢીના ગુલામ

૫ . . . સુંદર અસુંદરનો ભેદ

૬ . . . મહાન માનવી; યંત્ર નહિ.

૯ . . . . તલ્લીનતા

૧૦ . . . . આંતર શુદ્ધિની કેડી

૧૨ . . પરાપૂર્વથી ચાલતું આવે છે

૧૩ . . ચોમાસે રેલી ને ગર્વ થયો !

૧૮ . . . . તાલીમની પૂર્ણતા

૨૧ . . કાંઈ જ નિરુપયોગી નહિ

૨૪ . . . . એક રૂપક કથા

૨૭ . . . . બે ત્રણ પ્રસંગો

૩૧ . , . . સીધાં ચઢાણ

૩૩ . . . . સ્વરનો મહિમા

૩૭ . . . . વસ્ત્ર પરિધાન

૪૧ . . . જેને સત્ય જડ્યું છે

૪૪ . . . . . સમાધાન

૪૭ . . . . લડાઈ નું રહસ્ય

૫૦ . . . . કઢંગો હું કાર

૫૩ . . . , . ત્રિમૂર્તિ

૫૬ . . . . માતાનું જ્ઞાન

૬૮ . . . . શિયાળનો મોહ

૭૦ . . . . કાગડાનો મોહ

૭૨ . . . એક નાનકડો દોષ

૭૫ . . . . જાતસુધારણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૮ . . . . વિદ્યાની મહત્તા
૮૧ . . . કીર્તિનો મોહ પણ ગયો
૮૫ . . . ઉત્તમ કારીગરીનું રહસ્ય
૮૮ . . . કથાકાર અને સાધુ
૯૨ . . . . . તારી ભેટ
૯૫ . . . . દેશની આબરૂ
૯૯ . . . એક નાનકડી મુસાફરી
૧૦૩ . . . . કીર્તનનો જન્મ
૧૦૬ . . . . . હે છન્ન !
૧૧૪ . . . . . કારણ ?
૧૨૦ . . . . . ચાર અંકી
૧૨૩ . . . . અખંડ મંગલ
૧૨૮ . . . કૂતરું અને માનવ
૧૩૨ . . . . . બે દર્પણ
૧૩૫ . . . . દુઃખને શોધનારો
૧૩૮ . . . ખોવાયેલી છ વાર્તાઓ
૧૪૪ . . . . વિદ્યા અમૃતાય
૧૫૪ . . . . ભિષગ્વર રસાયન
૧૬૧ . . . . . તુષારબિંદુ
૧૬૯ . . . રંગ રંગ વાદળિયાં !
૧૭૨ . . . . . વિદ્વદ્ગોષ્ઠી
૧૭૮ . . વૃક્ષ વધે છે. પણ માનવ ઘટે છે.
૧૮૫ . . . . . એ ના એ
૧૯૩ . . . . શાંતિની શોધ
૧૯૮ . તુંગિયા નગરી ને અંભગ દરવાજા
૨૦૬ . . . કાલો હ્યયં નિરવધિ
૨૦૯ . . . . મૃત્યુનું ગાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

● અન્ય પ્રકાશનો

૨૯ મેઘબિંદુ [બીજી આવૃત્તિ]
૩૦ જલબિંદુ [બીજી આવૃત્તિ]
૩૧ રજકણ [ત્રીજી આવૃત્તિ]
૩૨ પદ્મરેણુ
૩૩ વાતાયન
૩૪ હેમચંદ્રાચાર્ય
૩૫ ઠંડી ક્રૂરતા
૩૬ સર્જન ચિંતન
૩૭ જીવનપંથ
૩૮ જીવનરંગ
૩૯ જીવનચક્ર
૪૦ જિપ્રાનની જીવનવાણી

'ધૂમકેતુ'નો 'આખો સેટ' વસાવો,
લગભગ દોઢસો રૂપિયા ●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધૂમકેતુ'નાં બીજાં પુસ્તકો

• નવલિકાઓ

૧ તણુખા [નવમી આવૃત્તિ]
૨ તણુખા મંડળ બીજું
૩ તણુખા મંડળ ત્રીજું
૪ તણુખા મંડળ ચોથું
૫ પ્રદીપ
૬ અવશેષ
૭ પરિશેષ
૮ ત્રિભેટો
૯ વનછાયા
૧૦ અનામિકા
૧૧ પ્રતિબિંબ
૧૨ વનરેખા

• નવલકથાઓ

૧૩ રાજમુગટ [ત્રીજી આવૃત્તિ]
૧૪ પૃથ્વીશ [બીજી આવૃત્તિ]
૧૫ અજિતા [ત્રીજી આવૃત્તિ]
૧૬ પરાજય [ત્રીજી આવૃત્તિ]
૧૭ મલ્લિકા [ત્રીજી આવૃત્તિ]
૧૮ વાચિનીદેવી [ત્રીજી આવૃત્તિ]

• વિખ્યાત ચૌલુક્ય નવલકથાત્રયી

૧૯ ચૌલાદેવી [ચોથી આવૃત્તિ]
૨૦ રાજસંન્યાસી [ત્રીજી આવૃત્તિ]
૨૧ કર્ણાવતી [ત્રીજી આવૃત્તિ]
૨૨ રાજકન્યા ,,
૨૩ જયસિંહ સિદ્ધરાજ [૧]
૨૪ ત્રિભુવનગંડ ,, [૨]
૨૫ અવંતીનાથ ,, [૩]
૨૬ ગુર્જરેશ્વર
૨૭ રાજર્ષિ કુમારપાલ
૨૮ નાયિકાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુષારબિંદુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧] રૂઢીના ગુલામ

એક વખત એક રાજા અચાનક જંગલમાં મરવા પડ્યો. તે ઘણો સમર્થ અને બળવાન ગણાતો. આવડો મોટો રાજા આમ અચાનક મરણ પામે અને તે પણ એવે સ્થળે, કે જ્યાં એની ભવ્ય સ્મશાનયાત્રા જેવું કાંઈ થઈ શકે નહિ, તેથી જે થોડા ઘણા અધિકારી માણસો તેની સાથે હતા, તે શોકમાં પડી ગયા. અને આવી અચાનક આવી પડેલી વિપત્તિથી તેઓ આકુળવ્યાકુળ થઈ ગયા.

રાજા બહુ ડાહ્યો હતો. તે અધિકારીઓની મુશ્કેલી સમજી ગયો. તેણે શાંતિથી કહ્યું: 'તમને શું મૂંઝવણ થાય છે?'

બે હાથ જોડીને સાથેના અધિકારીઓએ કહ્યું: 'મહારાજ! આપને યોગ્ય, છેલ્લું માન આપવાનું અમારાથી બનતું નથી, તે અમને લાગી આવે છે!'

રાજાએ કહ્યું: 'આંહીં મારા શરીરનો, ગીધડાં અને સમળા ઉપયોગ કરશે, એના કરતાં વધુ મોટું માન નશ્વર દેહ માટે કયું હોય?'

'પણ મહારાજ! અમે આપને માનપાનથી ભૂમિ-દાહ આપી શકયા હોત—તો અમારા અંતરને એનાથી આશ્વાસન મળત!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

રાજાએ ફિક્કું હસીને કહ્યું: 'આપણે સઘળા કૃમીના કેવડા મોટા ગુલામ છીએ ? જમીનમાં દાટેલા શરીરને નીચે જીવજંતુ ફોલી ખાય, કે ધરતી ઉપર રહેલા શરીરને ગીધડાં સમળાં ખાઈ જાય, એ એમાંથી ગમે તે એક રીતે શરીર દુર્ગંધ ફેલાવતું અટકે એ જરૂરી છે. એમાં એક કે બીજી રીતથી શું તફાવત પડે એ મારી સમજણમાં આવતું નથી. મૃતદેહ ઉપરની પંખીઓની મિજબાનીને બદલે જંતુ જીવડાંની મિજબાની તમને વધુ યોગ્ય લાગતી હશે ! મને તો એ બન્ને સરખી જ જણાય છે !'

રાજાનાં વેણ સાંભળીને અધિકારીઓ મૂંગા થઈ ગયા. એમને થઈ ગયું કે 'ઓ હો હો ! આપણે જે સમ્રાટને પોતાની કીર્તિ માટે વધારેમાં વધારે સંભાળ રાખનારો માનતા હતા, તે સમ્રાટ અંગત માનપાન વિષે આટલી બધી ઉપેક્ષા રાખનારો છે, એ તો આજે જ જાણ્યું !'

પણ રાજાને છેલ્લું માનપાન ન અપાયું તેનો શોક હવે તેમના અંતરને કોતરતો ન હતો.

હવે તો ત્યાં એક બીજો મહાન શોક આવીને વસ્યો હતો. એમને લાગ્યું કે જીવનભર સાથે રહ્યા છતાં, આવા મહાન રાજાને પોતે બરાબર સમજી શક્યા ન હતા ! આ શોક હવે એમના અંતરને કોતરી રહ્યો હતો !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨] સુંદર અસુંદરનો ભેદ

એક માણસને બે સ્ત્રી હતી. એક સુંદર હતી. બીજી કુરૂપ હતી. પણ આશ્ચર્યકારક વાત એ હતી કે એ સુંદર સ્ત્રીને ધિક્કારતો હતો અને પેલી કુરૂપને ચાહતો હતો.

આનું કારણ કોઇ સમજ્યા ?

પેલી સુંદર સ્ત્રીના મનમાં પોતાની સુંદરતા વિષે, હરપળે એટલી બધી ગર્વીલી સભાનતા જાગ્રત રહેતી, કે છેવટે એનું રૂપ, એ રૂપ ન રહેતું. એનું અભિમાનમાં રૂપાંતર થઇ જતું !

ત્યારે એ જ પ્રમાણે પેલી કુરૂપ સ્ત્રીને, પોતાની કુરૂપતાનું એવું જાગ્રત ભાન હતું કે એની કુરૂપતા, એ કુરૂપતા ન રહેતાં, અત્યંત વિવેકભરેલી એવી વિનમ્રતામાં, એનું રૂપાંતર થઇ જતું ! અને એનું પરિણામ ?

પરિણામે સુંદરતા, અસુંદર બની જતી હતી.

અને કુરૂપતા, સુંદર થઇ જતી હતી !

અને એ જોઇને મનોરાજ્યનો સ્વામી છાનું માનીક હાસ્ય કરતાં મનમાં બોલી રહેતો : ‘ વાહ રે ! માયા ! ’

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩] મહાન, માનવી; યંત્ર નહિ !

હજારો વર્ષ પહેલાં એક વખત એક રાજા પોતાના પ્રદેશમાં મુસાફરી કરવા નીકળ્યો. એણે એક જગ્યાએ એક માળીને પોતાના બગીચામાં કામ કરતો જોયો. કૂવામાંથી પાણી ખેંચી ખેંચીને તે એક ખાડામાં રેડી રહ્યો હતો, અને પછી ધોરિયા મારફત એ પાણી બગીચામાં જતું હતું.

રાજા એ જોઈને ત્યાં ઊભો રહ્યો. એણે જોયું કે આ રીતે કામ થોડું થઈ રહ્યું હતું.

એટલે એણે પેલા માળીને કહ્યું : 'આના કરતાં આ કૂવા ઉપર તું કોઈ યંત્ર ગોઠવે તો સો ગણું વધારે કામ ન થાય? તારી મહેનત બચે, અને ઊપજ વધારે મળે !'

માળીએ પૂછ્યું : 'એ યંત્ર એટલે શું છે ?'

રાજાએ જવાબ વાળ્યો: 'એક પ્રકારની લાકડાની રચના છે. એમાં પાછળ ભાર મુકાય છે. એની આગળ પાણી લેવાનું સાદું હલકું સાધન રખાય છે. એટલે પાણી કાઢવું સુગમ થઈ પડે છે ! એનાથી પાણી ઝપાટાબંધ આવે છે.'

રાજાનાં વેણ સાંભળીને માળી વિચાર કરી રહ્યો હોય તેમ લાગ્યું. પછી એણે ધીમેથી જવાબ વાળ્યો: 'થોડી મહેનતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધુ ફળ લેવાની આ તરકીબ શરૂ થશે, મહારાજ ! ત્યાર પછી એ તરકીબ કયાં અંત પામશે, એ કોઇ કહી શકે તેમ નથી. હું તો એમ માનું છું કે માણસ વધુમાં વધુ મહેનત કરીને, થોડામાં થોડું ફળ મેળવે, ને પોતાનો રોટલો કાઢે, તો એનું શરીર શ્રમ પામે એ ખરું, પણ એનું મન ઉજ્જવળ રહે અને આત્મા કુંદન જેવો શુદ્ધ રહે. તમે મન અને આત્માને છોડીને, શરીરને વધારે સુખાળવું ને નિરાંતનું જીવન કેમ મળે એવી તરકીબો શોધ્યા કરશો, તો તમારે ત્યાં ઘણો કાલ આવશે એ ખરું, લોકોને સારું લાગશે એ પણ ખરું, પણ એનું છેલ્લું દર્શન બહુ ભયંકર હશે ! પછી એ વહેલું આવે કે મોડું આવે ! પણ લોકો, વધારેમાં વધારે લાભ ઉઠાવવા ઓછામાં ઓછી મહેનત કેમ કરવી એ વસ્તુને ટેવાતા જશે, અને એમાંથી ઊભા થતા કજિયામાં આત્માને પોતાને જ ખોઇ બેસશે. તમારું એ યંત્ર તમને જ મુબારક હો ! મારે તો મારી મહેનતનો રોટલો મને મળે એટલું જ સાધન જોઇએ.'

રાજા જોતો રહ્યો અને એ માળી પાછો પોતાની જુનવાણી રીતે પાણી કાઢવા મંડ્યો !

[૨]

પછી રાજા આ માણસની વિચારસરણી ઉપર ચિંતન કરતો ઘેર ગયો. એના મનને તો એમ હતું કે ઓછામાં ઓછી મહેનતે વધારેમાં વધારે ફાયદો–લાભ, એ વસ્તુ આખી દુનિયા માટે ફાયદાની હતી. પણ અહીં એને એક ઠેકાણે એક જણ એવો મળ્યો કે જે, એની આ વિચારપદ્ધતિને માનતો ન હતો. એને ખોટું તો બહુ લાગ્યું. પણ એ ક્ષમાશીલ હતો, એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજમહેલ તરફ ચાલી નીકળ્યો.

રાજમહેલમાં પહોંચ્યો ત્યાં સુધી હજી, પેલા માણસના વચનની અસર એના દિલ ઉપરથી ગઇ ન હતી. મહેલના દ્વાર પાસે એને એક સાધુ પુરુષ મળ્યો. એણે એની વાત જાણી લીધી અને જવાબ વાળ્યો. 'જુઓ મહારાજ! જીવનની આ પણ એક રીત છે; એની લાંબે ગાળે બબર પડે. કદાચ વધારે સારી અને સાચી એવી એ વાત છે. પોતાનામાં રહેલા સદ્‌ગુણનો જ આધાર રાખવાની એમાં ચાવી છે. કોઇ પણ પરિસ્થિતિનો લેશ પણ લાભ ન ઉઠાવતાં, કુદરતે પોતે, આપણને જે શ્રમ કરવાની શક્તિ આપી છે તે શક્તિમાંથી જ જોઇતો રોટલો પેદા કરી લેવો: અને સંગ્રહખોરીથી ને વધુ પડતી જરૂરિયાતો ઊભી કરવામાંથી દૂર રહેવું, એ પણ એક પ્રકારની, પોતાનું જ અખંડ રાજ સ્થાપવાની કલા છે. તમે સૌ— વિજય, નફો, હોંશિયારી, વધુ હોંશિયારી, એમાં લીન છો; ત્યારે આ માણસ શુદ્ધિ, કામ, શ્રમ, આટલું જ બસ, એમાં લીન છે. એની પોતાની બાંધેલી મર્યાદામાં એ પોતાનું કામ નિર્ભયપણે અને મોહ વિના ચલાવી રહ્યો છે. એણે પોતાની જરૂરિયાત, પોતાનાં સાધન, પોતાનું રાજ વસાવી લીધાં છે. આખી દુનિયા એને વખાણે—એની એને પડી નથી. એને મૂરખ માને—તો એને એની પણ પરવા નથી. આને તમે મનુષ્ય કહેવા કરતાં કુદરત જ કહી શકો. એ કુદરતની જેમ જ સ્વેચ્છાનંદથી રહેશે, ને એની પેઠે જ, મુદ્દત પૂરી થયે, પાંદડાની પેઠે ખરી જાશે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪] તલ્લીનતા

એક વખત એક સંગીતકારને એક રાજાએ કહ્યું: 'તમારું સંગીત જ્યારે મેં પહેલું સાંભળ્યું, ત્યારે એનું કાંઈક પણ વર્ણન હું આપી શકું એવું એ લાગ્યું. બીજી વખત એ મેં સાંભળ્યું અને કેવળ આશ્ચર્યચકિત થઈને જાણે સાંભળ્યાં જ કરું એવું થયું! પણ ત્રીજી વખત સાંભળ્યું ત્યારે તો વાણી અને ભાવ બન્ને મૃત્યુ પામ્યાં હોય એવું મને લાગ્યું! મને લાગ્યું કે જાણે મારાથી એ જુદું જ નથી. જાણે કે હું પણ, એના અનેક સ્વરોમાંનો એક સ્વર છું! હું સાંભળનારો પણ નથી, અને કાંઈ સાંભળતો પણ નથી! સ્વર પોતે પોતાને શી રીતે સાંભળે? એમ કેમ?'

સંગીતકારે જવાબ વાળ્યો: 'સંગીતનો પરિચય કરતી વખતે માણસ માણસ રહે છે, પણ પછી સંગીત એને પાંખ આપે છે. અને છેવટે તો એ બધું જ્યાંથી આવે છે ત્યાં, સ્વરોના દેશમાં જતાં, કોઈ એકણીજ્યથી ભિન્ન રહી શકતા નથી! ત્યાં બધું જ સ્વરમય છે—માણસ, રાગ, રાગિણી, ગાનાર ને વાદ્યિંત્ર પોતે પણ! એટલે તમને છેવટે એવો અનુભવ થયો કે જાણે કોઈ જ નથી! તમે પણ નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫] આંતર શુદ્ધિની કેડી

કોન્ફ્યુશ્યસ, આત્મઅનુભવની એક પળ પણ જાણ્યા વિના, એકાવન વર્ષની વયે પહોંચી ગયો હતો.

એક વખત એ એક પ્રાજ્ઞ પુરુષ પાસે જઈ ચડ્યો. તેણે કહ્યું: 'ત્યારે તમે છેવટે આવ્યા ખરા. સારું થયું, મારે થોડી વાતચીત કરવાની હતી. બોલો, તમે આત્મઅનુભવની ઝાંખી કરી છે?'

'ના.' કોન્ફ્યુશ્યસે જવાબ વાળ્યો.

'તમે એને માટે શું શું પ્રયત્ન કર્યા? શી રીતે કર્યા?'

'મેં એને માટે પાંચ વર્ષ મહેનત કરી, પણ કાંઈ પરિણામ ન આવ્યું.'

'અને પછી શોધ છોડી દીધી?'

'ના, પછી બારેક વર્ષ જુદાં જુદાં શાસ્ત્રો જોયાં, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ.'

'બરાબર છે. કારણ કે, છેવટે જે વસ્તુ શાસ્ત્રોમાં છે, તે કોઈ કે આપેલી છે. પણ આ આત્માનુભવની વસ્તુ કોઈ કોઈ ને આપી શકતો નથી. અંદરથી જ એ ઊભી થાય—કેવળ ત્યારે જ, એ પ્રતીતિકર નીવડે! એટલા માટે આ જ્ઞાનને પ્રાજ્ઞ પુરુષો આપવાનો પ્રયત્ન કરતા જ નથી. અંદરની તૈયારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના એને આપનાર આપે, તો પણ લેનાર લઈ ન શકે !

'પણ આ વસ્તુને મેળવવા માટે, આ અનુભવની આંખી માટે, આંતરશુદ્ધિની આ કેડી માટે, જે કેટલાક નિયમો છે, તે હું તમને કહું.

'તમને ખબર છે કે, કોઈના ઉપર પણ, આધાર ન રાખવામાં મોટામાં મોટી આંતરશુદ્ધિ રહી છે. એટલા માટે પ્રાજ્ઞ પુરુષો ખેતરમાં પડેલા દાણા વીણી લેતા. અને પોતાનો વ્યવહાર ચલાવીને વળી એ સ્થળેથી બીજે સ્થળે ચાલ્યા જતા.

'પૈસાને પોતાનું સર્વસ્વ માનનારા જેમ પૈસાની નુકસાની સહન કરી શકે નહિ, તેમ આત્માને પોતાનું સર્વસ્વ માનનારા આત્મા લય થાય તેવું કાંઈ સહી શકે નહિ !'

'પણ ત્યારે શું દાન અને પોતાનું કર્તવ્યપાલન એ બન્ને જરૂરી નથી ?'

'એ બન્ને કરતાં પણ વધારે જરૂરી ત્રીજી જ વસ્તુ છે. દુનિયા પોતાની અસલ સાદાઈ ગ્રહણ કરે, કોઈનું દાન લેવાનો કોઈને વિચાર જ ન આવે, એવી જરૂરિયાતનું ભાન જ ન હોય, એ વધારે જરૂરી છે. દાન આપનારો એ દુનિયામાં કાંઈ ઘણો પ્રાજ્ઞ નથી. તેમ જ કર્તવ્યપાલનની ખાતર પણ, પોતાના ઉપર બીજા આધાર રાખતાં શીખે એવી હવા ફેલાવનારો, કાંઈ બહુ વિવેકી નથી. માણસજાતને માટે એની કુદરતી, કોઈના ઉપર પણ આધાર ન રાખનારી, એવી તદ્દન સાદામાં સાદી સાદાઈ જ જરૂરી છે. એવી સાદાઈ સ્થાપવા માટે યત્ન કરનારો માણસજાતને કાંઈક વધારે સારું આપી જાય છે.'

કોન્ફ્યુશ્યસ આ તદ્દન નવા જ્ઞાન ઉપર વિચાર કરતો ઘેર ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬] પરાપૂર્વથી ચાલતું આવે છે

જાતકકથાઓમાં એક વાત છે. બે જળમિલાડા એક નદીને કાંઠે રહે. તે બન્ને નદીમાં પડીને માછલીઓ પકડી લાવે. પણ કોણ જાણે કેમ કાંઠે આવતાં કાંઈક ભૂલ થઈ જાય, ને માછલીઓ પાછી પાણીમાં પડી જાય.

પછી બન્નેએ વિચાર કર્યો કે આ તો ખોટનો ધંધો થાય છે.

એટલે એમણે એમ નક્કી કર્યું કે એક જણાએ પાણીમાં પડવું, બીજાએ કાંઠે મૂકેલી માછલીઓને ભેગી કરી લેવી.

એ પ્રમાણે જુક્તિ કરતાં તો સારો એવો ઢગલો ભેગો થયો.

પછી બન્ને ભાગ પાડવા બેઠા.

એક જણાએ કહ્યું: 'તું ભાગ પાડ!'

બીજો કહે: 'ના ભાઈ! આપણાથી ભૂલ થઈ જાય!'

પેલાએ કહ્યું: 'તો શું મારાથી ભૂલ નહિ થાય?'

એટલે એ બે જણા તો ભાગ પાડવાને બદલે વિચાર-વાયુમાં ચડી ગયા. એટલામાં ત્યાં એક શિયાળ આવી ચડ્યું. તેણે કહ્યું: 'ભત્રીજાઓ! કેમ આમ વિચારમાં પડી ગયા છો?'

બન્ને જણાએ જવાબ વાળ્યો: 'અરે કાકા! અમે થોડી માછલીઓ પકડી પાડી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ભાગ પાડીને વહેંચી લો, ને આનંદ કરો!'

'પણ ભાગ કોણ પાડે? ભૂલ થઈ જાય તો?'

શિયાળે વિચાર કર્યો કે મારું આ તો આપણું કામ પાકે તેવું છે.

એટલામાં આ વાત બેહોબેહો એક કરચલો સાંભળે. કરચલા તરફ જરા ત્રાંસી નજર નાખીને, શિયાળ એક જળબિલાડા પાસે ગયું: તેને કહ્યું: 'ભત્રીજા! સાચું કહેજે હો! બોલ ભત્રીજા! આમાં તેં શું કામ કર્યું છે?'

'મેં?' પેલો સાચો થવા ગયો: 'મેં તો પાણીમાં ડૂબકી મારી. આ બધી માછલીને બીવરાવી. એટલે એમને આ કાંઠે લાવ્યો. એમને મારી આ મારા દોસ્તે! પણ બીવરાવી મેં. નહિતર એકે આ બાજુ ફરકત નહિ!'

'એ બરું ભત્રીજા! પણ પાણીમાં જનારને જોખમ ઓછું. જમીન ઉપર રહેનારને માણસની બીક. કોઈ બીજું જનવર ચડી આવે તો એની બીક. વખતે ગાડગાંબરાં પડે તો એની બીક. અને બધી માછલી આ કાંઠે ભેગી કરો, પણ મારનાર કોઈ હોય નહિ તો? એટલે પેલો તારો દોસ્ત, તને જે આપે તે તારે લઈ લેવું, એવી મારી સલાહ છે!'

પેલો જળબિલાડો કાંઈ બોલ્યો નહિ. એનું હૃદય બેસી ગયું હતું. પોતાની પાણીની બધી મહેનત પાણીમાં જતી હતી!

પછી શિયાળ બીજા જળબિલાડા પાસે ગયું. તેને કહ્યું: 'ભત્રીજા! જો કે તું તો સુક્કી જમીન ઉપર રાહ જોતો જ ઊભો રહ્યો હતો, ને બરી મહેનત તો પેલે બિચારે પાણીમાં પડીને કરી છે. પાણીમાં કરચલાં ચોટે, મગર હોય, ને વેલામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટવાય તો સો એ વરસ પૂરાં થઈ જાય, એટલે એણે કામ તો જીવને જોખમે કર્યું છે, એ તું પણ કબૂલ કરશે. એ આપે તે છાનોમાનો લઈ લે. અમસ્તી પણ મહેનત તો એની જ હતી!'

આ બીજો ભાઈ પણ અન્યાયનો માર સહન કરીને મૂંગો થઈ ગયો.

બન્ને આ પ્રમાણે મૂંગા રહ્યા, એટલે શિયાળે કહ્યું: 'આમ તમારા ભાગ પાડવા તો સહેલા છે. તમે મફતના મૂંઝાઓ છો!'

પછી શિયાળે ત્રણ ભાગ પાડ્યા. એકમાં માછલીનાં માથાં માથાં મૂકયાં. બીજામાં પૂંછડીઓ મૂકી. ત્રીજામાં બાકી વધેલો ભાગ મૂકયો. પછી એ બોલ્યોઃ

'જે જમીન ઉપર રહ્યો હતો તે પૂંછડીઓ ઉપાડી લે. જે પાણીમાં ગયો તે માથાં ઉપાડે. અને હું કારણ વિનાનો આંહીં ખોટી થયો, આટલી વારમાં તો કેટલા ય શિકાર મેળવી લીધા હોત, તે હું, આ વચ્ચેનો વધેલો ભાગ લઈશ. બસ? તમારું કોઈ રીતે પતતું હોય તો મને ભલે વચલો ભાગ મળતો!'

પછી શિયાળ પોતાની સુંદર લૂંટ ઉપાડીને પોતાની માની પાસે પહોંચ્યો.

ત્યારે એની માએ કહ્યું કે દીકરા! આવો માલ માલ કયાંથી લાવ્યો? માથું પણ નથી, ને પૂંછડી પણ નથી, વચ્ચેનો મલીદો જ છે. કોણે તને એ આપ્યો?

શિયાળે કહ્યું કે 'મા! દુનિયામાં ડાહ્યાઓ વસે છે, અતિ-ડાહ્યાઓ પણ વસે છે, ને મૂર્ખાઓ પણ વસે છે. તેમાંથી છેલ્લા બે, અતિડાહ્યાઓ ને મૂર્ખાઓ, મલીદા બીજાને આપવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાહ જોઈને જ બેઠા હોય છે!'

ત્યારે માએ કહ્યું: 'હે દીકરા! તું ખરો બહાદુર કે તેં અન્ને પક્ષને સંતોષ પણ આપ્યો, અને વળી માલ માલ તો તું લઈ આવ્યો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭] ચોમાસે રેલી ! ને ગર્વ થયો !

એક વખત ચોમાસામાં એક નદીમાં પૂર આવ્યું. ચોમાસું હોય એટલે પૂર તો આવે જ એમાં કાંઈ નવી નવાઈ ન હતી. પણ આ તો એવું પૂર આવ્યું કે ન પૂછો વાત. અનેક નદીનાળાં છલકાઈ ચાલ્યાં હોય કે ગમે તેમ થયું હોય પણ નદીમાં બે કાંઠામાં કયાંય પાણી માય નહિ એવું થઈ ગયું.

અને કાંઠાની બહાર નીકળેલાં પાણીએ તો એક મોટો મહેરામણ સરજી દીધો !

પોતાનું આવું રૂપ જોઈને એ વખતે નદીને અભિમાન આવ્યું કે ઓહોહો ! મારાં તો કાંઈ પાણી છે ! બધે જળબંબાકાર થઈ ગયું છે ને ! ધરતીને મેં કયાંય રહેવા દીધી નથી ! મારામાં આવું અમાપ બળ છે, એની તો મને ખબર પણ નહિ ! એમ ને એમ ગર્વ કરતી : નદી તો સમુદ્ર સુધી પહોંચી ગઈ !

પણ જ્યાં સમુદ્રને જોયો અને એનું અભિમાન તો હવામાં ઊડી ગયું !

ત્યાં એણે જોયું કે જળ જળ ને જળ સિવાય બીજું કંઈ નજરે જ ચડતું નથી ! ધરતી આખીને ઢાંકીને જળ-બંબાકાર વિસ્તરેલો, સેંકડો જોજનમાં પથરાઈ ગયેલો, એક મહાન જળરાશિ ત્યાં હતો ! ત્યારે નદીને ખબર પડી કે એના કરતાં હજારગણું વધારે સામર્થ્ય કયાંક છે ખરું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે હાથ જોડીને એણે સમુદ્રને કહ્યું કે આપના મહાન રૂપને કોઈ પહોંચે નહિ !

સમુદ્રને એણે અભિનંદન આપ્યાં !

ત્યાં એક નવું આશ્ચર્ય થયું. સમુદ્ર પોતાની મહત્તાની વાત સાંભળીને ક્ષોભ પામી ગયો લાગ્યો. તેણે વળી એને એક નવો જ માર્ગ બતાવ્યો.

સમુદ્રે કહ્યું : 'અરે ભાઈ ! આ જળરાશિ તો શું છે ? એવા એવા સમુદ્રો પડ્યા છે કે જેમાં હું ને તું બન્ને જલબિંદુમાં ગણાઈએ !'

નદીના ગર્વને સમુદ્રે ગર્વ કરીને નહિ, પણ પોતાની વિનમ્રતા બતાવીને ટાળ્યો, એ કથા જાણકારોમાં ઘણી પ્રસિદ્ધ છે.

એ ઉપરથી શેર ઉપર સવાશેરની કહેવત ઊભી થઈ છે.

પ્રાજ્ઞ પુરુષો આ કથા ટાંકીને વારંવાર કહે છે કે સત્યનું પણ એવું છે. સત્યનો ભારે મોટો દાવો કરનાર પાસે જે સત્ય હોય, તેના કરતાં વધારે વ્યાપક ને વધારે સાચું સત્ય બીજું પણ હોઈ શકે !

એટલા માટે જે વારંવાર સત્ય જાણવાનો દાવો કરે છે, એને ઉપનિષદકારે અસત્યનો પૂજારી કહ્યો છે !

સત્યનો પૂજારી તો તે છે જે વધારે પ્રકાશ માટે પ્રાર્થના કરતાં કોઈ દિવસ થાકતો નથી.

અને જાણે છે કે એવી રીતે કોઈક દિવસ સત્યની ઝાંખી થશે ! કારણ કે એ જાણે છે કે સત્ય આખું કોઈને કોઈ દિવસ મળતું જ નથી !

કારણ કે એ અને ઈશ્વર કોઈ દિવસ જુદાં પડતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮] તાલીમની પૂર્ણતા !

એક માણસ કૂકડાઓને લડાયક રીતે તૈયાર કરવાનું કામ કરતો હતો. એક વખત એક જણે એને એ કામ સોંપ્યું. એણે સરસ કૂકડા એ માટે તૈયાર કરવા માંડ્યા.

આઠેક દિવસ થયા એટલે પેલાએ પૂછ્યું: 'કૂકડા તૈયાર થઈ ગયા ?'

'ના ભાઈ ! હજી તો તૈયાર થયા નથી !'

'કેટલોક વખત લાગશે ?'

'બીજા આઠ દિવસ !' તેણે જવાબ વાળ્યો.

બીજા આઠ દિવસ ગયા એટલે એણે પૂછ્યું: 'કેમ હવે તો તૈયાર થયા હશે ના ?'

'તૈયાર થયા છે પણ બરાબર નહિ, ટક્કરમાં હોય ત્યારે, બીજા કૂકડાનો અવાજ સાંભળતાં ગુસ્સે થઈ જાય છે. ત્યાં સુધી એ તૈયારી ન કહેવાય. હજી આઠેક દિવસ થોભો !'

વળી પેલો આઠેક દિવસ થોભ્યો. પછી ખબર કાઢવા આવ્યો.

રમતના ઉસ્તાદે જવાબ વાળ્યો: 'હજી નહિ સાહેબ ! હું તમને એવા જોદ્ધા આપવા માગું છું કે સંગ્રામ એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું એનો તમને બરેબરો ખ્યાલ આવી જાય. હજી આઠેક દિવસ થોભો. હવે એ બીજા કૂકડાનો અવાજ સાંભળતાં ગુસ્સે થઈ નથી જતા એ બરું, પણ પોતાના પડછાયાથી ભડકી જાય છે!'

વળી આઠ દિવસ જવા દઈને પેલો આવ્યો.

પેલાએ ડોકું ધુણાવ્યું: 'હજી નહિ. તમારે મન એ બે ઘડી, રમતની–શોખની વાત છે. મારે તો એમની જાતમાં રહેલ ઊંચામાં ઊંચા બમીરનું ઉન્નતમાં ઉન્નત શૃંગ જોવું છે! હજી નહિ, હજી એ, એક બીજાને જોતાં જરાક ક્ષોભ પામે છે. સીધા લડાઈના મેદાનમાં પડતા નથી! ક્ષોભ પામે છે તો એક કે બે પળ—પણ એ બે પળ તો આખા જુદ્ધનું નિર્ણયાત્મક પલ્લું પોતાના હાથમાં રાખે છે. સેનાપતિઓ જુદ્ધો જીતે છે તે કાંઈ દિવસોના યુદ્ધ પછી નહિ—એક બે પળના નિર્ણય પછી.'

પણ મોજશોખ માટે કૂકડાની માગણી કરવા આવેલો માણસ આ ઉત્તર સાંભળતાં હવે વિચારમાં પડી ગયો લાગ્યો: એના મનમાં થઈ ગયું: 'ઓ હો હો! દુનિયાનું કોઈ કામ એવું નથી, જે માણસને દેવ જેવો થતાં રોકી શકે! આ કૂકડા પાળનારાને હું તો નાચીજ માનતો હતો! પણ એણે તો આમાંથી જીવનઘડતરની બેહદ તાલીમ મેળવી લીધી છે!'

પેલા ઉસ્તાદે એને વિચારમાં પડેલો જોઈને પ્રશ્ન કર્યો: 'શું વિચાર કરો છો સાહેબ! બહુ દિવસો થયા એમ?'

'એમ તો નહિ, પણ આમ, કે, આ વાતમાં પણ આટલી બધી ખૂબી રહી છે!'

'આ વાત એટલે? આ વાત સાહેબ! તમારે મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાચીજ હશે. અમારે ત્યાં તો સાત સાત પેઢીથી સચવાયેલુ એ ઘરેણું છે. એની નકશી મારે હાથે ન બગડે, મારે પહેલુ એ જોવાનું છે. મારા આપેલો જુદ્ધ કૂકડો કેદ્યાંય હારે—ત્યારે એ કૂકડો નથી હારતો—હું હારું છું! અને હું પણ નથી હારતો, મારી સાત પેઢી હારે છે!'

અને તેણે તાલીમ માટે વધુ એક અઠવાડિયાની મુદ્દત માગી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय
गुरुकुल कांगड़ी

[૯] કાંઇ જ નિરુપયોગી નહિ

એક વખત એક માણસ એક કઠિયારા પાસે આવ્યો.

એ માણસના ખેતર પાસે, રસ્તા ઉપર એક ઝાડ ઊગ્યું હતું.

એ એટલે મોટું હતું કે ન પૂછો વાત. પણ એવું નકામું હતું કે એનાથી એ ત્રાસી ગયો હતો.

તેણે કઠિયારાને કહ્યું: 'ભાઈ! એ ઝાડ તું જોઈ જા. અને તને પણ ખાત્રી થશે કે બળતણ સિવાય બીજો કોઈ જ એનો ઉપયોગ નથી!'

બધે કુહાડો લઈને કઠિયારો એની સાથે ચાલ્યો.

ત્યાં જઈને જુએ છે, તો ખરેખર, એને પોતાને પણ નવાઈ લાગી. આટલું મોટું ને છતાં નિરર્થક એવું કોઈ ઝાડ એણે કોઈ દિવસ ક્યાંય જોયું હોય એમ એને સાંભર્યું નહિ!

એટલું મોટું હતું, છતાં એમાંથી એક પાટિયું પણ સાજું નરવું મળે તેમ ન હતું!

ડેંકડો ડાળો હતી, છતાં એમાંથી એક નાનકડો કટકો પણ કામ લાગે તેવો નીકળે તેમ ન હતું!

કઠિયારો તો એનું આ કઢંગું રૂપ જોઈને હસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યો! એણે કાંઈ નહિ તો પાંચ પચીસ હજાર ઝાડ જિંદગીમાં પાડી નાખ્યાં હશે. પરંતુ એમાં પણ આવું કુરૂપ ને કઢંગું ઝાડ એણે કોઈ દિવસ જોયું ન હતું!

મોટું પાર વિનાનું—પણ આખું ય નિરર્થક!

જાણે કે પોતાનું કોઈ અંગ કોઈને ક્યાંક ઉપયોગમાં આવી ન જાય એની ચિંતામાં જ એ રાત દિવસ પડ્યું હોય!

બન્ને જણા આ ઝાડની નિંદા કરતા ત્યાં ઊભા હતા, એટલામાં કોઈ એક સાધુ એ રસ્તે નીકળ્યો.

એણે એમની વાત સાંભળી અને એ ત્યાં થોભી ગયો.

એણે ધીમા શાંત મધુર અવાજે એમને કહ્યું: 'જુઓ ભાઈ! તમે સમજો તો આ બધી કુદરતમાં એક તણખલું પણ ક્યાંય નકામું નથી. એક પાન ખરી પડે છે અને તમને જિંદગીની કેટલી બધી અણમોલ વસ્તુ એ આપી જાય છે! આપણી પોતાની અશક્તિ હોય, અને આપણે ન સમજીએ તો જુદી વાત છે; બાકી આ ઝાડ મને એવા માણસનું સ્મરણ કરાવે છે કે, જેની મોટી કાયામાં, અનેક દુર્ગુણો છૂપાયા હોય! પણ તેથી એ એમ પણ બતાવે છે કે, નાના નાના અસંખ્ય દુર્ગુણો માણસમાં આવી રીતે જ વસી રહે છે! આજે જેમ તમે આનું બળતણ કરીને એનો પણ ઉપયોગ છે, એમ સિદ્ધ કરો છો, બરાબર એ જ રીતે, જાણનારાઓ જાણે છે કે, દુર્ગુણોનો માણસ માટે જેવો તેવો ઉપયોગ નથી!

'એમને બાળવામાં આવે તો એ જીવનને જેવી તેવી હૂંફ નહિ આપે! આ કઢંગું ઝાડ કુદરતે એટલા માટે આપ્યું છે કે લોકો પોતાના દુર્ગુણોને ધિક્કારે નહિ; એનાથી ત્રાસે પણ નહિ; એને બાળતાં શીખે! તો એ પાવક અગ્નિ હૂંફ આપે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને જણા સાધુની આવી વાણી સાંભળીને ઝાડની નિંદા કરતા બંધ થઈ ગયા !

આપણને વસ્તુમાંથી વસ્તુત્વ મળતું નથી કારણ કે આપણે નિંદામાં પડી જઈએ છીએ. બાકી તો એક પાંદડું પણ કોઈને કાંઇ વાત આપી જાય છે !

પછી સાધુ રવાના થઈ ગયેા. અને પેલા બે જણા શાંત મને પેાતાના કામે વળગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦] એક રૂપક કથા

એક વખત એક હાથીની મૂર્ખાઈ ઉપર દેવતાઓ હસ્યા તે વાત સાંભળવા જેવી છે. આ હાથીઓના મોટા ટોળામાં એક હાથણી હતી. આ હાથી એના પ્રેમમાં પડ્યો. પણ જૂના વખતથી જ પ્રેમ અદકપાંસળીનો ગણાય છે, એટલે હાથણી બીજાના પ્રેમમાં પડી! અને થયો નવલકથાનો પ્રેમત્રિકોણ!

હવે આ બીજા હાથીએ હાથણીને કહ્યું કે આપણે આને સૂતો વેચીએ!

હાથણી કહે એ જાગતો હોય તો એને કોઈ સૂતો વેચી શકે નહિ. એ તો આખું જંગલ ખૂંદી કાઢે. પણ એને લાંબા વખત સુધી કોઈ મૂર્ખાઈભરેલું સ્વપ્ન આપવામાં આવે, તો એ સૂતો રહે ને આપણે બીજે સ્થળે ભાગી છૂટીએ!

પણ હવે સવાલ થયો કે આવું સ્વપ્નું કાઢવું ક્યાંથી?

સાચાં સ્વપ્નાં મોંઘાં હોય છે. ને ખોટાં સ્વપ્નાં તો તરત કપાઈ જાય છે.

એટલે હોય ખોટાં, પણ લાગે સાચાં, એવાં સ્વપ્નાંની શોધ કરવી રહી!

અંતે એવું એક સ્વપ્નું મળી ગયું. બન્નેની સમક્ષ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દ્વોઢડાહ્યા પાસે વાત મુકાવી કે, જુઓ ભાઈઓ ! તમે બન્ને છો ડાહ્યા ! એક કામ કરો. તમારા બેમાંથી જે વધુ મજબૂત હોય તે જંગલનો સ્વામી ગણાય ને હાથણીનો પણ એ જ સ્વામી થાય.

'પણ આ માટે તમારે લડવાની જરૂર નથી.

'આંહીં પડખે એક સુંદર સરોવર છે, તેમાં તમે બન્ને ડૂબકી મારો.

'જે પાણીમાં વધારે ઝાઝો વખત રહી શકે એ મજબૂત !'

'કબૂલ ! કબૂલ !' બન્ને હાથીને આ દ્વોઢડાહ્યાની વાત ગમી ગઈ !

પછી એ દ્વોઢડાહ્યો ને પેલી હાથણી ને પેલા બન્ને હાથીઓ, એ આખો સંઘ સરોવરકિનારે ગયો.

દ્વોઢડાહ્યાએ એક બે ને ત્રણ કર્યું. તરત બન્ને હાથી પાણીમાં અદૃશ્ય થઈ ગયા. જરાક ટેરવું દ્વેખાય તે માફ !

હવે પેલો હાથી જે આ વાતને સાચી ગણતો હતો, તે મંડ્યો, મનમાં ને મનમાં મૂર્ખાઈભરેલું સ્વપ્નું માણવા ! એણે તો પાણીમાં રહ્યાં રહ્યાં, હાથણી સાથે ફરવાનાં જંગલનાં વિનોદસ્થાનો ને રમણીય જગ્યાઓ ને એવાં એવાં કંઈ સ્વપ્નાં મનમાં ને મનમાં ઘડી કાઢ્યાં.

અને પોતાની જીત સિદ્ધ કરવા માટે પાણીમાં વધારે વખત કેમ રહેવાય એની ગડમથલમાં એ પડી ગયો !

પણ પેલો જે બીજો હાથી હતો, તે તો જાણતો જ હતો કે, આ બધી તો માયા છે. એટલે એ તો તરત બહાર નીકળ્યો ને હાથણી સાથે રવાના પણ થઈ ગયો.

આ બાજુ પેલા ભાઈ પાણીમાં રહીને થાકયા, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર નીકળ્યા. પણ જોયું તો પોતાના હરીફ હજી બહાર આવ્યા ન હતા!

એટલે એને લાગ્યું કે એ હજી પણ પાણીમાં હોવો જોઈએ!

એ પણ પાછો તરત પાણીમાં ચાલ્યો ગયો. મનમાં માન્યું કે આટલી ગલતી કોણ જોંધવા બેઠું છે?

એમ ને એમ ખૂબ વાર થઈ ને પછી તો ભાઈ ખરેખર થાકયા, એટલે બહાર આવ્યા! પણ જુએ છે તો ત્યાં કેવી હાથણી ને કેવી વાત!

એટલે તો થઈ ગયા રાતાપીળા. એને લાગ્યું કે પોતે સૂરણ બન્યા છે. એટલે માંડ્યા સરોવર ખૂંદવા—પણ એમાં ઘાણ તો બિચારાં દેડકાંનો ને માછલાંનો ને જળકૂકડી બતકનો. ને કાચબાનો નીકળવા મંડ્યો!

એ જોઈને દેવતાઓ હસી પડ્યા ને બોલ્યા: 'આ. તો જુઓ! પોતે પોતાના મૂર્ખાઈભરેલા સ્વપ્નામાંથી વહેલા જાગ્યા નહિ, અને હવે સાચી વાતને સમજવાને બદલે, મંડ્યા છે આ સરોવર ખૂંદવા! ને હાથણીને બીજે ઉપાડી ગયો—એટલે માંડ્યા છે બિચારા કાચબા—માછલાંને કચરવા!'

ત્યારે આ દુનિયામાં બધે આવી વાત છે!

દુઃખે પેટમાં ને ફૂટે કપાળ એવું હાલે છે!

દોઢડાહ્યાઓ બતાવે આંકડા એમાં લંગાતું જાય કાયદારાજ ને મરો થાય કાચબા—માછલાંનો!

સમજે તો રૂપક કથા છે: ને નહિતર વિનોદવાર્તા તો છે જ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧] બે ત્રણ પ્રસંગો

[૧]

શાકલ્ય અને યાજ્ઞવલ્કયનો એક સંવાદ બહુ સમજવા જેવો છે. શાકલ્યે યાજ્ઞવલ્કયને પૂછ્યું: 'હે યાજ્ઞવલ્કય! પૂર્વ દિશામાં દેવ કોણ?'

આ સવાલનો જવાબ તો સૌ કોઇ આપી શકે કે પૂર્વ દિશામાં સૂરજ ઊગે છે, અને આપણે પ્રભાતે એ તરફ જોતાં આનંદ પામીએ છીએ, માટે એ દિશાનો દેવતા સૂરજ છે. પણ પછી શાકલ્યે એમ પૂછ્યું કે આ સૂરજને આધાર શેનો?

અને યાજ્ઞવલ્કયે ઘણો જ સમજવા જેવો ઉત્તર આપ્યો: 'એક હજાર સૂરજ એકી સાથે પ્રગટે, પણ માણસની આંખ ફૂટી ગઈ હોય તો? બધું ય કાળું ધબ! માટે સૂરજનો પણ આધાર આપણી આંખ. હવે આ આંખ પણ જો વિવેકહીન હોય, ધારો કે કોઈ માણસ ગાંડો થઈ ગયો છે, તો એની આંખ શું જુએ? કાંઈ જ નહિ! એને રૂપ-અરૂપ કોઈનું ભાન નથી. માટે આંખનું કામ એ કે એ સુંદર—અસુંદરનો વિવેક રાખે, તો એનું જોવું એ જોવું ગણાય. પણ આંખ, જે રૂપ જુએ છે, તે કાંઈ પોતાના બળથી જોઈ શકતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે માણસો હોય, બંનેને આંખો હોય, બંનેની આંખો સારી હોય, છતાં એક જણો જ્યાં સુંદરતા જોઈને રાચે, ત્યાં બીજો એ પ્રમાણે ન રાચે! એટલે એને આનંદ નહિ મળે! તો એ વાંક કોનો? આંખનો? ના. ત્યારે કોનો? કોઈનો નહિ. આંખને જ્યાંથી બળ મળે છે, જેના વડે આંખમાં રૂપ જોવાની શક્તિ આવે છે, તે હૃદય ઉપર આ રૂપ—અરૂપનો આધાર છે. કારણ કે રૂપ પદાર્થમાં રહેતું નથી. સૂર્યના પ્રકાશમાં પણ રહેતું નથી. એ તો માણસના હૃદયમાં વસે છે. હૃદયમાંથી અમૃત ઝરે—એટલે રૂપ ઊભું થાય. એના એ હૃદયમાં વિષ હોય તો રૂપ ઊડી જાય. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ આનું નામ. આમાંથી સમજવાનું એ છે કે સંસારમાં મોટી જણાતી વસ્તુઓનું, આપણે જેને મોટી માનીએ છીએ તે વસ્તુઓનું, ખરું મહત્ત્વ, આપણા પોતાના મન ઉપર આધાર રાખનારું છે.

[૨]

એક વખત ભગવાન તથાગતે પોતાના શિષ્યોને એક અદ્‌ભુત જાદુગર બતાવ્યો. એ જાદુગર કંદુકનો ધારેલો ઘા કરી શકતો હતો. ધાર્યું નિશાન પડવાનું છે જ—એવી અજબ શ્રદ્ધા એની આંખમાં, મોંમાં, હલનચલનમાં, ગતિમાં—બધે રહેતી હતી! અરે! એનો કંદુક પણ એની પાસેથી છૂટ્યા પછી જાણે એની એ શ્રદ્ધાને પોકારતો જતો હતો!

ભગવાન તથાગતે કહ્યું: 'શિષ્યો! આ માણસની પાસે જીવતડલા છે, તેમાંથી કીડે? તો એનો આ કંદુક

CC-0. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને વશવર્તી છે. આપણું મન આપણી આંખ દ્વારા બહાર જાય છે, પણ પછી એ આપણું કહ્યું માનતું નથી. એ પોતાની સૃષ્ટિ લઈ આવીને, ઊલટા આપણને, એના દાસ બનાવી દે છે! એટલા માટે હું કહું છું, જીવનકલા એ છે—જે બહાર અને ગમે ત્યાં હરે ફરે—છતાં એનો દોર આપણા મનમાં હોય: ને મન આપણા હાથમાં હોય.'

[૩]

એક વખત ભગવાન તથાગતે કહ્યું: 'ગુરુઓ પણ ત્રણ પ્રકારના છે. કેટલાક એવા હોય છે, જેમને દિવ્ય શક્તિની પ્રાપ્તિ થાય છે, પણ પછી એ શક્તિ એમને પૃથ્વીનો સ્પર્શ જ ભુલાવી દે છે. એ જાણે કે એટલા ઉત્તુંગ રીતે અસ્પૃશ્ય બની રહે છે—કે દુનિયાને એમની પાસેથી હવા વિના બીજું કાંઈ જ ન મળે!

'બીજા પ્રકારના ગુરુઓને દિવ્યશક્તિની પ્રાપ્તિ થાય છે અને એ પૃથ્વીનો સદ્ધંતર સ્પર્શ છોડતા પણ નથી, પણ જીવનની અનેક આંટીઘૂંટી, નબળાઈઓ, શંકાઓ, પ્રશ્નો, ભરતી ઓટ એમાંથી માણસ શી રીતે રસ્તો મેળવે, એ આખી કેડીનો એમનો અભ્યાસ ભાગ્યે જ સામાન્ય માણસને ઉપયોગી નીવડે છે. એમણે ફણીધરના મોંની પેઠે મનને પહેલેથી પકડી લીધું હોય છે. એટલે આ સામાન્ય નબળાઈઓ તરફ એમનું ધ્યાન જ ગયું હોતું નથી. આ ગુરુઓ પણ સામાન્યો માટે કોયડા જેવા જ રહેવાના છે.

'કેવળ ત્રીજા પ્રકારના ગુરુઓ, જેમણે એકડે એકથી ઊંચું શિખર જોયું છે, એ સામાન્ય જનોની તમામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલીઓનો રાહ જાણે છે. બીજી રીતે, પેલા બન્ને વર્ગના ગુરુઓ સાથે છતાં, આ ત્રીજો વર્ગ, લોકકલ્યાણપંથ માટે અરેખરો મહત્વનો છે, કારણ કે રસ્તા કયાં ને કેમ જુદા પડે છે, એ એ જાણે છે. અને જેટલું એ જાણે છે, તેટલું સમજાવવાની એમનામાં ધીરજ પણ હોય છે. આ જીવનસંગ્રહી મહાન વિચારકોને ચરણે રહીને જીવન ઘડી શકાય.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨] સીધાં ચઢાણ

એક જુવાન માણસ હતો. લંડન શહેરમાં ભટકતાં ભટકતાં એને લેખક થવાની મહત્ત્વાકાંક્ષા જાગી.

પણ કુદરત એની વિરુદ્ધ હતી. એને મળેલી કેળવણી માત્ર નામની જ કેળવણી હતી. એનો બાપ તો દેવાદાર હતો. અને દેવું ન ભરવા માટે જેલમાં ગયો હતો. આ જુવાનને ભૂખે મરવાના દિવસો પણ અવારનવાર આવ્યા કરતા હતા!

પણ છેવટે, એણે ગમે તેમ કરીને, પેટને પોષણ તો આપવાનું જ રહ્યું.

એટલે એક ઠેકાણે શીશીઓને 'લેબલ' લગાડવાનું કામ કરીને એ પોતાનું 'પેટિયું' કાઢવા મંડ્યો!

પણ એનું મહાન સ્વપ્ન એને શેનું આરામ લેવા દે? એટલે આ કામમાંથી પરવાર્યા પછી પોતાને જેવું આવડે તેવું એ લખવા મંડ્યો.

એના જેવા જ બીજા બે છોકરાઓ એની સાથે રહેતા હતા. એ હતા અટકચાળા. એટલે રાતે જ્યારે બધા સૂઈ જાય ત્યારે એ છાનો છાનો પોતાની વાર્તાઓ લખે. એને મોટામાં મોટી બીક એ હતી કે જો કોઈ દેખી જાશે તો એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મશ્કરી થાશે! એટલે એ છાનો છાનો વાર્તાઓ લખે—ને તંત્રીઓને મોકલે.

પણ બીજે જ દિવસે એની વાર્તા એને પાછી મળે! કોઈ રાખે નહિ!

પણ છેવટે એક દિવસે એક જણાએ એ છાપવા રાખી. અલબત્ત એની એક પાઈ પરખાવી નહિ, પણ છાપવાની મહેરબાની કરી.

આટલા જરા જેટલા ઉત્તેજને એને જાણે નવો માણસ જ બનાવી દીધો. અને એ પણ ત્યાર પછી, પોતાનો અનુભવ—નિચોડ અદ્‌ભુત રીતે આપતાં શીખી ગયો.

આ માણસ તે બીજો કોઈ નહિ—ઇંગ્લંડનો સૌથી પ્રખ્યાત નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ! આનું નામ સીધાં ચઢાણ!

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩] સ્વરનો મહિમા

એક વખત એવું બન્યું કે એક માણસ પોતાના ઘર પાસે સહેજ બહાર ઊભો હતો. વહેલી સવાર હતી અને હજી રાહદારીઓની અવરજવર શરૂ થઈ ન હતી. એટલામાં એક આશ્ચર્યકારક ઘટના બની. સામેથી કોઈ માણસ હાંફળો-ફાંફળો દોડતો આવ્યો. હજી તો આ ઘર માલિક, એ કોણ છે એમ પ્રશ્ન પૂછે, તે પહેલાં તો, પેલો ઘરમાં જ પેસી ગયો! ઘર-માલિક તેની પાછળ દોડયો. એ પોતે ઘરમાં એકલો જ રહેતો હતો. એને બીક લાગી કે વખત છે ને આ માણસ કોઈ ધાડપાડુ હશે!

પણ જેવો એ અંદર ગયો કે ઉપર જવાના દાદર પાસે જ પેલો માણસ એના પગમાં પડી ગયો. એણે બે હાથ જોડીને કહ્યું: 'કોઇ રીતે મને બચાવો! હું તમારો ઉપકાર કદી પણ નહિ ભૂલું. અને હવે કોઈ રીતે મને બચાવો! મારી પાછળ પોલીસ પડેલી છે! એક પળનો પણ વખત રહ્યો નથી!'

પેલા માણસને દયા આવી. એણે ધીમેથી પોતાના ઘરનું બારણું બંધ કરી દીધું. રસ્તો શૂન્ય થઈ ગયો. થોડી વાર પછી પાછળ પડેલી પોલીસનો ગડબડાટ સંભળાયો. પણ આગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેરીને શૂન્ય જોઈ ને સહભાગ્યે એ શંકા વિના આગળ વધી ગયા. પેલો માણસ પકડાતાં બચી ગયો.

ઘરમાલિકે પછી એ કોણ છે ને એણે શું ગુનો કર્યો છે એ જાણવા માટે પ્રયત્ન કર્યો.

પણ ભીંત બોલે તો પેલો માણસ બોલે !

એણે બહુ બહુ મહેનત કરી, પણ પેલા ભાઈ તો બોલે કે કારવે !

હવે તો આ માણસ એને માટે એક કોયડારૂપ થઈ પડયો. ઘરધણીને બીક પણ લાગી. પોતે એકલો જ હતો. આ કોઇ ભયંકર ગુનેગાર હોય ને એની શોધખોળ એને આંગણે આવી ચડે, તો એ વસ્તુ એને માટે બતરનાક હતી. એને આમ રાખવો એ પણ જોખમભર્યું હતું. એને કાઢી મૂકવો એ પણ આફત વહોરવા સમાન હતું ! એનું હવે શું કરવું એ એક પ્રશ્ન થઇ પડયો.

પેલો માણસ પણ આ ઘર છોડવા ખુશી ન હતો. એ બધું કામકાજ કરતો. પાળેલા કૂતરાના કરતાં પણ વધારે તાબેદારીથી ઘરધણીની ઇચ્છા જાણી લેતો. ઘરધણીને છેવટે લાગ્યું કે પોતે એકલો છે, આ પેટવડિયા નોકર મળી ગયો છે તો ભલે પડયો રહે ! માત્ર એક જ વસ્તુ એ નોકર કોઈ દિવસ કરતો નહિ. ઘરની બહાર પગ મૂકવાની વાત આવે તો એ ધ્રૂજી ઊઠતો. એટલે ઘરમાલિકે પણ એને બહારનું કામકાજ સોંપવું નહિ એવો નિશ્ચય કર્યો.

આ ઘરમાલિકને શોખમાં શોખ એક જ વસ્તુનો.. પિયાનોનો. એ પોતે અચ્છો વગાડનારો હતો. અને જ્યારે સ્વરોને હવામાં રમવા મોકલતો, ત્યારે પળ બે પળ વાતાવરણને સ્વર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમ્ય બનાવી દેતો ! સાંભળનાર એ સાંભળે ને પોતાને ભૂલી જાય ! એવો અજબ કાબૂ વાજિંત્ર ઉપર એ ધરાવતો હતો; અથવા ખરી રીતે તો વાજિંત્ર એના ઉપર કાબૂ ધરાવતું હતું ! બાકી એને એકલારામને બીજી કોઈ ઉપાધિ વળગી જ ન હતી !

એક દિવસની વાત છે. આષાઢીમેઘનાં વાદળાં, ગગનાંગણમાં, પોતાની ગાઢનિદ્રાનું સ્વપ્નકાવ્ય ફેલાવી રહ્યાં હતાં. અને વીજળીએ એ કાવ્યનું રેખાંકન આદર્યું હતું ! પૃથ્વી ભવ્ય લાગતી હતી અને આકાશ ભયંકર લાગતું હતું ! માણસના દિલમાંથી ઊર્મિઓના સાગર ઊછળે એવી અજબમોહિની હવામાં હતી !

એ વખતે આ પિયાનાવાળો પોતાની સઘળી હૃદયસમૃદ્ધિ ત્યાં ઠાલવીને એક મનોહારી સૃષ્ટિ ઊભી કરી રહ્યો હતો !

જેમ જેમ એ આગળ વધતો ગયો તેમ તેમ એ સૃષ્ટિના રંગોએ ઇન્દ્રધનુની મોહિની ધારણ કરી !

પછી એ સ્વર, સ્વર ન રહ્યા. પણ હૃદયને, ઊર્મિને, મનને, બુદ્ધિને, અહંકારને તમામને શાંત સ્વપ્નહિંડોળે હીંચકાવીને માણસના પ્રાણ જાગ્રત કરે તેવા અનાદિ અનંત વૈવી એવા આકાશધ્વનિ બની ગયા !—જાણે કે કોઈ માણસ પાસેથી કે કોઈ વાજિંત્ર પાસેથી એ ધ્વનિ આવતા જ ન હોય !

પિયાનાવાળાએ જ્યારે પિયાનાને પાછો એની ગુફામાં મોકલી દીધો ત્યારે રાતના બેના ટકોરા પડ્યા !

હમેશના નિયમ પ્રમાણે એ ધીમે ધીમે ઉપલા ખંડના દાદરથી નીચે ઊતરી રહ્યો હતો ! આજ એણે જે સ્વરો ઊભા કર્યા હતા એનાથી એ પોતે અજબ જેવી આત્મતૃપ્તિ અનુભવી રહ્યો હતો. એક વખત એણે પોતાના આખાયે જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તણાવ્યા હતા, અને ઉડાઉ છોકરાનો વેશ ભજવ્યો હતો. આજ એણે ગીતમાં એક ઉડાઉ છોકરાને, બાપના સાન્નિધ્યમાં પાછો આવતો ખડો કર્યો હતો. કદાચ એટલા માટે, એના પોતાના જીવનના પ્રતિધ્વનિ જેવા આ સ્વરોએ, એને આત્મતૃપ્તિના આનંદનો અનુભવ આપ્યો હોય!

એ ધીમેધીમે ઊતરી રહ્યો હતો, પણ દાદરના ચારપાંચ પગથિયાં રહ્યાં અને થંભી ગયો!

દાદરને છેડે બેહું બેહું કોઈ ઘૂસકે ઘૂસકે રડી રહ્યું હતું!

એના આશ્ચર્યનો પાર રહ્યો નહીં! ભીંતના જેવો જે જડ જણાતો હતો, કોઈ દિવસ માથું હલાવવા સિવાય બીજો કોઈ પ્રત્યુત્તર જેની પાસેથી મળતો ન હતો, તે પેલો, એનો પરાણે બનેલો નોકર, ત્યાં રડી રહ્યો હતો!

એ એકદમ નીચે આવ્યો. એણે એના બભા ઉપર હાથ મૂક્યોઃ 'શું છે અલ્યા? કેમ રડે છે? શું છે?' એણે એને પૂછ્યું. હજી સુધી આ નોકરને 'અલ્યા' સિવાય બીજું કોઈ નામ પણ એ આપી શકયો ન હતો. એટલું બધું યંત્રવત્ જડત્વ આ માણસમાં એણે જોયું હતું. એટલે એને આમ અચાનક રડતો જોઈને એ છક્ક થઈ ગયો હતો!

'શું છે અલ્યા! શું છે? કેમ રડે છે?' તેણે ફરી ફરીને પૂછ્યું.

'હું, .. હું... હું...' પેલો માણસ એના પગ પાસે પડી ગયો હતો. તેણે ધરતીમાં માથું ઢાળી દીધું. તે બોલી રહ્યો હતોઃ 'મેં... મેં... મેં... મારા બાપનું ખૂન કર્યું છે, ને હું ભાગ્યો છું!'

એકદમ ન સમજાય તેવા એના શબ્દો પકડાતાં ઘરધણી ધરતી સાથે જ જડાઈ ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્રપરિધાન

કાલે એક અજાણ જેવું સ્વપ્નું મને આવ્યું. કોઈ દિવ્ય પુરુષ જાણે મારા કાનમાં કહી રહ્યો હતો: 'જે વસ્ત્ર તજે છે, એનો જ દેહ અમર **બને** છે!'

એટલું બોલીને એ અદૃશ્ય થઈ ગયો. પણ એના એ એક વાક્યે મને વિચારસાગરમાં નાખી દીધો. 'વસ્ત્ર તજનારનો દેહ અમર **બને** એટલે શું? વસ્ત્રને, દેહને અને અમરત્વને, શું સંબંધ?'

એનો કોઈ ઉકેલ મને મળ્યો નહિ. જેમ જેમ મનોમંથન કર્યું તેમ તેમ ઊલટો ગૂંચવાડો વધતો ગયો.

એક દિવસ એ જ દિવ્ય પુરુષ ફરીને દેખાયો. તેણે કહ્યું: 'કેમ હજી એ વાતને તમે સમજી શક્યા નથી?'

મેં કહ્યું: 'એમાં મને કોઈ અર્થ દેખાતો નથી'

તેણે કહ્યું: 'ત્યારે જુઓ, એનો અર્થ હું બતાવું! વસ્ત્ર એટલે તમારું ઉપરટપકેનું જીવન. એ જે વારંવાર તજે ને નવું ધારણ કરતો રહે, એનું જીવન ખરા અર્થમાં જીવન બને. એટલે એ એનું થઈને રહે. બાકી તમામ વાત ખોટી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ એ શી રીતે બને?' મેં કહ્યું.

'એક જ રીતે,' એણે જવાબ વાળ્યો: 'જે જીવનને જડ સમજે છે તે એમાં કરવા લાયક ફેરફારને આવકારી શકતો નથી. જે એને ચેતન સમજે છે, એ તો એવો ફેરફાર આવકારે છે.

'અને આ વાત જેટલી વ્યક્તિને તેટલી જ પ્રજાને પણ લાગુ પડે છે.

'કારણ કે દેવતાઓ પણ જેમનાથી ત્રાસે છે તે રાજદ્વારી પુરુષો, પ્રજાનો બુદ્ધિમાનમાં બુદ્ધિમાન વર્ગ છે એ ખરું, પણ તેથી તે શ્રેષ્ઠ વર્ગ નથી. કુનેહભરેલી એમની શક્તિ વિના દુર્જન અને ઢાંઢ કોઈ રીતે વશ ન રહે, એ વાત જેટલી સાચી છે, તેટલી જ આ વાત પણ સાચી છે, કે એમણે એમના અસત્યોનો અંચળો વારંવાર ધોવાની કાળજી રાખવી જોઈએ. નહિતર છેવટે એ અંચળો કેવળ અસત્યોનો જ રહેશે. અને સત્યના ઉપયોગી ને આવશ્યક ઢાંકણ તરીકે એ નિરર્થક થઈ જશે!

'જે ઉપરટપકેના—કેવળ બુદ્ધિઘોષણાના જીવનથી ચળકી રહ્યા છે તે તમામને માટે એક અગ્નિ હમેશાં હાજર જ હોય છે. એ અગ્નિસ્નાન કર્યા વિના કોઈ માણસ પવિત્ર બનતો નથી, અને સાચા જીવનને સમજતો પણ નથી.

'એટલા માટે મેં કહ્યું કે વસ્ત્ર તજનારનો દેહ અમર બને છે!'

એના આ વાક્યનો મર્મ સમજતાં મને આશ્ચર્ય થયું. ત્યાં એ જ દિવ્ય પુરુષે ફરીને કહ્યું: 'પણ તમે ધારો છો તેમ વસ્ત્રને તજવું સહેલું નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એ દિવ્ય પુરુષ અદૃશ્ય થઈ ગયો. પણ એણે કહેલાં વાક્યો ઘણા વખત સુધી મનમાં ઘૂંટાતાં રહ્યાં. આ દિવ્ય સંદેશને વધારે સ્પષ્ટ અર્થ આપનારી એક કવિતા અત્યારે મને સાંભરી આવે છે:

"રાજકુમારના ઠાઠમાઠથી શણગારેલું શિશુ, પોતાની રમતગમતની મજા ગુમાવી બેસે છે, હર ક્ષણે એને એનાં આભૂષણ સાંભરી આવે છે! રમવા જતાં ક્યાંક એ બગડે નહિ!

"એ આભૂષણની સંભાળમાં ને સંભાળમાં એ બિચારું આવું પાછું પણ ખસી શકતું નથી.

"હે મા! આ આભૂષણના ઠાઠમાઠે એને બિચારાને બંધન આપ્યું છે. એને તંદુરસ્તીની રમતમાં જતું રોકયું છે. સૌની સાથે સામાન્ય આનંદ-વિનોદમાં એ ભળી જાત; પણ આ ઠાઠમાઠી આભૂષણે એને એકલું પાડી નાખ્યું છે! આ તો તેં એને બંધન બાંધ્યું છે! આભૂષણ પહેરાવ્યાં નથી."

છેવટે તો ચળકાટ નહિ-સાચી ધાતુ જ ખરે સમે રણકો આપી શકે છે. ખોટા ચળકાટે અગ્નિપરીક્ષા આપવી રહી. અને અગ્નિપરીક્ષાએ એની શુદ્ધિ પણ કરવી રહી.

આમ જ્યારે થતું નથી, ત્યારે માનવીનું અંચળાજીવન, કઠંગુ બને છે ને તદ્દન અસંગત થઈ રહે છે, એટલે સુધી કે ઘણી વખત એણે ધારણ કરેલો અંચળો, દેવનો હોય છે, જ્યારે એની પાસેનું હૃદય, ભિખારીનું જ રહે છે! અને એ ભિખારી પણ શયતાન ભિખારી!

એટલા માટે હું કહું છું મારા મિત્ર! કે કેવળ વસ્ત્ર-પરિધાનની શોભાને તમે તમારી શોભા ગણીને જાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠગતા નહિ ! લાકડાની તલવાર ખરે કેવી મોળી પડે છે, એ કોઇ ડાહ્યા માણસને સમજાવવાનું હોય જ નહિ !

અંચળા તમામ માટીનો સ્પર્શ ચાહે છે, ને માટીના સ્પર્શે એ પવિત્ર રહે છે. અંચળો માટીમાં ન રગદોળાય ત્યારે સમજવું કે હવે એ પોતાની જાતભૂમિનો રંગ ખોઈ નાખવાનો છે ! અંચળો માણસ માણસ વચ્ચે ભેદ પાડે ત્યારે એ અંચળો રહેતો નથી. એ બંધન થઈ રહે છે.

કારણ કે જેમ રાજદ્વારી ક્ષેત્રમાં ભભકો અને ઠાઠમાઠ, અણઘડ પ્રજાને આંજી નાખનારાં એ સાધનોથી લોકશાસની પુરુષો, ઘણી વખત ભભકાભરેલાં પ્રવચનોમાં તમામ કલ્યાણ-કારક પ્રવૃત્તિઓનું રૂપાંતર કરી નાખે છે, અને પોતાની જાતને છેતરે છે, અને માને છે કે આ લોકશાસની વસ્તુ થઈ રહી છે, તેવી જ વાત વ્યક્તિના જીવનમાં પણ બને છે.

એમ ન હોવું જોઈએ. ખરું લોકશાસન નીચેથી ઉપર જવું જોઈએ. એટલે કે એનો પાયો સાચો હોય તો જ એ ઈમારત સાચી બને.

તે જ પ્રમાણે અંચળો જો માટીમાં રગદોળાતો હશે એટલે કે એ દેખાવમાં માનતો નહિ હોય તો એ ધોવાતો રહેશે.

એક વખત એ સિંહાસન ઉપર જ બેસવાને ટેવાઈ જશે પછી એ અંચળામાં પોતાનું પોતાપણું નહિ હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને સત્ય જડયું છે–

તેને માટે સ્વયંનિર્મિત બંધનમાં એક પ્રકારનો આનંદ વસી રહ્યો છે. એમાં એ જીવનની ધન્યતા અનુભવે છે. એવા સ્વયંનિર્મિત બંધનને લીધે જ એનું જીવન બધાથી જુદું પડે છે.

એક દેશના વેપારીની વાત છે. એને એના માણસના વેપારમાં ઘી કેળાં થવા મંડયાં. લડાઈ આવી હતી કે પછી જતી હતી, પણ પૂંછડીનો ઘા મારી રહી હતી. ગમે તેમ, પણ એ હજારો, લાખો ને કરોડોનાં સ્વપ્નાં જોવા માંડયો.

પણ પછી એક ક્ષણે એનો અંતરાત્મા જાગ્યો; અતિ-લક્ષ્મીના ભાનથી કે પછી જીવનની ક્ષણભંગુરતાથી. એણે પોતાની રીતે પોતાનું સત્ય શોધવા માંડયું.

એણે દેશદેશના ભાવનો અભ્યાસ માંડયો. બંદર, જરૂરિયાત, બજાર, ઉત્પાદન, તમામ આંકડાઓને સત્યની હાજરીમાં મૂલવ્યાં. એમાંથી એને વસ્તુ મળી ગઈ. પોતે જે ભાવ લઈ રહ્યો હતો તે ભયંકર રીતે અન્યાય હતો.

પણ એ કાંઈ રાજા ન હતો, કે તરત હુકમ બહાર પાડી દે! એ વ્યાપાર તંત્રમાં સંડોવાયલો આદમી હતો. એના જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ બીજા અનેક હતા. જે સત્ય એને મળ્યું એને વ્યાપક રીતે ને વધુ લોકકલ્યાણકારક બનાવવું હોય તો એણે અનેક આંટીઘૂંટીમાંથી એને પસાર કરવું રહ્યું!

'આ મારું સત્ય!' એટલી વાતથી ચાલે તેમ ન હતું.

બીજા એના અનેક ભાઈઓ એની સાથે વેપારસંબંધથી જોડાયેલા હતા. એમનું એક મંડળ હતું.

એ મંડળના દરેક વેપારીને એણે પોતાનું મનોમંથન જણાવ્યું. જે ભાવ લેવાય છે તે ભયંકર રીતે અન્યાયી છે એ બતાવ્યું.

આવી રીતે તો આપણે આપણા દેશમાંથી તાકાતવાન બુદ્ધિશાળી પ્રજાનો નાશ કરીશું, એ પણ સમજાવ્યું.

પણ પૈસો બુરી ચીજ છે. સૌ એની વાતને હસી પડ્યા! કોઈ કે તો કહ્યું પણ ખરું કે એ તો તમે કમાઈ લીધું છે, એટલે પારકાને જતિ કરવા નીકળ્યા છો, એ બરાબર નથી. કોઈએ ભાવ ઓછા કરવાનું કબૂલ કર્યું નહીં.

એ પોતે પોતાના મંડળથી એકલો થઈ જાય એમાં પ્રજાશાસનના સિદ્ધાંતની મશ્કરી હતી.

માણસ ગમે તેટલો મોટો હોય, પણ જો અત્યંત અપમાનજનક વસ્તુ ન બની હોય, તો એણે બહુમતવાદને માન આપવું એ જ પ્રજાશાસનને દૃઢ કરવાનો એક માત્ર ઉપાય છે.

એટલે એણે મંડળનો ત્યાગ ન કર્યો. તેમ જ પોતે મંડળ વિરુદ્ધ થઈ ને પોતાના ગ્રાહકોને આનગી કમીશન આપે ને એ રીતે સત્ય પાળ્યાનો દાવો કરે એ પણ ઠીક ન હતું. એને તો સત્ય વ્યાપક બને એ જોવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે એણે એક નવો રસ્તો શોધ્યો. પોતાના ગ્રાહકોનું એક પત્રક તૈયાર કર્યું. તેમની આર્થિક સ્થિતિનું પૃથક્કરણ કર્યું. પોતે જે ભાવ બરી રીતે યોગ્ય માનતો હતો, એના કરતાં જેટલા પૈસા વધારે આવે તેટલા ગુપ્ત રીતે તેમને ભેટ મોકલે એ એક જ માર્ગ એને માટે હતો ! પોતે જે વસ્તુ સત્ય માનતો હતો તેને પોતાના ધંધા સાથે સુસંગત રહીને, એ આ પ્રમાણે પાળી શકે તેમ હતો. એટલે એણે તરત આ કાર્યક્રમ અમલમાં મૂક્યો.

પણ આનું જતે દહાડે એક પરિણામ આવ્યું. મંડળના તમામ સભ્યોએ ન્યાયસરના ભાવ લેવાનું કબૂલ કર્યું ! સત્યનો વિજય થયો.

આ પ્રમાણે માણસાઈ જગાડી શકવાનું શકય હોય છે. માત્ર પહેલ કોણ કરે એ સવાલ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાધાન !

એક ચીની ફિલસૂફને કોઈએ પૂછ્યું: 'જીવનને જાળવનારી શક્તિનું રહસ્ય શું છે?' ફિલસૂફે જવાબ વાળ્યો: 'માણસ જીવનને સમગ્ર દૃષ્ટિથી જોતાં શીખે તો જીવનમાં રસ ને શક્તિ બંને જાળવી શકે.'

ફિલસૂફની એ વાણીનું રહસ્ય સમજવા માટે, એક પ્રસંગકથા યાદ રાખવા જેવી છે. એક વખત એવું બન્યું, એક માણસને ઘણા ઉપયોગી કામ માટે પરગામ જવાનું થયું. તેણે ઘોડાગાડી કરી ને તે સ્ટેશને જવા ઊપડ્યો. ઘોડો અડિયલ નીકળ્યો. એ વખતસર પહોંચી શકયો નહિ. એને પોતાની જાત ઉપર, ઘોડાવાળા ઉપર, રસ્તા ઉપર, મ્યુનિસિપાલિટી ઉપર, અને છેવટે હમેશાં મોડી આવનારી રેલ્વેગાડી, તે દિવસે વખતસર આવી તે માટે રેલ્વેગાડી ઉપર પણ, ગુસ્સો ચડ્યો! થતું હતું એવું કે આ ગાડી ભૂલવાથી જિંદગીની એક સારામાં સારી તક એ ગુમાવતો હતો!

તે મનમાં ને મનમાં ઘણો શોક અનુભવી રહ્યો. પણ થાય શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કડવાશ તે દિવસના એના દરેક વર્તનમાં તો હતી જ, ત્યાર પછી પણ કેટલાય દિવસ સુધી એ કડવાશ એના મનમાં ઘર કરી રહી!

એક દિવસ અચાનક કોઈ બીજા માણસ પાસે એ વાત નીકળતાં, એણે પોતાની ઘર કરી બેઠેલી કડવાશ, પ્રગટ કરી. પોતે કેવો અભાગી હતો, એક જ ભૂલને પરિણામે જીવનની કેવી અણમોલ તક ગુમાવી બેઠો હતો: અને એ ભૂલ પણ બરી રીતે કોઈકની હતી! એ બધી વાત એણે અત્યંત નિરાશાભરેલી વાણીમાં કહી. હવે બન્યું એવું કે જેની સાથે એ વાત કરી રહ્યો હતો તે માણસ, અચાનક એ ગાડીની વાતને હૃદયમાં સંઘરી રાખનારો નીકળી પડ્યો!

કારણ કે એને પણ તે ગાડીનો બીજા પ્રકારનો કડવો અનુભવ થયો હતો.

એટલે એણે કહ્યું: 'તમે જે ગાડી ચૂકી જવાની વાત કરો છો તે ગાડીની તારીખ, સમય અને હકીકત મારી પાસે નોંધેલી છે. તમારે તે સાંભળવી છે?'

પેલાએ વધુ કડવાશથી કહ્યું: 'હવે સાંભળીને શું? હવે કાંઈ એ તક આવવાની છે? હું કોઈકની ભૂલને લીધે જિંદગી હારી બેઠો તે હારી બેઠો! આ જિંદગી એમ ને એમ પૂરી થશે. હવે બીજી જિંદગીમાં આવી તક મળે તો!'

આ હૃદયમાં કડવાશનો કોઈ પાર રહ્યો નથી, એ જોઈને પેલા માણસે પછી વાત બંધ કરી.

ગાડી ચાલતી રહી. બન્ને જણા પોતપોતાના વિચારમાં પડી ગયા. બન્નેના અનુભવની કડવાશ એક સરખી હતી, પણ પરિણામ જુદાં જુદાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં પેલા ગાડીના અનુભવવાળા ભાઈને ઊતરવાનો વખત આવ્યો.

તે પોતાનો સરસામાન બાંધવા માંડ્યો. સ્ટેશન આવતું જણાયું. એણે અકસ્માત પેલા ખિન્ન માણસને ખભે હાથ મૂકીને: 'ભાઈ! તમે બહુ જ નિરાશ થઈ ગયા છો પણ ઈશ્વરનો આભાર માનો કે તમે તે દિવસ ગાડી ચૂકી ગયા!'

'હવે જવા દો ને એ વાત!' પેલાએ વધુ ખિન્નતાથી કહ્યું.

પોતાનો સરસામાન એક તરફ ગોઠવતાં ગોઠવતાં તેણે કહ્યું: 'હું ઠીક કહું છું. તમે જે ગાડી ચૂકી ગયા એમાં જ મેં મુસાફરી કરી હતી, એ મને બરાબર યાદ આવે છે. એ ગાડીએ આગળ જતાં અકસ્માત કર્યો. કૈકનાં જીવન પૂરાં થઈ ગયાં. કૈક જિંદગીભરનો આનંદ ખોઈ બેઠા. કૈક અપંગ થઈ ગયા. કૈકને આખી જિંદગીનો ખાટલો મળ્યો. જુઓ મારી આ એક આંખ, એ ખોટી છે! એ કાચની છે! રત્ન મેં તે દિવસે ગુમાવ્યું હતું! એ અકસ્માતની નોંધ મારા અંતરમાં પણ બેઠી છે! ચાલો ત્યારે.'

સ્ટેશન આવતાં પેલો માણસ 'સાહેબજી!' કરીને ઊતરી પડ્યો.

પણ એની આ વાત સાંભળીને આ ભાઈ હવે બીજો જ વિચાર કરી રહ્યા હતા. પોતે બચી ગયા—નહિતર લંગડા કે કાણા હોત, ને પોતાની જિંદગી કેવી કઠણ બની જાત એ વિચાર એને આવી રહ્યો હતો!

અચાનક એમને સાંભર્યું કે પોતે જે દિવસે જિંદગીની કડવાશ મેળવી હતી! પેલા માણસે પણ મેળવી હતી અને આજ આ કેવો અકસ્માત! બન્નેની કડવાશે ભેગા થઈને જિંદગીને નવી જ મીઠાશ આપી હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડાઈનું રહસ્ય !

એક વખત એક દેશના બે નાના નાના વિભાગના રાજાઓ લડાઈમાં ઊતર્યા. એમની એ લડાઈ એ દેશમાં ઠીક ઠીક ગેરવ્યવસ્થા અને અશાંતિ આણ્યાં. લડાઈ માં બને છે તેમ કેટલાકને એમાં ઘી કેળાં પણ થવા માંડ્યાં. પરિણામે બન્નેની લડાઈઓ લંબાતી ચાલી. પછી પડોશના એક ડાહ્યા રાજાએ વિચાર કર્યો. 'હું જઈને એ બન્નેને સમજાવું.' એવો વિચાર કરીને તે પોતાની રાજધાનીમાંથી પોતાના રસાલા સાથે બહાર નીકળ્યો.

રસ્તામાં એક વિદ્વાન રહે. રાજાએ તેનું નામ સાંભળેલું. તેણે વિચાર કર્યો કે હું આ વિદ્વાનને પણ મળતો જાઉં. વખતે એ આ વાતમાં કાંઈ રસ્તો બતાવે.

રાજા વિદ્વાનને મળવા ગયો. વિદ્વાન પોતાનાં પોથી પુસ્તકોમાં તલ્લીન હતા. રાજાને નવાઈ લાગી. જુદ્ધ આટલું નજીક ચાલે છે અને આ પંડિત તો આમાં લીન છે! તેણે પંડિતને પૂછ્યું પણ ખરું. પંડિતે જવાબ આપ્યો: 'મહારાજ! સૌ સૌનું કામ કરે એમ તો તમે ધારતા હો એમ નહિ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો જવાબ હકારમાં હોય તો તો સ્પષ્ટ છે. જેમને લડતાં આવડે છે એ લડે છે. જેમને આ લડાઈ શી રીતે નિર્મૂળ થાય એનો વિચાર કરતાં આવડે છે એ એનો વિચાર કરે છે. પણ બોલો, મહારાજ, તમે કયાં જાઓ છો ?'

રાજાએ જવાબ વાળ્યો: 'આ બન્ને લડાઈમાં ઊતરેલા રાજાઓને મળવા માટે જ હું જાઉં છું !'

'શું કરવા ?'

'એમને સમજાવવા છે. લડાઈમાંથી નિવૃત્ત થાય.'

'એમને તમે શી રીતે સમજાવશો ? સમજવું હોત તો એ લડે જ શાના ? એ નથી સમજતા માટે લડે છે એમ પણ નથી. એ લડે છે કારણ કે એ સમજે છે !'

'સમજે છે ?'

'હાસ્તો !'

'એમ કેમ ?'

'બન્ને માને છે કે લડાઈથી એમને ફાયદો છે !'

'તો પણ હું કહીશ કે આ લડાઈમાં તમને કોઈને નફો નથી, નુકસાન જ છે. માટે લડાઈ બંધ કરો !'

'જુઓ મહારાજ ! એ સાંભળીને એમાંથી એકે લડાઈ બંધ નહિ કરે. લડાઈમાં કોઇને કોઈ નફો હોય જ છે. એટલે બન્ને બાજુ એવાં માણસો છે જે તમારી આ વાત ઉડાડી મૂકશે. એક પક્ષને નફો ન હોય એવી કોઈ લડાઈ થતી નથી. પોતાના કરતાં બીજાને વધારે નુકસાન થતું હોય તો માણસ એને પણ નફો ગણે છે !'

'ત્યારે તમે શી રીતે સમજાવવાનું કહો છો ?'

'તમે એમના અંતરમાં જો એમ સમજાવી શકો કે લડાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ પણ સંજોગોમાં ઇચ્છવાજોગ નથી. અને એકને બીજાનો ચોખ્ખો અન્યાય જણાતો હોય તો પણ એ અન્યાય, અન્યાય છે કે નહિ, કે એક બીજા પક્ષની મતાંધતા છે, એ કોઈ ત્રીજો માણસ જ કહી શકે. એટલે એ બન્ને જ્યારે કોઈ ત્રીજાને માન્ય કરશે ત્યારે જ લડાઈ બંધ થશે. બંધ થવાનો રસ્તો આ છે. નફા નુકસાનના હિસાબથી કોઈ દિવસ લડાઈ બંધ થતી નથી ને થાય છે તો ફરી ઊપડવા માટે.'

રાજાને પણ નવું જ જ્ઞાન મળ્યું. એને પણ લાગ્યું કે આ વિદ્વાન ભલે હાથમાં શસ્ત્ર લઇને જુદ્ધ કરવા જતો નથી, છતાં એણે શસ્ત્રને અશસ્ત્ર કરવાનું શાસ્ત્ર તો જાણ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૮] કઢંગો હુંકાર

એક વખત એક નવાઇની વાત બની. એક ઊંટ છૂટું થઈને રખડે. એને દોરવાની દોરી રસ્તામાં ઢસરડાતી આવે. એક ઉંદરના મોંમાં એ આવી ગઇ. એટલે ઉંદર તો એ લઈને ચાલવા માંડ્યો. પાછળ જુએ છે તો ઊંટ હાલ્યું આવે!

પણ એ જોઈ ને ઉંદરને કાંઈનું કાંઈ થઈ ગયું! મોંમાં દોરી લઈ ને એ માંડ્યો કુલાવા! એને થયું કે 'ઓ હો હો! આપણે કાંઈ કમ નથી. આપણે આ ઊંટ જેવા ઊંટને દોરી જઈએ છીએ!'

આગળ ઉંદર અને પાછળ ઊંટ. તમાસો થયો જોવા જેવો. જે રસ્તે મળે એ પણ મોં વિકાસતું ઊભું રહે. ઉંદરને મનમાં થાય કે આ બધા મારી કરામત જોવા ઊભા રહે છે!

ઊંટ ઘણું મનમાં વિચાર કરે કે આ ઉંદરભાઈ એના મનમાં ખાંડ ખાય છે. પણ કાંઈક જુક્તિ મળે તો એનો અહંકાર બધો ય ઉતારી નાખું!

ઉંદરભાઈ તો કૂદતા કૂદતા આગળ જાય. ઘડીક થાય ને પાછું વાળીને જુએ. ચાલતાં રોફ તો ક્યાંય માય નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં ને મનમાં ખાંડ ખાય! એ તો પોતાને સવાશેર માને ને રસ્તે દોડ્યા જાય. એમ કરતાં કરતાં રસ્તામાં એક નાનકડું વોંકળું આવ્યું.

વોંકળામાં પાણી તો ગોઠણવા, પણ ઉંદરભાઈનાં તો એ જોઈને ઘરણ મરી ગયાં!

એમને મનમાં થયું: 'આ વોંકળું શે પાર થાય?'

પણ અત્યાર સુધીના કઢંગા અહંકારે એમની સાનભાન ભુલાવી દીધી હતી.

એણે તો રોફમાં ને રોફમાં કહ્યું: 'અલ્યા એ ઊંટ! જરાક જો તો, પાણી કેટલું છે? વધુ હશે તો આપણે પાછું ફરવું પડશે. મારું તો ઠીક, પાછું તારું અંગ ભાંગ્યું તો સાજું થાવું મુશ્કેલ!'

ઊંટ મનમાં કહે: 'આનો રોફ તો જુઓ!' એ તો પાણી તરફ ગયું. માંડ ગોઠણ પાણી. પાછું આવીને કહે: 'પાણી બહુ નથી. આગળ થાઓ મુષકરાજ! તમે આગળ ને હું પાછળ!'

પણ હવે ઉંદરભાઈની ઊંઘ ઊડી! વાત સાંભળીને હાંજાં ગગડી ગયાં. ગોઠણ પાણી, પણ ગોઠણ તો ઊંટનો નાં? તે સમજી ગયા કે પોતાના જેવા તો એક હજાર ઉપરા-ઉપરી ચડાવ્યા હોય તો ય પાણીને તળિયે પડ્યા રહે! મોતને સામે દીઠું એટલે થઈ ગયા નરમઘેંશ!

'પણ એ તો તમારો ગોઠણ છે નાં?' એ ધીમેથી બોલ્યા: 'મારો આમાં કાંઈ ગજ વાગે ને કારવે! હવે તો તમે આગળ થઈને દોરો!'

'પણ તમે અત્યાર સુધી દોરી રહ્યા'તા તેનું શું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ હવે સુકાઈ ગયું!' ઉંદર બોલ્યો.

ઉંદરને ઢીલો પડેલો જોઈને ઊંટ બોલ્યો, 'ત્યારે મારે પૂંછડે વળગી જાઓ. હું હવે વોંકળું પાર કરાવી દઈશ. પણ જુઓ, આજથી એક વાત ધ્યાનમાં રાખશો. અકસ્માત દોરી તમારા હાથમાં આવી ગઈ, એમાં તો તમને કેયાંય બોલાવ્યા થાતા નોંતા એનું શુ? પણ હવે ખબર પડી નાં?'

ઉંદર શું બોલે? એનું પાણી તો પાણીએ બતાવી દીધું હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૯] ત્રિમૂર્તિ !

એક જગ્યાએ એક વાત વાંચી. સરસ લાગી. એક વખત એક ઋષિ પાસે ત્રણ ઉંદર આવ્યા. ઋષિનું કાંઇ હલનચલન નથી થતું એ જોઇને એ દોડતા આવ્યા. ઋષિએ એમને જોયા. પછી એમાંના એકને કહ્યું: 'જો, તું ધનધાન્યના કોઠારમાં જીવે છે; છતાં એમાંથી વધારે પ્રાણ મેળવવાને બદલે વધારે નિર્બળતા મેળવે છે. એમાં કાંઇ સુધારો થાય તેવું લાગતું નથી. . . .'

બીજા તરફ જોઇ ને બોલ્યા: 'જો તું પુસ્તકોના કબાટમાં રહે છે, અને તેમાંનાં અસંખ્યને તેં કોતરી ખાધાં છે. પણ એટલું છતાં તને કાંઇ ડહાપણની દાઢ આવી નથી, એટલે તું પણ સુધરે તેવું લાગતું નથી. . .'

અને ત્રીજા તરફ ફરીને કહ્યું: 'તું તો મંદિરોના સાન્નિધ્યમાં જ રહ્યા કરે છે, પણ એ જીવનની લેશ પણ છાયા તને મળી નથી. એટલે સુધારો તો તારે માટે પણ અશકય છે ! . . .'

'પણ હું તમને કયું પ્રાણી બનાવું, જે તમારી આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્યતાનું બરાબર માપ હોય ! તમારી ત્રણે વાત સમાઈ જાય તેવું કોઈ પ્રાણી મારી નજરમાં આવતું નથી !

'માટે જાઓ, તમે માણસ બનો ! એ સમૃદ્ધિમાં મહાલે ત્યારે નિર્બળ બનતો હોય છે, વિદ્યાપઠન કરીને વધુ મૂર્ખ થતો રહે છે, મંદિરોમાં દોડીને કેવળ થાક ચડાવે છે, તમારી બરાબર યોગ્યતાનું માપ માણસમાં મળી આવશે ! માટે તમે માણસ બની જાઓ !'

[૨]

ત્રણ સિંહ ઋષિ પાસે આવ્યા. તેમણે ત્રણેને સંબોધન કરતાં કહ્યું: 'જુઓ, તમારામાંથી પહેલો છે તેને હું ઓળખું છું. એણે વિના કારણે એક પ્રવાસીને મારી નાખ્યો છે.

'બીજાએ એ જ પ્રમાણે એક અગત્યનો સંદેશો લઈ જનાર ઘોડેસવારને ઠાર મારી દીધો છે.

'અને ત્રીજાએ એક આંધળી બાઈની એક દૂઝણી બકરી મારી ખાધી છે ! તમે પણ માણસ થઈને રહો ! જાઓ ! કારણ કે માણસ જાત સિવાય બીજું કોઈ તમને સંઘરશે નહિ, એટલું જ નહિ, વખતે પોતાની જાતમાં સમાવશે પણ નહિ ! ને પોતાની જાતમાં તમને ઓળખાવશે પણ નહિ !

'નિરર્થક કંજિયાખોરી ને ઠંડી ક્રૂરતા એ માણસનો નિત્ય વ્યવહાર છે, તમે ત્યાં જાઓ ! પણ જો જો, તમારી ક્રૂરતા કરતાં વધારે ક્રૂરતા ત્યાં માણસોમાં જોઈને, ગાંડા થઈ જતા નહિ ! કારણ કે ગાંડાભાઈ ! માણસની ક્રૂરતા એની બુદ્ધિમાંથી જન્મે છે, માટે નિત્ય વિકાસ પામતી રહે છે, અને એને બુદ્ધિનો આશરો મળતો રહે છે ! પણ હવે તમે જાઓ, માણસ જાતમાં જાઓ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

ત્રણ કબૂતર ઋષિ પાસે આવ્યાં. ઋષિએ તેમને જોયાં, અને તેમની સાથે પણ વાત કરી.

'જો ભાઈ! પહેલા નંબરના કબૂતર! તેં શું કર્યું છે? જે દાણો તારો ન હતો, તે તારો છે, એમ ધારીને તેં ભેગો કર્યો.

'આ બીજા કબૂતરે, એક ઊગતા છોડને ચાંચ મારી એને પોતાને ત્યાં લાવ્યું—અને છતાં કલાકારોએ તો તેને પ્રેમનો સંદેશવાહક માન્યું.

'અને ત્રીજાએ એક મંદિરમાં માળો બાંધી બધાની પાસેથી પરંપરાગત યાંત્રિક રૂઢીથી મળતી, ચણ ચણી.

'માટે તમે પણ માણસ થાઓ એ વધારે ઠીક છે. ત્યાં તમને જગ્યા મળી રહેશે! ત્યાં તમને વહેમ અને અંધ-શ્રદ્ધાની ભૂમિકામાં હરવાફરવાનું પણ ઠીક પડશે! જાઓ, તમે પણ માણસ બનો!'

પછી જે ઉંદર, માણસ બન્યા ને વિદ્વાન થયા: એમણે કબાટ ભેગાં કર્યાં, એમાં ચોપડાં ગોઠવ્યાં. અને એમની હાજ-રીથી, એમને વિદ્યાનો ભાર લાગવા માંડ્યો!

જે સિંહ માણસ થયા, તે યુદ્ધની ગર્જના કરતા રાષ્ટ્ર-ભક્તો થયા! અને એમણે કજિયાખોરીને ગારવના વાઘા પહેરાવવા માંડ્યા!

અને પેલા કબૂતરો મંદિરમાં બેસીને, અંધશ્રદ્ધાથી આવતી ચણને, વહેમના પિંજરામાં પૂરવા માંડ્યાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૦] માતાનું જ્ઞાન!

એક વખત વિદ્વદ્‌પરિષદમાં એક પ્રશ્ન મૂકવામાં આવ્યો: 'ઈશ્વર સર્વશક્તિમાન ગણાય છે. એની ઈચ્છા વિના એક પાંદડું પણ ચાલી શકતું નથી. પરંતુ એવું શું છે કે જે એ પણ, ધારે તો ય માણસને આપી શકવા શક્તિમાન નથી? એવું શું છે બોલો!'

વિદ્વાનો આ સવાલનો જવાબ દેવાની ધમાલમાં પડી ગયા. શાસ્ત્રાભ્યાસમાંથી પ્રમાણ ને તર્ક શોધવા મંડ્યા. કોઈએ વેદ વેદાંત ફરીને સંભાર્યાં. કોઈએ ઉપનિષદો કાઢયાં. પણ ક્યાંય આ પ્રશ્નનો ઉત્તર મળે નહિ!

એટલામાં આ પરિષદમાં અચાનક એક વિદુષી સ્ત્રી આવી ચડી. પોતે વિદ્વાન હતી એટલે આંહીં વિદ્વદ્‌ચર્ચા થાય છે એમ સાંભળીને લાભ લેવા આવી હતી. એના નાનકડા શિશુને એણે તેડી રાખ્યું હતું, અને એને માથે કપડાનો કકડો ઢાંકી દીધો હતો કે જેથી એ ધીમે ધીમે સૂઈ જાય.

પણ આંહીં આ વિદ્વદ્‌પરિષદમાં એણે તો સૌનાં મોં સિવાઈ ગયેલાં દીઠાં અને એને આશ્ચર્ય થયું. 'અરે! આ શું? કેમ કોઈ કાંઈ બોલતું નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે પોતાની પાસે બેઠેલાને પૂછ્યું: 'કેમ કાંઈ વિદ્યા-ચર્ચા થતી નથી?' જવાબ મળ્યો: 'બાઈ! આંહીં તો એક મહાન પ્રશ્ન ખડો થયો છે! એવું શું છે જે ઈશ્વર પણ માણસને આપી શકતો નથી? બોલો, એનો કાંઈ પ્રત્યુત્તર સૂજે છે?'

વિદુષી નારી પણ એ સાંભળીને શાંત થઈ ગઈ.

પણ અચાનક જ એના મનમાં સવાલ ઊભો થયો: 'આ મારા નાનકડા વહાલા બાળકને હું શું ન આપી શકું?'

એ વિચારમાં પડી ગઈ

'હું ઈશ્વર નથી એટલે એ માગે તો પણ ચંદ્ર કે તારા ન આપી શકું. પણ એ તો શક્તિની મર્યાદા થઈ. જ્યારે ઈશ્વર તો સર્વશક્તિમાન છે. ત્યારે એવું શું છે જે એ માણસને આપી શકતો નથી? માણસ એનું બાળક છે. હું મારા આ વહાલા શિશુને શું ન આપી શકું?'

અને એના મનમાં તરત પ્રત્યુત્તર ઊગ્યો. 'હું એને કોઈ દી ઝેર આપી શકું? ના, એ ન આપી શકું. ત્યારે ઈશ્વર પણ માણસને ઝેર ન આપી શકે. બરાબર. પણ આ ઝેર એટલે શું?'

'આ ઝેર એટલે એ સહન ન કરી શકે એટલું દુઃખ.'

એનું મન આ પ્રત્યુત્તરથી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું. તેણે હાથ જોડીને કહ્યું: 'વિદ્વાનો! એક જવાબ મને મળ્યો છે!'

'શું છે? શું છે?' એકદમ ચારે તરફથી પૃચ્છા થવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઈશ્વર માણસને એક વસ્તુ કોઈ દિવસ આપી શકતો નથી . . .'

'શું ? શું ? કઈ ?' સૌની ઉત્કંઠા હવે વધી ગઈ હતી.

'માણસને ઈશ્વર એક વસ્તુ કદાપિ આપી શકતો નથી, અને તે આ. માણસ સહન ન કરી શકે એટલું દુઃખ, એ માણસને કદી આપી શકતો નથી !'

'પણ તો તો એ એની મર્યાદા થઈ ! અને ઈશ્વર તો નિઃસીમ છે !'

'એ એની મર્યાદા નથી. એ પ્રેમના કાચા તંતુથી માણસજાત સાથે પોતાને બંધનમાં બાંધી રહ્યો છે ! એ બંધન છે !'

આખી સભાના મોંમાંથી પ્રશંસાના શબ્દો નીકળી પડ્યા !

નારીમાં રહેલ માતૃત્વે સાચો પ્રત્યુત્તર મેળવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૧] મધ્યમ વર્ગ

એક વખત ભગવાન તથાગત પાસે એક તંતુવાદ્ય વગાડનારો આવ્યો. તંતુવાદ્ય વગાડવામાં એવો પ્રવીણ હતો કે તે ધારી અસર ઊભી કરતો! એ માણસને રડાવે, હસાવે, નચાવે, કુદાવે, વિહ્વળ કરી મૂકે ને વ્યથાથી ભરી મૂકે! એનો વાદ્ય ઉપર અદ્‌ભુત કાબુ હતો. પણ એમાં સમજવા જેવું આ હતું. એ તારને કેટલો ખેંચવો એની એવી સંભાળ રાખે કે ન પૂછો વાત! અને તારને કેટલો ઢીલો મૂકવો એની ગણતરી પણ એવી જ આબાદ કરે! જરાક જ વધારે ખેંચે કે જરાક જ વધારે ઢીલો કરે તો એમાંથી એવા કર્કશ સ્વર નીકળે કે જાણે એ વાદ્ય ને એનો વગાડનારો બન્ને જુદાં જ લાગે! એણે પોતાના તંતુવાદ્યનો એવો સજ્જડ અભ્યાસ કરેલો કે એની આંગળીઓ બરાબર, ક્યાં અડકવું, ક્યાં અટકવું એ વાતનો જાણે કે ઝીણામાં ઝીણો હિસાબ શીખી ગયેલી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની એ હોંશિયારી જોઈને સાંભળનારા સૌ છક્ક થઈ ગયા !

સૌને નવાઇ લાગી કે આટલો કાબુ કોઇ દિવ્ય શક્તિની આરાધના વિના સંભવે જ નહિ !

પણ આ તંતુવાદ્ય વગાડનારો તો ભગવાન તથાગતને શરણે આવ્યો હતો, એણે પોતાને દીક્ષા આપવાની ભગવાનને વિનંતી કરી !

ભગવાને એની સામે જોયું. એની ઇચ્છા સાચી લાગી. અને એને દીક્ષા આપતાં જ કહ્યું : 'તને અમારા મધ્યમમાર્ગનું સમ્યક્‌જ્ઞાન તો છે જ; માત્ર એ હવે તારે આચારમાં મૂકવું બાકી છે !'

'મને જ્ઞાન છે, પ્રભુ ?' તંતુવાદ્ય વગાડનારો આશ્ચર્ય પામ્યો.

'હા' ભગવાને ધીમેથી કહ્યું : 'તંતુવાદ્ય વગાડતાં તું કોઈ તારને જરાક પણ વધુ ખેંચે છે ?'

'ના ભગવાન ! તો તો એ બસૂરો બોલે !'

'અને કોઈ તારને જરાક જ–ભલે જરાક જ–પણ ઢીલો થવા દે છે ?'

'પ્રભુ ! એ તો કેમ ચાલે ? તો તો બધી મોજ મારી જાય !'

'ત્યારે એ જ જીવનમાં કરવાનું છે. કોઈ વૃત્તિને વધુ પડતી પકડવી નહિ; કોઇ વૃત્તિને વધુ પડતી ઢીલી મૂકવી નહિ. બધી વૃત્તિઓને મધ્યમમાર્ગે ચલાવવી. આ જે જાણે તે સુખ પામે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન તથાગતની વાણી સાંભળીને સૌને લાગ્યું કે ઓહો! જીવનની કોઇ વાતને કે જીવનની એક નાનામાં નાની પળને પણ જ્ઞાનબિંદુ વિનાની ભગવાને રહેવા દીધી નથી. અને સૌ બે હાથ જોડીને એ વાણી ઉપર ચિંતન કરતા ત્યાં નમી રહ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૨] હુંકાર

હુંકારની અનેક વાતો છે. પણ આ વાત સાંભળીને જ્ઞાનભિક્ષુઓ હસી પડ્યા હતા!

એ વાત એક કૂતરાની ને એક હાથીની છે.

એક વખત એક કૂતરો અને એક હાથી બન્નેને સાથે મુસાફરી કરવાનો લાભ મળ્યો!

કોઈ મહાન સરોવર પાર કરવાનું હતું. એક જબ્બર નૌકા આવી હતી. તેમાં હાથી ને કૂતરો બન્ને ભેગા થઈ ગયા.

મહાન સરોવર પાર કરી ગયા અને જમીન ઉપર ઊતર્યા. પણ જમીન ઉપર પગ મૂકતાં જ કૂતરાએ હાથીને કહ્યું: 'આપણે આ જબ્બરજસ્ત નૌકાને ઠીક હચમચાવી મૂકી હો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૩] કેટલાક પ્રસંગો

કોન્ફ્યુશિયસને કોઈએ પૂછ્યું : વિશ્વના અસ્તિત્વના કોઈ મૂળ વિષે આપણે કાંઈ જાણી શકીએ ?' અને એણે જવાબ આપ્યો : 'હા આપણે જાણીએ છીએ ત્યારથી એ આ પ્રમાણે જ છે. અને એટલું જાણવું તે બસ છે.' તે વખતે તો પ્રશ્ન પૂછનારના મનનું સમાધાન થઈ ગયું અને અને તે માણસ ગયો. પણ બીજે દિવસે એ હાજર થયો. એણે ફરીને પૂછ્યું : 'કાલે તમે કહ્યું ત્યારે કાંઈક સમજાયું હતું. આજે એ બધું અસ્પષ્ટ થઈ ગયું છે. એમ કેમ ?'

કોન્ફ્યુશિયસે જવાબ વાળ્યો: 'કાલે તમારું મન કુદરતી રીતે વાતને ગ્રહણ કરતું હતું. આજે હવે એ કુદરતી રીત સાથે બીજો ત્રીજો ભેળ ભળી ગયો છે. ભૂતકાલ નથી. વર્તમાન નથી. ભવિષ્ય પણ નથી. આદિ કે અંત નથી. જો જીવનમાં મૃત્યુ એ જીવનનો અંત નથી—તો એનો અર્થ એ થયો કે જીવન અને મૃત્યુને કાંઈ જ સંબંધ નથી. દરેક પોતે સ્વતંત્ર હોઈ શકે. જીવનનું મૃત્યુ એમ ન હોય. વિશ્વમાં એક વખત એક જ સત્ હતું. એ અનંત છે. અનંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વ–અજન્મા છે. અને છતાં દરેકનો જન્મ એને લીધે છે. આ લીલાનું કારણ કેવળ પ્રેમ છે. એ પ્રેમલીલા છે!'

[૨]

એક વખત એક રાજા જંગલમાં ભૂલો પડ્યો. એને ઘોડા ચારનારો ભરવાડનો છોકરો મળ્યો. તેને રાજાએ રસ્તો પૂછ્યો. પછી તો છોકરાની ચાલાકી જોઈને રાજા મુગ્ધ થયો. તેણે તેને સહેજ પૂછ્યું: 'તને રાજ ઉપર બેસારીએ તો તું શી રીતે રાજ કરે?'

'આ ઘોડા ઉપર હું રાજ કરું જ છું ને!' છોકરે જવાબ વાળ્યો: 'એમાં બીજું શું કરવાનું? એ બરાબર ચરે છે એ જોવાનું. પોતપોતાનું કામ કરતા હોય તો એમને બોલાવવાનું નહિ!'

રાજાને છોકરાની વાતમાંથી એક સત્ય મળ્યું: 'જે ઘણા કાયદા કરીને લોકની ડખલ કર્યા જ કરે તે લોકની શાંતિ જ હરી લે છે!'

[૩]

એક વખત એક રાજાને વિચાર આવ્યો કે અમુક પર્વતકંદરામાં એક પવિત્ર પુરુષ રહે છે, તેને રાજ સોંપ્યું હોય તો વધારે સારી રીતે રાજ ચાલે.

તેણે સામે પગલે જઈને તેને રાજ આપવાનું કહ્યું: પેલાએ જવાબ વાળ્યો: 'હું રાજ તો સ્વીકારું, પણ તેનાથી મને શું વિશેષ લાભ થાય એ મારે જાણવું જોઈએ!'

'તમને સત્તા મળશે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ તો બરાબર છે: પણ એ સત્તા શું હું એકલો વાપરવાનો છું?'

'ના, તમે મુખ્ય માણસ બની, બીજાની મારફત સત્તા ચલાવશો.'

'એ તો બરાબર છે. પણ એ બીજા વળી, એમના કરતાં નાના મારફત, સત્તા ચલાવશે ખરું?'

'હા. એ તો ખરું!'

'એમ ને એમ એ સત્તા ગામડે પહોંચશે, ત્યાં તો એ મારી સત્તા રહી પણ નહિ હોય! એ તો દરેક વાપરનારાના મનની દાસી હશે. એટલે અકલ્યાણ થશે ત્યારે, ગાળો મને મળશે—કલ્યાણ થશે, ત્યારે યશ બીજા લેશે. આવી સત્તાને હું શું કરું?

'અત્યારે તો હું મારો રાજા છું. પછી તો હું જેનો રાજા થઈશ એનો ખરી રીતે ગુલામ હોઈશ! આવી સત્તાને હું શું કરું? અત્યારે તો હું પ્રભાતે ફરું છું. બપોરે જમું છું. શેઢે વિસામો લઉં છું. સાંજે ઘેર પાછો ફરું છું. જમીને વાતો કરતો સૂઈ જાઉં છું. રાજા થયા પછી આમાંની કઈ વાત રહેશે? એકે નહિ! એવું રાજ મારે જોઈતું નથી. રાજ કરનારાઓ પોતે ડાહ્યા હોય છે, માટે રાજ કરે છે, એવું કાંઈ નથી! ઘણી વખત લોકો જ વધારે મૂરખા હોય છે—માટે રાજકર્તાઓ ડાહ્યા જેવા દેખાય છે એટલું જ. સાચે તાજવે તોળાતાં એમના જેવા મૂરખાઓ કોઈ જ નીકળતા નથી!

'આવા સ્થાને જઈને લોકનું શું સારું કરું? એના કરતાં જેમને અભિલાષા થાય તે આંહીં આવે છે ને હું એમને મારા અનુભવની બે વાત કહું છું એ જ વધારે સારું છે!'

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

એક નગરમાં એક શાહુકાર રહેતો હતો. પોતે ગણી ન શકે એટલી એની સમૃદ્ધિ હતી. અને છતાં પૈસો પૈસાને આણે તેમ, એને ત્યાં પૈસા વધતા જ જતા હતા. લક્ષ્મી એના ઉપર પ્રસન્ન થઈ ગઇ હતી.

પણ એની લક્ષ્મીની લાલસાને કોઇ હદ ન હતી. એણે તો લક્ષ્મીને ખુદને પ્રસન્ન કરવા માટે મંત્ર જપ તપ માંડયા.

લક્ષ્મીદેવી પ્રસન્ન થયાં. એણે કહ્યું: 'હવે શું જોઈએ છે?'

'હજી મારે ત્યાં છપન ઉપર ભૂંગળ કયાં વાગે છે માતાજી!'

'ત્યારે છપન ઉપર ભૂંગળ વાગશે; પણ શેઠિયા! વધુ-પડતું બધું ખરાબ છે એવું તને લાગશે હો!'

'કાંઇ ફિકર નહિ માતાજી! પૈસો હશે તો બધું ય, બરાબર થઈ જશે!'

'સારું; પણ થાક ચડે તો ફરીને સંભારજે!'

થોડોક વખત ગયો ને શેઠિયાને ત્યાં તો પૈસાનો વરસાદ વરસવા માંડયો. જેમાં હાથ નાખે એમાં પૈસા જ પૈસા.

શેઠિયો તો ખુશ ખુશ થઈ ગયો. છપ્પન ઉપર ભૂંગ-ળનો વખત આવી ગયો. પણ પછી કોણ જાણે શું થયું એની નિદ્રા ઊડી ગઈ. શાંતિનું નામનિશાન કયાંય મળે નહિ. આખી રાત પડખાં ફેરવે પણ નિંદર નામ આવે નહિ ને!

એમ કરતાં એક દિવસ એને એક ગરીબ, અપંગ, અશક્ત રોગી માણસ મળી ગયો. એને જોઈને, માણસને ચીતરી ચડે એવું એનું શરીર હતું. એણે આ શાહુકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ પાસે પૈસા માગવા હાથ લાંબો કર્યો. પણ જેવો એણે લાંબો હાથ કર્યો તેવો જ તરત એણે પાછો ખેંચી લીધો, જાણે કે દેવતા અડ્યો હોય!

ત્યારે છપ્પન ઉપર ભૂંગળવાળાને લાગ્યું કે માળું મારામાં કાંઈક ફેરફાર થયો છે!

મને જોઈને આવો ભિખારીમાં ભિખારી પણ ભીખ માગવાનું છોડી દે, એટલું બધું નપાવટ શું મારું કામ થઈ ગયું હશે?

અને એણે ઘેર જઈને અરીસામાં જોયું, તો એ પોતે છળી ઊઠ્યો! જાણે કે કોઈ પૈસાનો ભાર વહેનારું પોતે પશુ હોય એવો દેખાવ એના જોવામાં આવ્યો! ત્યારે એને માતાજીના શબ્દો સાંભર્યા: 'બધું અતિ બરાબ છે હો!'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૪] શિયાળનો મોહ

જંગલમાં એક હાથી માર્ગ કરતો કરતો ચાલ્યો જતો હતો. જંગલ બરાબરનું અડાબીડ, આડેધડ વૃક્ષવેલીથી છવાયલું, પણ જ્યાં હાથીનો પગ પડે ત્યાં એટલામાં રસ્તો થઈ જાય. આ હાથીની પાછળ પાછળ એક શિયાળ ચાલ્યું આવે. હાથી રસ્તો કરે એટલે એના પગમાં પગ મૂકતું એ પણ જંગલમાં રસ્તો કાપે!

એમ કરતાં કરતાં ઠીક રસ્તો કપાયો. એટલે શિયાળને મનમાં થયું કે 'માળું! લોક મફતનું મને 'શિયાળિયું! શિયાળિયું!' કહીને હલકું પાડે છે! જંગલ આવું ગાઢ છે, છતાં એમાં પણ મેં રસ્તો ન કાઢ્યો?'

પછી તો એણે હાથીના પગની નિશાનીમાં ને નિશાનીમાં પોતાના પગ મૂકવા માંડ્યા. 'હ્યો!' તે મનમાં ને મનમાં હરખાતું બોલ્યું: 'આ પગ એણે મૂક્યો ને આ પગ મેં મૂક્યો, શું ફેર પડ્યો? જંગલમાં કેડી બની ગઈ છે કેડી, મારા હાલવાથી. હવે ભલેને સૌ કોઇ મજા કરતા ચાલ્યા આવે! લોક મફતના 'હાથી! હાથી!' કહીને ઘેલાં કાઢે છે! એય રસ્તો કાઢે છે ને હું પણ રસ્તો કાઢું છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કાગડો બેઠો બેઠો શિયાળની મુખમુદ્રા જુએ. તે એની વાતને સમજી ગયો. શિયાળભાઈને અભિમાન આવ્યું લાગે છે કે જંગલમાં એ રસ્તો કાઢી રહ્યું છે!

એણે એક જુક્તિ કરી. હાથીને આવતો જોઈને શિયાળના જતભાઈઓ આડાઅવળા સંતાઈ ગયા હતા, એ એને ખબર. એમના ઉપર એની દૃષ્ટિ પડી. પાસેના ઠુંઠા ઉપર બેસીને એ માંડ્યો 'કો કો' કરવા.

બધાં સંતાયલાં શિયાળિયાંને લાગ્યું કે કાંઇક ભય છે! કાગડાભાઇ અમથું કો કો ન કરે. એટલામાં કાગડે પણ એક મોટી જેવી ડાળીને નીચે પાડી! એ પડતાંની સાથે જ 'કોઇક આવ્યું! કોઇકિ આવ્યું!' કરીને શિયાળિયાં માંડ્યાં દોડવાં. એમને દોડતાં જોયાં કે આ શિયાળભાઇ પણ ચમકયા! 'માળું કાંઇકિ દાળમાં કાળું છે!'

એટલે શિયાળભાઇની મહત્તા મહત્તાને ઠેકાણે રહી, ને એ પણ સૌની સાથે ઊભી પૂંછડીએ માંડ્યા ભાગવા! અને એની પાછળ પેલો કાગડો ઊડ્યો. હવે એ શિયાળને શેનો જવા દે? એ મંડ્યો કવિતા ફેંકવા: 'હે શિયાળભાઇ! તમે મોટાં મોટાં પગલાં જોઈને મનમાં મલકાતા હતા ને એ પગલાંને તમારાં ગણવા માંડ્યા હતા, પણ તમારાં ખરાં પગલાં, તો બાપ! આ હવે પડતાં આવે છે એ! આ પગલાં તણખલાં બણખલાંને તો ઠીક, તમારા પગને ન ભાંગે તો ય ઘણું! જંગલ હાથીને ય ઓળખે ને તમને ય ઓળખે! પારકે પરાક્રમે બાપલા! આપણે રોફ મારીએ, તો પછી આમ ઊભી પૂંછડીએ ભાગવું પડે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૫] કાગડાનો મોહ

એક હતો કાગડો. એક બાઈને ઘરઆંગણે એક ઝાડ ઉપર બેસીને હંમેશાં એ બોલે! અકસ્માત એવો થયો કે બાઈનો ધણી પરદેશ.

એટલે એણે તો કાગડાને કહ્યું: 'હે કાગ! જો તારી વાણી ફળે ને જો પરદેશથી એ ઘેર પાછા આવે તો તને સોનેરી કલગીથી શણગારું!'

પેલી બાઈનો ધણી, કામ વહેલું પતી ગયું એટલે વહેલો ઘેર આવ્યો. પેલી બાઈને થયું, કાગડાની વાણી ફળી. બાઈએ તો સોનેરી કલગીથી કાગડાને ખરેખર શણગાર્યો. કાગડાભાઈનાં તો રૂપરંગ ફરી ગયાં!

કાગડાભાઈ તો હવે મનમાં ને મનમાં મલકવા કરે: 'હું કેવો? મારો કંઠ કેવો? મારી ચાલ કેવી? મારી વાણી કેવી?'

એ શેના સમજે કે આ બધો મહિમા પેલી બાઈના મનનો હતો!

એ તો માંડ્યા રોફથી ફરવા. આમ ફરે ને રોફ છાંટે. તેમ ફરે ને રોફ છાંટે. સોનેરી કલગી કોઈને બતાવે ને રોફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાંટે. છાતી કાઢીને હાલે. કુદરતી રીતે અવાજ કર્કશ હતો, એ અવાજ વધારે કર્કશ બનાવીને ગાય ! મનમાં ફૂલાય કે એ અવાજે ત્રિખંડ મોહ્યા છે !

એક શકરાબાજે આ જોયું. એ સમજી ગયો.

'ભાઇ લાયક નથી ને કલગી મળી છે, તે હવે દેખાડે દેખાડ કરે છે ! આ ગીધડાં વચ્ચે એને કેમ સાચવવી એ ભાઈ સમજતા લાગતા નથી. ગીધડાં ઉપાડી જાશે કલગી, એના કરતાં લાવને હું જ ઉપાડી લઉં !'

અને શકરા બાજે તો ઝડપ મારી ને કાગડાભાઈ થઈ ગયા કલગીવિહોણા !

અને પછી શિયાળિયું, એનું હમેશનું દોસ્ત, એ કાંઈ કાવ્ય કર્યા વિના રહે ?

એણે કવિતા લલકારી :

'કાગડાભાઈ ! તમને મળ્યું 'તું પેલી બાઈની મનની ઉદારતાને લીધે. તમે મોહ્યા તમારી જાત ઉપર કે આ મારા કંઠે આણ્યું, મારા રૂપરંગે આણ્યું, પણ જુઓ તો, કાગડાભાઈ ! પેલું પાણીનું સરોવર રહ્યું, એમાં જરાક તમારું મોં તો જોઇ આવો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૬] એક નાનકડો દોષ

એક શિષ્યને ગુરુ હંમેશાં કહેતા કે મહાન દોષો કરતાં પણ નાના દોષો માણસ માટે વધારે ભયંકર નીવડે છે. નાનકડું કણું ચેન લેવા દેતું નથી. કૌટુંબિક નાનાં ઘર્ષણો જ મહાન આપત્તિ લાવે છે. માટે મોટા મોટા દોષો કરતાં પણ નાના દોષો વિષે વધારે સંભાળ લેવી જરૂરી છે.

શિષ્યને એ વાત કોઈ રીતે મનમાં ઊતરે નહિ. એને એમ થાય કે કોઈની જરાક અમસ્તી વાત કરી અથવા થોડીક આઘીપાછી કરી એ કાંઈ મહાન પાપ નથી બનતું, મહાન પાપ જુદાં હોય છે.

ગુરુને મોંએ એ હા હા કરે, પણ એનું મન આ વાત માને નહિ. ગુરુએ જાણ્યું કે અનુભવ વિના આ માને તેમ લાગતું નથી.

એણે એક મસક મગાવી રાખી. શિષ્ય આવ્યો ત્યારે કહ્યું કે તારે સામે કાંઠે જવાનું છે ને નદી ઊતરીને એક કામ કરવાનું છે. આ મસક ભેગી રાખ. એના વડે નદી તરી જવાશે.

શિષ્યે તો મસક સાથે લીધી, ને પોતે સારો તરવૈયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો એટલે તેણે હિંમતથી નદી ઊતરી જવાની તૈયારી કરી નાંખી.

નદી ઊતરવા મંડયો અને અર્ધેક રસ્તે ગયો હશે ત્યાં પેલી મસકમાં એક નાનકડું કાણું એણે જોયું, એમાંથી પાણી અંદર પેસે.

એના તો રામ રમી ગયા. એને લાગ્યું કે હવે જો થાકયા તો આ મસક નકામી છે, એમાં નાનકડું તો નાનકડું પણ કાણું છે, એ ખરે વખતે શું કામ આપવાની હતી ?

એ કામ તો તે દિવસે પતાવીને એ પાછો આવી ગયો.

રાત્રે ગુરુ સાથે વાર્તાલાપ કરતો હતો ત્યારે એ બોલ્યો: 'મસક તો નકામી નીવડી, ગુરુદેવ ! એમાં એક નાનકડું કાણું હતું.!'

'એમાં તો શું વાંધો આવે ?' ગુરુએ કહ્યું. 'નાનકડું કાણું કાંઈ મસકને તદ્દન નકામી બનાવી દે ?'

'હોય કાંઈ ? પાણી તો ઝપાટાબંધ માર્ગ શોધી કાઢે. ને પછી તો ખરે વખતે એ શું કામ આપે ?'

ગુરુએ શાંતિથી કહ્યું: 'ત્યારે મસકમાં એક નાનકડું કાણું હોય તો પણ એ નકામી બને છે એમ ?'

'હા, ગુરુદેવ !'

'સાવ નાનકડું હોય તો પણ ?'

'હા ગુરુજી ! નાનકડું તો વધારે ભયંકર ! ખબર પણ ન પકડવા દે.'

'એમ ? ત્યારે મનમાં જરાક નાનકડો દોષ હોય તો એ ખરે વખતે દગો ન દઈ બેસે ? વર્ષો સુધી શાંત જણાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો અચાનક કોઇ ભયંકર કામ કરી બેસે છે, એની પાછળ આવા નાના નાના દોષોનું લશ્કર કેમ બેઠું ન હોય ?''

શિષ્યની તો આંખ ઊઘડી ગઈ. વાત તદ્દન સાચી હતી. મન, એ કાંઈ રમવા માટેનું કોઇ મેદાન ન હતું; એ તો સંસ્કારઘડતરની ભૂમિકા હતી. એમાં એક પણ દોષને આવવા કેમ દેવાય ? દોષને નાનો કે મોટો ગણવો એ જ મહાદોષ નથી ? નાનો કે મોટો દોષ એ દોષ—એમાં મોટો શું ને નાનો શું ?

શિષ્ય તે દિવસથી જાગ્રત બની ગયો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૭] જાત સુધારણા

શહેનશાહ અકબરની એક વાત છે. પોતાના કોઇ મિત્રો છે એનું ધ્યાન એ ન રાખે. પણ પોતાના કોઇ દુશ્મનો છે, અને વિરોધી ટીકાકારો છે, એનું ધ્યાન એ બરાબર રાખે. એણે એક યાદી તૈયાર કરાવી. એમાં તમામ 'દુશ્મનોનાં નામ' નોંધ્યાં. એમાં જે જે વિરોધની વાત હોય તે બધી પણ નોંધી લેવાતી.

શહેનશાહ અકબરની આ રીતભાતે દરબારમાં છાની છાની ચર્ચા ઊભી કરી !

સૌને બીક લાગવા માંડી કે આમાંથી તો વખત આવ્યે બાદશાહ પોતાના દુશ્મનને ખોળી ખોળીને મારશે ! પોતાના દુશ્મનને એ મારે એનો તો કાંઇ વાંધો નથી, પણ એમાંથી થશે એવું કે જમ ખોરડું ભાળી જશે ! ડોશીના મરણનો ભો નથી, જમ ખોરડું ભાળી ગયાનો મોટો ભો છે !

પછી તો બાદશાહને વખતે એવી ટેવ જ પડી જશે ! સૌ ચિંતામાં પડી ગયા કે શહેનશાહને આ નવી નવાઇનું શું સૂઝ્યું છે ? એમ તો હજાર માનવી. હજાર વાતો કરશે. એ બધી વાતની નોંધ લેવાથી ફાયદો શું ? ને એમ નોંધ લેશે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયારે આરો આવશે ?

વળી આમાં તો કોઈકિ દિવસ એવું પણ બનશે કે આપણામાંના કોઈકિ પણ ભરખાઇ જશે !

એટલે દરબારીઓએ નિશ્ચય કર્યો કે આપણે બાદશાહ સલામતને કહેવું કે જહાંપનાહ ! દરેક રાજા બાદશાહ ગુપ્તચર તો રાખતા આવ્યા છે. પણ આટલી બધી મહેનતથી, પોતાના વિષે, દુશ્મનો કે ટીકાકારો શું બોલે છે, એ જાણનારી નોંધ તૈયાર રાખવી, એનો અર્થ તો એટલો જ થાય કે સો વર્ષે પણ એ વાત ભુલાવાની નથી ! આવી વૈરવૃત્તિ આપના જેવા મહાન બાદશાહને શોભતી નથી ! હાથીની પાછળ કૂતરાં તો ભસ્યા જ કરે ! દરેક ટીકાકારને કયાં યાદ રાખવો ?

દરબારીઓની વાત સાંભળીને શહેનશાહ અકબર વિચારમાં પડી ગયો ! એને લાગ્યું કે પોતે જે વાત શુભ હેતુથી શરૂ કરી હતી, એનું આવું ઊંધું પરિણામ આવ્યું છે. કારણ કે આ વસ્તુનો મર્મ જ કોઈ સમજતું નથી. તેણે ધીમેથી કહ્યું. 'જુઓ, સત્તા જેટલી વધારે મહાન તેટલી જવાબદારી પણ વધારે મહાન. અને સત્તા જેટલી વધારે ઊંચે સ્થાને, એટલું એનું અજ્ઞાન પણ વધારે ઊંચે સ્થાને. સત્તાધીશો પાસે પોતાની જાત સુધારણા માટે આ સિવાય બીજો કયો રસ્તો છે ? તમે કહો.

'મોંએ ચડીને સિંહને કોણ કહેવા જવાનું છે કે તારું મોં ગંધાય છે ! સત્તાધીશને પણ કોણ કહેશે કે આ તમારી વાત અક્કલ વિનાની છે ! એટલે રાજાને માટે તો પોતાના દુશ્મનોની–ટીકાકારોની–વિરોધીઓની, આવી વાતો, એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના અંધારા માર્ગનું મોટામાં મોટું અજવાળું. એ અજવાળું લોપીને મને માર્ગ વિનાનો કરી મૂકવો છે?

'તમે ધારો છો તેમ હું દુશ્મનોની કે વિરુદ્ધ ટીકાકારોની, અને તેમની વાતોની યાદી, કોઇ પ્રકારની વૈરલાલસાથી કરતો નથી. પણ હું એટલે ઊંચે બેઠો છું કે આ એક જ માર્ગ મારી જાતસુધારણા માટેનો બાકી રહ્યો છે! હું તો એમ માનું છું કે જેમ આપણો વિરોધી ટીકાકાર વધારે બુદ્ધિશાળી, તેમ આપણને એ માર્ગ ચીંધે એ વધારે પ્રકાશમય. હવે તમે કહેતા હો તો આ યાદી ફાડી નાંખું!'

દરબારીઓ શહેનશાહની વાત સાંભળીને છક્કે જ થઈ ગયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૮] વિદ્યાની મહત્તા

એક વખત એક રાજાને એવી ઇચ્છા થઇ આવી કે પોતાના રાજ્યમાં જે સૌથી શ્રેષ્ઠ વિદ્વાન હોય તેને જાહેર માન આપવું અને એનો સારી રીતે સત્કાર કરવો.

એણે પોતાના પ્રધાનને એ વાત કરી. પ્રધાન ડાહ્યો હતો. તે સમજી ગયો કે જે ખરો વિદ્વાન હશે તે તો રાજાની પડખે પણ નહી ફરકે અને જે બીજા આવશે તે તો, રાજાની વિદ્યા પ્રત્યે આ પ્રીતિ જાગી છે તે પણ ટાળશે ! એટલે બાવાનાં બે ય બગડવા જેવું થાશે !

પણ તે અનુભવથી સમજતો હતો કે રાજાને જો કહીશું કે આ વાતમાં કાંઇ સાર નહિ નીકળે, તો એ માનશે નહિ ! અને વખતે એના મનમાં શંકા જાગશે કે કોઇને માન અપાય છે તે પ્રધાન જોઇ શકતો નથી. માટે મૌન રાખવું ઉત્તમ છે.

તેણે રાજાને એની ઇચ્છા પ્રમાણે જાહેર કરવા દીધું.

અને બન્યું એવું કે પંદર દિવસમાં તો રાજધાનીમાં વિદ્વાનોનાં ટોળેટોળાં ઉભરાવા માંડ્યાં ! એમાંનો દરેક જણ પોતાને સર્વશ્રેષ્ઠ ગણતો હતો. અને એ સર્વ શ્રેષ્ઠ નથી એની શી સાબીતી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે પછી રાજાએ સૌને ભેગા કરી, એમની સાથે પોતે વાતચીત કરવાનો નિશ્ચય કર્યો.

એક પછી એક વિદ્વાનને એ તપાસવા માંડ્યો. એકે કહ્યું: 'પોતે શબ્દશાસ્ત્રમાં નિષ્ણાત છે. અને શબ્દ એ જ બ્રહ્મ છે. માટે એના જેવો બ્રહ્મવેત્તા આમાં બીજો કોઇ નથી!'

બીજાએ કહ્યું: 'શબ્દને તો સૌ કોઇ બોલે છે ને વાપરે પણ છે. પણ અકળ એવા ગગનની ગતિને કોણ જાણે છે? મેં એવો અભ્યાસ કર્યો છે કે એ તમામ ગ્રહોની ગતિનો જ્ઞાતા થયો છું. સર્વશ્રેષ્ઠ વિદ્યા જો આ હોય તો એનો હું સ્વામી છું. ને સર્વ શ્રેષ્ઠ વિદ્યા જો આ ન હોય તો બીજી કઈ છે એ તો મારે પણ જાણવું છે!'

ત્રીજાએ કહ્યું: 'શબ્દશાસ્ત્ર જાણે કે ગગનશાસ્ત્ર જાણે, પણ જ્યાં સુધી જ્ઞાનનો પ્યાલો પીધો નથી, ત્યાં સુધી બધું મિથ્યા છે! અને એ જ્ઞાન એટલે તત્ત્વજ્ઞાન. જીવ, માયા અને શિવના ભેદ. આ જ્ઞાન સર્વશ્રેષ્ઠ છે, માટે એનો જાણનારો સર્વશ્રેષ્ઠ. એ તો વગર કહ્યે જ સમજાય તેવું છે!'

એક વિદ્વાને તો આગળ આવીને કહ્યું: 'હે રાજા! આમાં આટલી ભાંજગડ શી? સૌનાં કપાળ જુઓ ને મારું કપાળ જુઓ! તરત ખબર પડી જાશે કે વિદ્યા કોના ભાલમાં બેઠી છે! રાજાએ પૂછ્યું: 'પણ તમે ખાસ કરીને અભ્યાસ શાનો કર્યો છે?'

પંડિતે જવાબ વાળ્યો: 'એક શાસ્ત્રમાં અભ્યાસ કર્યે શું વળવાનું હતું? હું તો તમામ શાસ્ત્રનો જ્ઞાતા છું!'

રાજાને હવે તો ચિંતા થઈ પડી કે આ વિદ્વાનોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવતાં તો બોલાવ્યા, પણ હવે એમને વિદાય શી રીતે દેવી ?

એટલે એણે હાથ જોડીને સૌને કહ્યું કે આપને સૌને અમે સાંભળ્યા છે. હવે નિર્ણય થયે આપને પાછા બોલાવીશું !

રાજાની નિંદા કરતા વિદ્વાનો ચાલ્યા ગયા. વિદ્વાનોની નિંદા કરતો રાજા પણ મહેલમાં ગયો.

પ્રધાનને થયું કે આમાં તો વસ્તુને નુકસાન થયું છે. વિદ્યાની મહત્તા ઘટી છે. ને જે રાજમાં વિદ્યાની મહત્તા ઘટે એ રાજ તો ગણ્યા દીનું મહેમાન !

એટલે પછી એ રાજાને એક સાચા વિદ્વાન પાસે લઈ ગયો.

આ વિદ્વાનની વાણીની અગાધતા જોઈને રાજા છક્ક થઈ ગયો. તેણે તેને સર્વશ્રેષ્ઠ વિદ્વાનની ઉપાધિ અને સન્માન આપવાની ઇચ્છા બતાવી. પણ પેલા વિદ્વાને કહ્યું : 'હે રાજા ! જ્યાં સુધી તમે વિદ્યાનું માપ કાઢતા નથી, ત્યાં સુધી જ એ તમારા દેશમાં વસી શકે છે. એક વખત એનું માપ કાઢશો, એટલે પછી વિદ્યા નહિ રહે ! વિદ્યા તો સમુદ્ર સમાન છે. એને પોતાનો જ આનંદ છે. પોતાની અગાધતા છે. પોતાનાં ઉચ્ચ શિખરો છે. તમને વિદ્યાનો આનંદ લાગ્યો હોય તો વિદ્યામાં રસ લો. વિદ્વાનોને પૂજવાનું છોડી દો ! કારણ કે મહત્તા વિદ્યાની છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૯] કીર્તિનો મોહ પણ ગયો !

રાસપંચાધ્યાયીના અદ્વિતીય ભક્તકવિ નંદદાસજી-ની આ વાત છે. જે વખતે પંચાધ્યાયીના મહા કવિ નંદદાસજી મથુરાં ગોકુલ વૃંદાવનમાં સ્થિર થઈને રહી ગયા હતા અને આઠે પહોર ભગવદ્‌ભક્તિમાં લીન થઈ ગયા હતા તે સમયની.

આ એ જ નંદદાસજી હતા, જે એક વખત સૌ ભક્તજનોને દ્વારકાં જાત્રા માટે જતા જોઈ, પોતે પણ ત્યાં જવા માટે એમની સાથે ચાલી નીકળ્યા હતા. પણ ભોગ જોગે બન્યું એવું કે એમણે જે જાત્રાળુઓનો સાથ કર્યો હતો તે એક દિવસ આગળ નીકળી ગયા. પોતે રસ્તો જ ભૂલી ગયા અને ભટકતાં ભટકતાં કોણ જાણે કયાંના કયાં નીકળી ગયા !

ત્યાં આ ભક્તકવિની એક કસોટી થઈ. એક એવી તો અદ્‌ભુત રૂપવતી નારીની એને ભેટ થઈ ગઈ, કે સાનભાન બધું ભૂલી ગયા. એના જ મોહમાં પડી ગયા. દ્વારિકાંધીશ દ્વારિકાંધીશને ઠેકાણે રહ્યા ! આ નારી જ એમનું સર્વસ્વ થઈ પડી !

પણ ઈશ્વરકૃપા તે બન્યું એવું કે આ પ્રેમવાર્ત્તા પ્રગટ થતાં, તે સ્ત્રીનાં સગાંવહાલાં લજ્જાથી ગામ છોડીને ભાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા તૈયાર થયાં ! કવિરાજના કોઈ ભાગ્યનો ઉદય થવાનો હશે, એટલે એમને પણ થયું કે, મારે માટે થઈને આ લોકો પોતાનાં ઘરબાર છોડી દે, એના કરતાં હું જ આંહીંથી ચાલી નીકળું ! અને એવો પોતાનો નિશ્ચય જણાવવા માટે એ એમને શોધતા એમની પાછળ ગયા. એ કહેવા માગતા હતા કે તમે સૌ સૌને ઘેર પાછા ફરો. હું ગામ છોડી જાઉં છું. પણ પેલા લોકોને જુદો જ ખ્યાલ આવ્યો. એમને થયું કે આ આપણી પાછળ પડ્યો છે: એમ ધારીને પેલા લોકો તો આગળ ને આગળ ચાલતા ગયા ! એ સંતાકૂકડીની રમતમાં ને રમતમાં એક દિવસ કવિજન સવારે જાગ્યા, તો વૃંદાવન નજરે પડ્યું !

પછી તો ત્યાં ગુરુદર્શન થતાં ચિત્તવૃત્તિ ઠેકાણે આવી ગઈ. મોહ છૂટી ગયો. સ્થિર થઈ ને રહી ગયા. શ્રીમદ્‌ભાગવતનો અનુવાદ શરૂ કર્યો.

પણ જેમ જેમ એ અનુવાદ આગળ વધતો ગયો, તેમ તેમ નંદદાસજીની આંખમાંથી પ્રેમાશ્રુની ધારા વહેવા માંડી ! કામિનીનો મોહ તો છૂટી ગયો હતો, કંચનનો મોહ પણ છૂટી ગયો હતો, પણ હવે તો મોટા મોટા નરપુંગવો પણ જે છોડી શકતા નથી, તે કીર્તિનો મોહ પણ છૂટી ગયો ! પોતે ભાગવતમય થતા ગયા. પદે પદે વૈકુંઠનું દર્શન થતું થયું !

નંદદાસજીના આ ભાગવત–ભાષાંતરની રસખાની અદ્‌ભુત થઈ. જે સાંભળે તે સાંભળીને મુગ્ધ થઈ જાય ! ભક્તકવિની વાણીમાં કાંઈ ખામી હોય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત નંદદાસજી બેઠા હતા. દશમ સ્કંધની વાણીને અંતરમાં ને અંતરમાં બોલીને પ્રેમમગ્ન થઈ ગયા હતા. એટલામાં કેટલાક કથાકારો ત્યાં આવી ચડ્યા. આવીને વાત કરી: 'કવિરાજ! આપની આ અદ્‌ભુત વાણીએ અમારો રોટલો ઝૂંટવી લીધો છે!'

'અરે! હોય નહિ, હું તો ભાગવત પ્રેમથી આ કથા કરું છું, ભાઈ! તમારો રોટલો ઝૂંટવીને મારે શું કરવું છે?'

'પણ તમારી આ બાની સાંભળ્યા પછી, અમારી કથા સાંભળવા કોણ આવે, પ્રભુ? કોઈ આવતું જ નથી ને!'

કવિ નંદદાસજીનું હૃદય ઊંડું ઊંડું ઊતરી ગયું. વાત તો સાચી હતી.

પોતે તો ભાગવતમય બની ગયા હતા. એનું એકે પદ એવું ન હતું જે એમના અંતરમાં બેઠું ન હોય. હવે ગ્રંથ હોય તોય શું ને ન હોય તો ય શું? હા, જો હોય તો પોતાની કીર્તિ ફેલાય!

સામે વહી રહેલાં જમનાજીનાં કાળાં ભમ્મર પાણી તે જોઈ રહ્યા!

'નંદદાસજી!' જાણે અંતરમાંથી અવાજ ઊઠ્યો: 'તું મોટો કવિ હતો એમ લોકો જાણે, એ કીર્તિના મોહ માટે તું તારું આ ભાગવત સાચવી નથી રહ્યો? સાચું બોલજે નંદદાસજી!'

અને એના જ અંતરે પ્રત્યુત્તર વાળ્યો;

'કીર્તિ–નરપુંગવોને પણ દાસ બનાવનારી કીર્તિ–એ લાલસા હજી બેઠી છે ખરી! ઊંડે ઊંડે એ હોવી જોઈએ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિતર આનો રોટલો જાય છે, એ જાણ્યા પછી આ ગ્રંથ એક પળ પણ શું કરવા રાખવો ?'

એમણે ધીમેથી ભાગવતપોથી ઉપાડી. એનાં પાનાં એકઠાં કર્યાં. પંડ્યાઓ એની સામે જોઈ રહ્યા. નંદદાસજી ધીમેથી બેઠા થયા. જમુનાજીના જલમાં પોતાનો ભાગવત અનુવાદ ગ્રંથ પધરાવી દીધો !

'હાં ! હાં ! હાં ! કવિરાજ ! કવિરાજ !' ચારે તરફથી પોકાર ઉઠ્યો.

નંદદાસજીએ બીજો ગ્રંથ ઉપાડ્યો રાસપંચાધ્યાયીનો.

રાસપંચાધ્યાયી પધરાવવા જાય છે, ત્યાં કોઈકનો હાથ બાહુ ઉપર પડ્યો; 'નંદદાસજી ! હવે બસ કરો !'

કાનમાં અવાજ આવ્યો: 'એ રહેવા દો. વસ્તુને લોક–સંગ્રહ માટે સાચવો !'

નંદદાસજી અવાજ સાંભળીને ચમકી ઊઠ્યા. પાછા ફરીને જુએ છે તો સ્વયં શ્રીમહારાજજી પોતે ત્યાં ઊભા હતા !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૦] ઉત્તમ કારીગરોનું રહસ્ય !

જૂના વખતમાં એક ઘણો જ હોંશિયાર સુતાર ચીન દેશમાં વસતો હતો. એ એવી તો નકશી બનાવતો કે જોનાર બે ઘડી આ દુનિયાને ભૂલી જાય !

એક વખત એક જ્ઞાની પુરુષ એ જોવા આવ્યો. નકશી જોઈને છક્ક થઈ ગયો. એને પણ લાગ્યું કે આ કેવળ હાથની કારીગરી ન હોય !

તેણે પેલા કારીગરને પૂછ્યું: 'તમે આટલું સુંદર શી રીતે કોતરી શકો છો ? અને તમારા પછી આ નકશી ચાલતી રહે એને માટે કાંઈ પ્રબંધ કર્યો છે ખરો ?'

સુતારે જવાબ આપ્યો : 'આટલું સુંદર શી રીતે હું કોતરી શકું છું એની તો જાણે મને પણ જાણ નથી. તેમ જ આ સુંદર કહેવાય કે અદ્‌ભુત ગણાય, તેની પણ મને ખબર નથી. અને આ નકશી ચાલતી રહે એના પ્રબંધની પણ મને જાણ નથી. માત્ર આટલી ખબર છે. મારા પિતાએ એક વખત મને બોલાવીને કહ્યું: 'તારે જીવનનો સંપૂર્ણ આનંદ માણવો છે ?'

મેં કહ્યું: 'તમામ માણસની એ જ ઇચ્છા હોય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો આનંદ માણવાની!'

'અને છતાં એ ભાગ્યે જ કોઈને મળે છે, એ તો તું જાણે છે નાં?'

મેં કહ્યું: 'હા.'

મારા પિતાએ કહ્યું, 'ત્યારે હું મારા વર્ષોના અનુભવથી જીવનનો આનંદ શી રીતે મળે છે તે હવે તને કહું!'

પેલા જ્ઞાનીને આ વાતથી જરાક નવાઈ લાગી. એણે મનમાં આનો થોડો ઉપહાસ પણ કર્યો. એણે તમામ શાસ્ત્રો જોઈને શોધી તો કાઢ્યું હતું કે જ્ઞાન વિના આનંદ નથી! એને આ અભણ કારીગર શિખામણ આપવા બેઠો હતો! તેણે પૂછવાની ખાતર પૂછ્યું: 'તમારા પિતાએ શું કહ્યું હતું?'

પેલા કારીગરે જવાબ વાળ્યો.

'આટલું જ; "તું તારું જે કોઈ કામ શરૂ કરે, તેમાં પહેલાં ત્રણ દિવસ પ્રભુને પ્રાર્થના કરજે!"

'હાં, હાં...' લોકો પ્રભુપ્રાર્થનાની સામાન્ય વાત કરે છે તેવી વાત આવતી જોઈને પેલા જ્ઞાનીએ કાંઈક ગર્વથી કહ્યું. 'હાં હાં, એ તો ઠીક.'

'પણ એ ત્રણ દિવસમાં મનને ફક્ત આટલું જ કહેવાનું, હે મારા મન! તું આમાંથી શું મળશે એનો વિચાર ન કરતું. આ મારે હાથે સુંદરમાં સુંદર કેમ બને તેનો વિચાર કરતું રહેજે!

'અને પછી એક દિવસ તું જોશે કે એ સુંદરતામાં માત્ર તારો હાથ નહિ, કોઈ અન્યનો હાથ આવીને પણ કામ કરી ગયો હશે! આ નકશીને ચાલુ રાખવાનો પ્રબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ જ છે!'

'તમે કોઇને આ નકશી આપી છે?'

'મારી આપી તે અપાય તેમ નથી, મહારાજજી! એનો લેવાવાળો આવે એની હું રાહ જોઉં છું! કારણ કે કારીગરીની શ્રેષ્ઠતા હોય તો એ, મારા હાથમાં રહી નથી– એ મનમાં છે. ને મન માત્ર મનની સાથે જ વાત કરવાનું જાણે છે!'

જ્ઞાનીજનને ત્યારે લાગ્યું કે આ માણસે જ્ઞાનને જીવી બતાવ્યું છે. એનો ગર્વ ગળી ગયો. એને પોતાને પણ એક નવું રહસ્ય મળ્યું હોય તેમ એ બે હાથ જોડી રહ્યો. એ મનમાં બોલી રહ્યો હતો. 'જે જાણે છે એ થોડું જાણે છે, પણ જે નથી જાણતો, તે વધુ જાણે છે! આ તો નવી નવાઇની વાત થઈ! એટલે જ કોઇકે કહ્યું છે કે જ્ઞાન આપનારો જ્ઞાન ને અજ્ઞાન બન્ને આપે. જેવો લેનારો. પણ સાદી વાત આપનારો કેવળ જ્ઞાન જ આપે! કારણ કે છેવટે તો સાદાઈ એ જ ભક્તિ છે. અને એ જ પ્રેમ પણ છે! છોકરું ભભકો મારીને મા પાસે જાય છે. પણ માને કોઈ દિવસ ભભકો મારીને છોકરા પાસે જવાનું મન થાય છે ખરું? કારણ? મનો પ્રેમ એ અદ્‌ભુત સાદાઈનું પ્રતીક છે! અને એ પ્રતીક જ તમામ સુંદરતા લાવનારું પણ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૧] કથાકાર અને સાધુ !

જે વખતે ગદાધર ભટ્ટ ભાગવતની કથા કરે, ત્યારે નરનારીનાં ટોળેટોળાં એને સાંભળવા મળે. વૃંદાવનમાં કથાકારો તો અસંખ્ય હતા, પણ ગદાધર ભટ્ટની ભાગવત કથા સાંભળવી એ જીવનનો એક અણમોલ લહાવો હતો.

વૃંદાવનમાં ને આસપાસ વાત ચાલી કે ગદાધર ભટ્ટની વાણી સાંભળવા ખુદ ભગવાન પોતે આવે છે! ભગવાન પોતે પોતાનો મહિમા સાંભળવા આવે, એ તો પરા વાણીની હદ થઈ નાં?

એમાં પણ જ્યારે કથાની શરૂઆતમાં, શ્રી જીવ ગોંસાઈ જેના ઉપર મુગ્ધ થઈ ગયા હતા, એ પદ જ્યારે ગદાધર ભટ્ટ પોતે સંભળાવે,

'સખી હો! શ્યામ રંગ રંગી!'

ત્યારે તો પળ બે પળ આખું સભાસ્થાન જાણે ચિત્રમાં આલેખ્યા જેવું બની જાય!

ગદાધર ભટ્ટે તો અમૃતવાણીનો એક પ્રવાહ વૃંદાવનમાં શરૂ કર્યો. આ તરફ જમુના નદીનો પ્રવાહ, આ તરફ ગદાધર ભટ્ટની વાણીનો પ્રવાહ. એક કલ્યાણસિંહ રજપૂત હમેશાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કથા સાંભળવા આવે. છેક છેવાડે બેસે. શબ્દે શબ્દે ડોલી ઊઠે. એને લાગે કે આ હવે ભાગવત કથા નથી રહી—ગદાધર ભટ્ટે, આ તો જાણે સ્વર્ગગંગાની આકાશી જલધારા આંહી ઉતારી છે!

એક વખત ગોપિકાગીત ચાલે. ગદાધરભટ્ટના નેત્રમાંથી આંસુની ધારા છૂટી છે. સાંભળનારામાં કોઈ જાતે પુરુષ રહ્યો જ નથી. એવી તો વિરહવાણી ભટ્ટજીએ કથામાં પ્રગટાવી કે પુરુષોત્તમ ભગવાન પોતે પણ એ વાણી સાંભળતાં જાણે ડોલી ગયા!

એ વખતે દોડીને કલ્યાણસિંહ ત્યાં ગદાધર ભટ્ટના ચરણમાં લોટી પડ્યો; 'પ્રભુ! આજથી મેં છોડી દીધો!'

'અરે પણ કલ્યાણસિંહ! શું છોડી દીધો?'

'સંસાર!'

અને ખરેખર બીજે દિવસથી જ કલ્યાણસિંહ વિરકત થઇ ગયો. સંસારની કોઈ વાતમાં એનું મન રહ્યું નહિ. જાણે કે એ કલ્યાણસિંહ રજપૂત જ નહિ!

કલ્યાણસિંહની વહુને એ ખબર પડી. ધૂંઆકૂંઆ થતી થતી રજપૂતાણી ત્યાં આવી. ભટ્ટજીને મળી. ભટ્ટજી કહે:

'હું તો ભાગવત કથા કરું છું. મારો એ ધર્મ છે. મેં કલ્યાણસિંહને સંસાર છોડવાનું કહ્યું જ નથી! કલ્યાણસિંહ આવતા હોય તો લઇ જાઓ!'

રજપૂતાણી તો ક્રોધની મારી જાન દેવા તૈયાર થઇ. કોઇકે ફૂંક મારી: 'અરે બાઈ! ગાંડી થા માં ગાંડી! મોટો કથાકાર હોય કે ગમે તે હોય, પોતાની નિંદા કોઇ સાંખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે નહિ. તું કથાપ્રસંગે જ પહોંચી જા ને ભટ્ટજી ઉપર જ આળ ઓઢાડને! ત્રીજે દિવસે એ પોતે જ ઊઠીને કલ્યાણસિંહને કહેશે કે કલ્યાણસિંહ! સંસાર છોડવો ઠીક નથી. બાકી આમ તો નહિ માને. એને પણ મનમાં હોય નાં કે આમ આપણી કીર્તિ વધે છે. આપણી કથા સાંભળીને કૈંક સાધુ થઈ ગયા!'

રજપૂતાણીને એ વાત ગમી ગઈ. કથા ટાણે જ, હજારોના દેખતાં એણે કહ્યું: 'મહારાજજી! રજપૂતને ભેખ લેવરાવ્યો હતો આટલા માટે?'

'બાઇ! શાની વાત છે?'

'ઓ હો હો! રાતે આ જ્ઞાનવાર્ત્તા ક્યાં ગઇ હતી? કાલે રાતે....મારી પાસે આવ્યા ત્યારે? રજપૂતને ભેખ આટલા માટે લેવરાવ્યો'તો?' સભા આખી સાંભળીને સડક થઈ ગઈ, પણ ભટ્ટજીની કથા તો ચાલતી જ રહી.

હજાર વખત એકનું એક જુઠાણું બોલે એટલે એ સાચ થવા માંડે! ભટ્ટજીની આ વાતનું પણ એમ થયું! પણ ભટ્ટજી તો કાંઈ ન હોય તેમ હમેશાં કથા ચલાવે છે! ને હમેશાં નવાં નવાં આળ મૂકતી પેલી બાઈ પણ આવે છે! એને એમ છે કે પોતાની આબરૂ જાળવવા માટે એક દિવસ એ કલ્યાણસિંહને વૈરાગ્ય છોડી દેવા સમજાવશે!

આ પ્રમાણે બહુ હેરાનગતી થઈ. પણ ભટ્ટજીની શાંતિ ડગી નહિ. કથા અટકી નહિ. એક વખત શિષ્યોએ કહ્યું: 'મહારાજ! આજ્ઞા હોય તો આની ખો ભુલાવી દઇએ!'

ભટ્ટજીએ શાંતિથી કહ્યું, 'એમ કરો તો તો મારી કથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રોક થાય. હું જે હમેશાં કથામાં કહી રહ્યો છું એ મને જીવનમાં ઉતારતાં આવડે છે કે નહિ, એ વાતની કસોટી કરવા માટે તો ભગવાને આને મોકલી છે ! કસોટીની મુદત પૂરી થશે એટલે એ એની મેળે ચાલી જશે ! ભગવાન તમને કયે રૂપે આવીને મદદ કરી જાશે એ તમને ખબર જ પડતી નથી !'

અને સૌને ખાત્રી થઇ ગઇ કે કથાકાર ગદાધર ભટ્ટ સાધુ ગદાધર પાસે પાણી ભરે ! કથાકાર કરતાં સાધુ વધારે મહાન હતો !

અને એમ જ બન્યું. ભટ્ટજીની શાંતિ ન ડગી, એટલે પેલી પોતાની મેળે શાંત થઈ ગઈ. અને આખા વૃંદાવનમાં સર્વત્ર પેલું પદ ગૂંજી રહ્યું.

'સખી હો ! શ્યામ રંગ રંગી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૨] તારી ભેટ !

તારી પાસેથી કાંઈક માગવાનો હું વિચાર કરી રહ્યો હતો, પણ શું માગવું એની સમજણ નહિ પડવાથી હે મારા નાથ ! હું કાંઈ માગી શકયો નહિ.

વખત એમ ને એમ ચાલ્યો ગયો. તારા કંઠમાં શોભી રહેલી ગુલાબની માળા મારે માગવી હતી, પણ એ વાત રહી ગઈ તે રહી ગઈ.

સવાર થયું. તેં વિદાય લીધી. તારી માળાની થોડીક ફૂલપાંદડીઓ ત્યાં વેરણછેરણ પડી હતી. અને મેં ભિખારીની પેઠે એ ગુલાબની પાંદડીઓ ભેગી કરવા માંડી !

પણ એટલામાં એક આશ્ચર્ય થયું. મારા માગ્યા વિના જ હે મારા પ્રભુ ! તું મારે માટે એક ભેટ મૂકતો ગયો હતો.

એ ભેટ શી હતી ? ગુલાબ ફૂલની માળા હતી ? કે મોરસલીની—પારિજાતની ફૂલગૂંથણી હતી ?

ના, ના, તેં કોઈ જ પુષ્પમાળા ત્યાં મૂકી ન હતી. કોઈ મધુર સુગંધીની પણ ભેટ આપી ન હતી. સ્વર્ગગંગાના જલકુંભ પણ ભેટ તરીકે આપ્યા ન હતા. તારી ભેટ નવી નવાઈની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેં મને ભેટ તરીકે એક પ્રબળ સમશેર આપી હતી!

વીજળી રેખા જેવી એ તેજસ્વી હતી. વજ્જર જેવી કઠણ હતી.

મારી બારીમાંથી સૂરજનાં પ્રભાતી કિરણો જાણે આવીને મને પૂછી રહ્યાં હતા કે ત્રિલોકના પતિ આંહીં આવ્યા હતા તે તને શું ભેટ આપી ગયા? પંખીઓ પણ જાણે કે એ જ પૃચ્છા કરી રહ્યા હતા! વિશ્વપતિએ કંઈ ભેટ તને આપી છે?

અને હું તો એમને આ ભેટની વાત પણ, કહી શકતો નથી. તલવારની ભેટ એ મારા જેવાને શું કામની? એના વડે હું કોને હણવા જવાનો હતો?

હું તો ત્યાં બેસીને વિચાર કરી રહ્યો કે આ તે કેવી ભેટ છે? હું આને સંતાડું પણ કયાં?

મારું શરીર એટલું નાજુક છે કે એ હાથમાં રાખું તો હું શરમાઉં. છાતી સાથે રાખું તો મને પોતાને જ વગાડી બેસું! અને છતાં આ ભેટ છે, વિશ્વના પતિની. એને હું કયાં સંઘરું?

એ વખતે મને અચાનક એક સ્ફુરણા થઈ આવી. 'હે જાગ્રત જન! આ ભેટનો તું મર્મ સમજે તો એ જેવી તેવી ભેટ નથી.

આ ભેટ તો વિશ્વપતિએ તને એટલા માટે આપી છે કે તારાં પોતાનાં બંધન તારે પોતાને જ કાપવાનાં છે! એટલું રહસ્ય કહેવા માટે આ ભેટ છે.

આ જેની પાસે હોય તેને કોઈનો ભય લાગતો નથી!

અને એ સ્ફુરણા થતાં જ મેં બે હાથ જોડી એ ભેટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રણામ સાથે સ્વીકારી લીધી ! આજથી મારા બધા જ બહારના ઠાઠમાઠને હું છોડું છું ! એ તમામ શણગારો કેટલા ક્ષુલ્લક છે એ હવે સમજાય છે ! હે મારા હૃદયના સ્વામી ! હવે મારે માટે રોવાનું, રાહ જોવાનું, બીવાનું, શરમાવાનું કાંઈ જ રહ્યું નથી ! તેં તારી સમશેર મને આપીને કહી દીધું છે કે તારાં બંધન તું જ ત્વરાથી કાપી શકે. તું જ દૃઢતાથી કાપી શકે ! આ સમશેર આપીને જાણે મને શણગારોનો પણ શણગાર આપી દીધો.

બીજી બધી ભેટ હવે આની પાસે તુચ્છ, ઢીંગલીના ઘરેણાં જેવી તુચ્છ, લાગે છે !

તારી સમશેર તો મારા નાથ ! એક **પ્રતીક** સમાન છે !

પોતાનાં બંધન પોતે જ તોડવાં.

એ પ્રતીક પાસે બીજી બધી જ શણગાર ભેટો તુચ્છ જણાય છે ! *

* 'ગીતાંજલિમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૩] દેશની આબરૂ !

આખો ગાંધાર દેશ વાત સાંભળીને હસી પડ્યો ! અને મધ્યદેશમાંથી આવેલા ચિત્રકારની પ્રશંસા ઘેર ઘેર થઈ રહી.

એવું શું બન્યું હતું ?

મધ્ય દેશમાંથી એક ચિત્રકાર ગાંધાર દેશમાં આવ્યો હતો. ગાંધારના મંત્રીને શંકા પડી કે આ દેખાય છે ચિત્રકાર, પણ લાગે છે કોઇ રાજદ્વારી પુરુષ. માટે એને એવો પાઠ શિખવાડવો ઘટે છે, કે ભવિષ્યમાં ગાંધારમાં પગ મૂકવાની હિંમત ન કરે.

એણે બહુ બહુ વિચાર કર્યો. પછી એક મહા કુશળ કારીગરને બોલાવ્યો. એને કહ્યું, 'તું એક એવી આબેહૂબ પૂતળી બનાવી દે કે જે હલનચલન કરે, ને જોનારને સ્ત્રી જ લાગે ! પણ જો એ એને અડકવા જાય તો કડડભૂસ કરતી નીચે પડે ! '

કારીગર નમીને ઘેર ગયો.

મધ્યદેશનો ચિત્રકાર હમેશાં આંટા મારે. પણ મંત્રી એને મળવાના વાયદા આપે. એને શંકા પડેલી કે આ કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેષધારી છે!

એમ કરતાં એક દિવસ મંત્રીએ કહ્યું :

'કાલે તમારી ચિત્રકૃતિઓ લાવજો, પણ જુઓ આંહીં ગાંધાર દેશની અનુપમ રૂપવતી રમણીઓ પાસે, આ તમારી ચિત્રકૃતિઓ હિસાબમાં નહિ હોય!'

'એમ હોય, પ્રભુ? આપને ખાત્રી થશે કે મેં જે સ્વર્ગ જોયું છે તે પૃથ્વી ઉપર ક્યારેક જ આવે છે.'

ચિત્રકાર પોતાને ઉતારે ગયો. તે આવતી કાલનાં સ્વપ્નાં ઘડતો હતો, ત્યાં દ્વાર ખૂલ્યું. જુએ છે તો એક અનુપમ નારી ત્યાં ઊભી છે! ચિત્રકાર આભો બની ગયો! ત્યાં જે ઊભી હતી તે કોઈ નારી ન હતી, સાક્ષાત્ તિલોત્તમા જ હતી!

ચિત્રકાર પોતાની શુધબુધ વીસરી ગયો. એટલામાં તો પેલી નારી અંદર આવી, ને નૃત્યનો એકાદ પ્રેમ અભિનય કરીને શાંત ઊભી રહી!

ચિત્રકારે તેને પાસે બોલાવી.

નારી ચાલી, પણ છેક પાસે ન આવી. ચિત્રકારે તેને વધુ પાસે આવવા પ્રાર્થના કરી!

જવાબમાં એક પ્રેમભર્યું હાસ્ય સંભળાયું. ચિત્તને ઉન્મત્ત કરી મૂકે તેવું, હૃદયને અસ્વસ્થ કરી નાખે એવું. જાણે કે એ હાસ્ય ન હતું—પ્રેમ આવાહનની રમણીય છટા હતી.

હવે ચિત્રકાર આગળ વધ્યો.

તેણે પેલી મનોહર સ્ત્રીના હાથને સ્પર્શ કર્યો, પ્રેમ-વિહ્વળ વાણીમાં જ બોલ્યો : 'આહા! મારી કૌમુદી...'

પણ એનો શબ્દ એના મોંમાં જ મરી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડકડ ભૂસ કરતી પેલી નારી ધરતી ઉપર જ ઢળી પડી હતી. એના છુટાછવાયા વેરાઇ ગયેલા કાષ્ટના કકડાના અવાજે ચિત્રકારને જગાડી દીધો : એની મોહનિદ્રામાંથી ! અને એટલામાં તો હજારો વીંછીના ડંખ જેવું કોઈનું અટ્ટ-હાસ્ય પણ પાછળથી સંભળાયું !

આંગળી કાપી હોય તો લોહીનો છાંટો ન નીકળે એવો શરમીંદો બનીને ચિત્રકાર એક ખૂણામાં બેસી જ ગયો !

પણ તે આખી રાત એને નિદ્રા આવી નહિ.

બીજે દિવસે એ ક્યાંય જઈ શક્યો નહિ. એના મનનો ઘા એને ભોંય ભેગો કરી રહ્યો હતો !

તે આખી રાત એણે જાગરણ કર્યું. પોતાના ખંડના પ્રવેશદ્વાર ઉપર બેઠાં બેઠાં કામ કર્યા જ કર્યું.

ચિત્રકાર શું કરે છે, કેમ કાલે બહાર નીકળ્યો નહિ, એ જોવા માટે ઘરનો માલિક આવ્યો, પણ તે ત્યાં બારણા પાસે જ અવાક્ બનીને થંભી ગયો. એના મોંમાંથી અરેરાટી નીકળી ગઈ, 'અરે ! બિચારો પરદેશી !' એવી દયા–વાણી નીકળી ગઈ !

ચિત્રકાર ત્યાં દોરડે લટકતો હતો ! દેખીતી રીતે પેલું ભયંકર મશ્કરીભર્યું હાસ્ય એ સહન કરી શક્યો ન હતો !

માલિકના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. પોતે મોટા હાસ્યથી ચિત્રકારની ફજેતીને કાલે ઉઘાડી પાડી દીધી હતી, એ એને યાદ આવ્યું !

મધ્યદેશના ચિત્રકારે પોતાનો દેહ દોરડે લટકાવી દઈ, ફાંસો ખાઈને ઘરને ગોઝારું કર્યું હતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતના કાયદા પ્રમાણે એણે આ વાત તરત પ્રધાનને કરવી જોઈએ, એટલે એ પ્રધાનને વાત કરવા દોડ્યો. પ્રધાનને પણ નવાઈ લાગી. આટલા બધા મુલાયમ સ્વભાવવાળો માણસ રાજદ્વારી કર્મચારી હોઇ ન શકે. પોતે બરાબર પરીક્ષા ન કરી શક્યો માટે પસ્તાયો.

મુખ્ય માણસોને લઈને તે પેલા ગૃહસ્થને ઘેર ગયો.

લટકેલા ચિત્રકારને ઉતારીને યોગ્ય માનપાનથી અગ્નિદાહ દેવાનું નક્કી કર્યું.

માણસો તેને દોરડેથી ઉતારવા માટે ગયા!

પણ જેવા ચિત્રકારને દોરડેથી ઉતારવા જાય છે કે માણસો સ્તબ્ધ જેવા મોંમાં આંગળાં નાખીને ઊભા રહ્યા!

ત્યાં કેવું દોરડું ને કેવો ચિત્રકાર! આબેહૂબ એક ખાલી ચિત્ર લટકતું હતું, પણ એવું હૂબહૂ કે જોયા જાણ્યા છતાં પેલો ભ્રમ સત્ય હોય ને આ સત્ય ભ્રમ હોય તેમ જોનારાના પગ ત્યાં ચોટી ગયા હતા!

તપાસ કરી ત્યારે ખબર પડી કે મધ્યદેશનો ચિત્રકાર તો રવાના થઈ ગયો હતો!

આખો ગાંધાર દેશ આ વાત જાણીને હસી પડ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૪] એક નાનકડી મુસાફરી !

મેં જે મુસાફરીઓ પગે કરી છે તે મારા હૃદયમાં કવિતા થઈને બેઠી છે. એવી એક નાનકડી મુસાફરી વર્ષો પહેલાં કરેલી આજે મને યાદ આવે છે.

સાત આઠ ગાઉનો જ ગાળો હતો. સવારમાં ચારેક વાગ્યે હું ઘેરથી રવાના થયો હતો. મેં માન્યું કે નવેક વાગે મારે પહોંચવું છે, ત્યાં પહોંચી જવાશે.

અને બરાબર એ પ્રમાણે પહોંચી પણ ગયો. રસ્તા ઉપર એક તરફ એક નાની ઝૂંપડી, થોડાં વૃક્ષો ને અંદર કૂવો જોઈને ડોકિયું કરવાનું મન થઈ આવ્યું.

અંદર ગયો તો કૂવાની ચારે તરફ પથ્થરની પાકી ભીંત હતી. ને એક તરફ એક ડોલ ને સીંચણીયું હતાં. નાના ઘાટને એક ઓટલો કરતો બાંધ્યો હતો. અને ઓટલામાં ઠેર ઠેર બામણાં કરીને કરેણના છોડ વાવ્યા હતા.

આટલો ભાગ સરસ લાગ્યો, એટલે જરાક અંદર દૃષ્ટિ કરી, તો તદ્દન નાના બેઠાઘાટનું એકઢાળિયાની જાતનું માટીનું મકાન ત્યાં દેખાયું. કૂવાની ને મકાનની વચ્ચે મોટો ચોક હતો. એમાં ગાર ગોરમટી હતી. ચોકમાં અનેક વૃક્ષો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. ફળવૃક્ષો હતાં. છાયાવૃક્ષો પણ હતાં: પણ એમને લીધે એટલો ભાગ આકર્ષક રીતે રમણીય લાગતો હતો. મનમાં થયું કે આંહીં સાધુ બાવો જે કોઈ હોય તે આવી જાતનો દેખાવ રાખવા માટે પણ ધન્યવાદને પાત્ર છે. જેનું સ્થાન આવા મોટા રસ્તા ઉપર હોય તે આવી રીતે એને રાખે એ પણ એક પ્રકારનું લોકસંગ્રહી કામ છે.

એટલામાં એક વૃદ્ધ ડોસા જેવો માણસ આવતો દેખાયો. તે મજૂર જેવો લાગતો હતો. તેના એક હાથમાં પાણીની ગાગર હતી. ઝાડને બાંધેલ કૂંડામાં એ પાણી રેડવા આવતો હતો.

હું એની સામે જોઈ રહ્યો, એના બહતલ માયાભર્યા કરચલીવાળા ચહેરામાં અમુક પ્રકારની મીઠાશ હતી. પણ એ મીઠાશમાં એક પ્રકારની કરુણતા બેઠી હતી.

હું ત્યાં થોડીવાર બેઠો. પાણી પીધું. ડોસો પોતાના કામમાં તલ્લીન હતો. એ આંહીં મજૂર હતો કે આ જગ્યાનો માલિક હતો, તે કાંઈ પત્તો લાગ્યો નહિ. જગ્યાની સ્વચ્છતા સાધુઓ જેવી હતી, એટલે મેં એને મજૂર ધારી લીધો. કોઈ સાધુની જગ્યા હશે એમ માન્યું. જો કે ત્યાં કયાંય કોઈ સ્થાન દેખાયું ન હતું.

થોડીવાર ત્યાં બેસીને પછી હું પાછો ચાલતો થયો. થોડે દૂર ગયો, ત્યાં એક માણસ આવતો દેખાયો. એના હાથમાં ભાત હતું. મેં એને રોકયો:

'આ જગ્યા કોની છે? કોઈ સાધુની છે?'

'ના ના. ઈ તો મારા કાકાની છે. ત્યાં બેઠા નથી?'

'એક માણસ છે ખરા. ઝાડને પાણી પાતા હતા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે એ જ !'

'પણ તમે કેવા છો ?'

'કેમ ? અમારે ખેડ છે. અમે કોળી છીએ. મારા કાકાનું એકું છું. કાકાને કોઈ છે નહિ !'

'એકલા છે ?'

'છોકરો એકનો એક હતો, મારો ટપુડો ભાઇ, તે કોગળિયું ફાટયું નો'તું ? ઇમાં ગ્યો. ને મારી કાકી હતી ઇ તો ભાગી ગઈ. બસ, ત્યારથી કાકો ઝાડ ઉછેરે છે. પાછળ વાડામાં ગ્યા'તા ?'

'ના. વાડો છે ?'

'તંઈ નહિ ? જોવા જેવો તો ઈ છે. હાલો, આ ભાત દઈને હું પણ પાછો ગામમાં આવવાનો છું !'

મને આ માણસની વૃત્તિમાં રસ લેવા જેવું લાગ્યું.

'છોકરો એકનો એક મરી ગયો પછી કાકાએ બસ, ઝાડને પોતાનાં છોકરાં બનાવ્યાં છે. આખો દિવસ ઝાડ ઉછેરે. કહે છે મારાં આ છોકરાં !'

'અરેઅર ?'

'તંઈ નંઈ ? તમે જો જો ને વાડામાં. પચાસ તો આંબા છે. ઠીક થયું, કાકાને આ જ્ઞાનગોળી લાગી ગઈ. નહિતર થાય જગા શેઠ જેવું !'

'જગો શેઠ કોણ ?'

'નથી ઓળખતા ? આ ગામમાં જુઓ, પેલી ઊંચી મેડીયું દેખાય ઈ જગા શેઠની !'

'એનું શું થયું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એનો પણ એકનો એક છોકરો કોગળિયામાં જ મરી ગ્યો. ને એનું ફટકી ગ્યું. આખા ગામમાં ઈ રખડે. મારા કાકાનું પણ ફટકી જાત. પણ ઈ આ ઝાડને રવાડે ચડી ગ્યા. નહિ નહિ તો એણે સો ઝાડવાં વાવ્યાં હશે.'

એટલામાં અમે પાછળના વરંડાની ઓપલીએ આવી પહોંચ્યા હતા.

મેં ત્યાં દૃષ્ટિ કરી ને હું છક્ક થઈ ગયો.

ખરેખર કોઈ કુટુમ્બનો જાણે મેળો ભરાયો હોય તેમ વૃક્ષો ત્યાં ઊભાં હતાં. અને એક જાતનું માનવતાભરેલું હાસ્ય એમના ચહેરામાંથી આવી રહ્યું હતું !

હું એ દૃશ્ય જોઈ જ રહ્યો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૫] કીર્તનનો જન્મ!

વિશ્વંભર પંડિત વિદ્યાર્થીઓને ભણાવે છે, પણ એનું ચિત્ત કોણ જાણે કયાં રમતું હોય છે! વિદ્યાર્થીઓ પોતાના ગુરુની આ દશા જોઈને મનમાં ને મનમાં મૂંઝાય છે. ગુરુજી પિતૃશ્રાદ્ધ કરવા ગયા, ત્યાંથી કોણ જાણે શું લઈને આવ્યા હતા!

વિશ્વંભર પોતે પણ વાત સમજે છે. બે હાથ જોડીને વિદ્યાર્થીઓને કહે છે: 'ભાઈઓ! તમને આપવાનું હું આપી શકતો નથી, એ હું જાણું છું. પણ કોણ જાણે શું થાય છે. મારા ચિત્તમાં કોઈ વસ્તુ જાણે આવી પડી છે, અને હું મારી જાતને એમાં ખોઈ બેઠો છું!'

કોઇ કાંઇ સમજતું નથી. પંડિત વિશ્વંભર વધુ સમજાવી શકતા નથી.

એ વખતે હજી એ ભગવાન ચૈતન્યના નામથી પ્રસિદ્ધ થયા નથી. પંડિત વિશ્વંભરના મોટાભાઈ સંન્યાસી થઈ ગયેલા. માતા શચીને એમનો ચહેરો બરાબર યાદ. માતા મોટા પુત્રને ભૂલી શકયાં ન હતાં.

એક દિવસ એક ચમત્કાર થયો. પંડિત વિશ્વંભરના ઘર આંગણે એક સંન્યાસી ચાલ્યો આવ્યો.

રૂપે ચહેરે મોરે જાણે પોતાનો મોટો દીકરો જ આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એમ જાણીને માતા શચી એને આવકાર આપતાં સામે દોડ્યાં.

પણ પાસે આવતાં જ એ થંભી ગયાં. છે પોતાના મોટા પુત્રની જ પ્રતિકૃતિ: પણ આ સંન્યાસી જુદી જ જાતનો જણાય છે.

હસીને બે હાથ જોડીને સંન્યાસી કહે છે; 'માતાજી! આનંદ પામો, આનંદ પામો, મને જ તમારો પુત્ર માની લો. હું અવધૂત નિત્યાનંદ છું! પણ આંહીં તો એક કામે આવ્યો છું.'

માતા સાંભળતાં રહ્યાં. તેનું હૃદય હૃદયમાં બેસી ગયું.

પણ એટલામાં પંડિત વિશ્વંભર ત્યાં આવ્યા. અને જાણે કે કેટલાય યુગની ઓળખાણ હોય તેમ બન્ને વાતોમાં પડી ગયા!

માતા શચી હૃદયમાં સંભારે છે તો નિત્યાનંદના ચહેરામાં મોટો પુત્ર, રેખાએ રેખામાં બેઠેલો દેખાય છે. આમ બરાબર નિહાળીને જુએ છે તો નિત્યાનંદ જુદો જ જણાય છે!

માતા દ્વિધાવૃત્તિમાં પડ્યાં છે. પોતાનો પુત્ર છે એમ કહી શકતાં નથી, પોતાનો પુત્ર નથી, એમ ચોક્કસ માની શકતાં નથી

એક ઘડીએ લાગે છે, ખોવાયેલો પુત્ર પાછો આવ્યો છે!

બીજી ઘડીએ લાગે છે, ના ના, એ તો મનના ઘોડા છે!

પણ નિત્યાનંદ ને વિશ્વંભર પંડિત બન્ને ભેગા થયા, જાણે કે એક મહાન ચમત્કાર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈને ખબર ન રહી પણ એક અદ્‌ભુત પદાર્થ પૃથ્વીમાં આવી રહ્યો હતો.

અત્યાર સુધી જલધર પંડિતના પુત્ર શ્રીવાસના વાડામાં ભજન ચાલતાં ને લોકો ધૂન મચાવતા.

પણ એક દિવસ પંડિત વિશ્વંભર ત્યાં આવ્યા, ને એ આખી વસ્તુના રૂપ રંગ જ ફરી ગયા.

પંડિત વિશ્વંભરે તે દિવસે જે કીર્તન ત્યાં કર્યું, પૃથ્વી ઉપર તે દિવસે કીર્તન જન્મ્યું. પ્રેમસાગરની છોળ ઉપર તરતાં શિશુઓ જાણે પિતા જગન્નાથને મળવા આકુળ વ્યાકુળ થઈ ગયાં હોય તેમ, પંડિત વિશ્વંભરનું એ કીર્તન ત્યાં જન્મતાં લોકો વિશ્વપિતાને જોવા આકુળ વ્યાકુળ થઈ ગયા. કીર્તન તે દિવસે જન્મ્યું. ત્યાં સુધી એ ભજન હતું!

કીર્તન પૂરું થયું, પણ ભગવાન કૃષ્ણની બંસી જાણે એમાંથી આવી રહી હોય એવી મધુર છટા વાતાવરણમાં પ્રગટી રહી હતી! ગોપ દેખાતા હતા, ગોપવૃંદ જણાતું હતું, વૃંદાવન જાણે ડોલી રહ્યું હતું, મુરલીની મધુરતમ સ્વરાવલિ હવામાંથી આવી રહી હતી!

તે દિવસે પહેલવહેલાં ખબર પડી કે જેમ ચંદન મંજરી હવામાં સુગંધ ફેલાવે છે, તેમ શબ્દો પણ પ્રેમસાગરની છોળને પ્રગટાવે છે.

ત્યારે તો સૌને ખબર પડી કે જગન્નાથજીનો સાગર મોટો છે, પણ પ્રેમનો સાગર એના કરતાં મોટો છે.

અને પંડિત વિશ્વંભર પાસે પ્રેમનો સાગર ભર્યો છે!

કીર્તન જન્મ્યું. અને એણે જન્મતાં જગતને જીત્યું.

અને પંડિત વિશ્વંભર ચૈતન્ય પંથે પળી રહ્યા હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૬] હે છન્ન !

સવારના નવ સાડાનવ થયા હશે. હમેશના નિયમ પ્રમાણે હું મારા કામમાં તલ્લીન હતો. બોશરીનું બારણું ઉઘાડું રહે છે તેમ ઉઘાડું જ હતું.

એ વખતે એક માણસ ત્યાં આવીને બેસી ગયો. એટલી વિનયતાથી એ ચુપચુપ આવીને બેસી ગયો હતો કે, મારી નજર ઊંચે ગઈ, ત્યારે પહેલાં તો એના તરફ દૃષ્ટિ પડતાં મને આશ્ચર્ય થયું. તેની આંખો ધરતી ઉપર ઢળેલી હતી. ચહેરામાં શોકનો પાર ન હતો. એની ઉદાસીનતા એના બેસવામાં પણ દેખાઈ આવતી હતી. એણે પાથરણું પણ જરા આઘું કરીને કેવળ ધરતીને ખોળે બેસવાનું ઠીક માન્યું હતું.

મને નવાઈ લાગી. આવી રીતે અચાનક મારા સાન્નિધ્યમાં આવીને ચુપચુપ બેસી જનાર કોણ હશે ?

એટલામાં એણે જ કહ્યું: 'હું આપને મળવા આવ્યો છું !'

મેં હાથ ઉપરનું કામ એક તરફ ધકેલી દીધું. ગુલાબનું ફૂલ જૂઈની સાથે વાત કરવા જતું હતું, એ પ્રસંગને આઘે રાખી દીધો.

'બોલો ! શું કામ હતું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે ઈશ્વરમાં માનો છો?' તેણે એક વિચિત્ર સીધો સવાલ કર્યો.

આ સવાલની મેં આશા રાખી ન હતી. એટલે થોડીવાર હું જવાબ આપી શક્યો નહિ. મેં કહ્યું: 'કેમ એવો સવાલ કર્યો?'

'મારે તમને એક વાત કહેવાની છે...' તેણે કાંઇક મંદસ્વરે કહ્યું.

'પણ એમાં ઈશ્વર વિષે કેમ સવાલ કર્યો?'

'કારણ કે એ વાતના ઉકેલમાં એ સવાલ ઊભો થાય છે!'

'શું વાત છે?'

'હું પરબડીનો રહીશ છું. મારું નામ ચરણદાસ. જાતનો... છું. મારી પાસે સારી એવી મિલકત હતી. બાપદાદાએ ખાતાં ન ખૂટે એટલો વારસો મૂકયો હતો. મારો વિવાહ મારા પિતાના જીવતાં જ પાસેના વીજપડી ગામે થયો હતો. રૂપ ગુણ અને શક્તિ ત્રણેના સુમેળમાંથી ઊભી થતી એક સદ્‌ગુણી સ્ત્રી મને મળી હતી. એને મારા ઉપર પ્રેમ હતો, મને એના ઉપર હતો. અમે સુખી હતાં. એનામાં સંસ્કાર હતા. મારામાં પ્રેમ હતો.

હવે એવું બન્યું અમારી પડોશમાં એક બાવો રહેતો હતો. તે અલકમલક માગતો ને કેક વેષ ભજવતો.

જ્યારે એ અલકમલક માગીને આવે ત્યારે છ મહિનાની ખરચી લાવે. ને છ મહિનાની વાતો પણ લાવે. એક એકથી ચડિયાતી. સાચી ખોટીનો સવાલ નહિ. એને વાત લડાવીને કહેતાં આવડતી. ચાંદની રાતે એની વાત સાંભળનારો ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠી શકે નહિ. એ વાતમાં રસ મૂકતો.

એક વખત એણે એક એવી અજબ વાત કરી કે અમે સૌ સાંભળનારાં એ વાત સાંભળીને છક્ક થઈ ગયાં. બહુ સરસ વાત હતી. સાચી હતી કે નહિ તે ભગવાન જાણે.

'શું વાત હતી?'

'એ માગતો માગતો એક ઠેકાણે જઈ ચડ્યો. ગરીબ કુંભારનું ઘર હતું અને બાવાજી ત્યાં રાતની રાત ઓશરીમાં પડ્યા રહ્યા.

'અરધી રાતે ઘરની વહુ કાંઈ કામે જાગી. જાગીને એણે એક લાકડાનો કકડો આડીમાંથી ખેંચી કાઢ્યો. પછી કોણ જાણે શું કર્યું તે કકડો દીવાની પેઠે બળતો થઈ ગયો.

'એને આધારે ઘરની વહુએ પોતાનું કામ કર્યું. પછી લાકડાને આડીમાં મૂકીને સૂઈ ગઈ.

'બાવાજી આ સૂતા સૂતા જુએ. તેમણે આ બધું જોયું. એનું મન ચળ્યું. એણે સવારમાં વહેલો આ કકડો ઉપાડી લીધો ને અંબેરી મૂક્યાં.

'આ કકડો એણે અમને સૌને બતાવ્યો હતો.

'પણ એણે કહ્યું હતું કે આ કકડો બધી શક્તિ ધરાવે છે. એ પાણીમાં રસ્તો કાઢે. રૂપાનું સોનું કરે. ધારે તે કરે. અમે કોઈએ એનું માન્યું ન હતું. એની આટલી અઢળક શક્તિની વાતથી અમે હસી પડ્યાં હતાં. અમે એને ગાંડો ધાર્યો હતો.

એ વાત પતી ગઈ. કોઈએ એમાં ધ્યાન આપ્યું નહિ. આ બાવાની વહુનું નામ ગંગલી. અરધી ગાંડી ગણાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સાચક હતી.

એક વખત મધરાતે એણે મારા બારણાની સાંકળ ખખડાવી. મને નવાઈ લાગી. હું ઉતાવળો ઉતાવળો ઊઠયો. ફ્રાનસ લીધું, લાકડી લીધી. બડકી ઉઘાડી, ગંગલી ત્યાં ઊભી હતી.

'બાવાજી આવ્યા છે?' તેણે ઉતાવળે પૂછ્યું.

મેં એના પ્રશ્નને ગાંડપણમાં ગણી કાઢયો. 'અરે ગાંડી! અત્યારે આંહીં બાવાજી કેવા?'

'તો તો ગયા! પણ જુએ તો તમારું શું લેતા ગયા છે!'

'મારું? તું તો ગાંડી જણાય છે!'

'પણ જુએ તો ખરા!'

એના બોલવાથી મને શંકા પડી. જઈને મારી પત્નીને જગાડી, પૂછ્યું:

'બાવાજીને તેં કાંઈ આપ્યું છે?'

'કોણે મેં? તમે કાંઈ ગાંડા થયા છો?' વાત એની સાચી હતી. બાવણ એના ગાંડપણમાં વધુ પડતી સાચક થવા આવી હશે. આના વિષે એવી શંકા જ અસ્થાને હતી.

મેં એને ત્યાં વાત કરતો રોકીને કહ્યું: 'વાત શું છે એ મને ખબર નથી. છતાં મને લાગે છે આટલેથી વાત અટકી ગઈ હોત તો એની મર્યાદા રહી જાત. જીવનમાં ભયંકર કરુણતા અટકી જાત, સાચું છે?

એણે ડોકું ધુણાવ્યું. મેં કહ્યું: 'કેટલીક વખત જીવનમાં જે જાણતા હોઈએ તે પણ ન જાણતા હોઈએ તેમ વર્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં જ સત્યની ઉપાસના રહી છે. પણ તમે વાત આગળ ચલાવો. પછી શું થયું ?

'મેં તરત તેને પ્રશ્ન કર્યો: 'કયાં છે તારી કંઠી લાવ તો !'

'તેણે ફુંફાડા સાથે જવાબ વાળ્યો: 'તમે શોધી લો. મારી પાસે નથી.'

'એ જ વખતે બહાર ઓશરીમાં પગરખાં ખખડ્યાં. અવાજ થયો. ત્યાં મેં દૃષ્ટિ કરી તો બાવોજી પોતે ઊભા હતા. મને નવાઈ લાગી.

'પણ વધુ નવાઈ હવે આવવાની હતી. નવાઈ પણ આવવાની હતી, અને જીવનનૌકાનો અંત પણ આવવાનો હતો. બાવાજી આગળ વધ્યો. તેણે મારા પગ પાસે એક ઝોળી ઠાલવી. એમાંથી મારાં જ ઘણાંખરાં ઘરેણાંનો ઢગલો થયો.

'મેં એક ઘૃણાભરી તિરસ્કારદૃષ્ટિથી મારી પત્ની તરફ જોયું.

'તે બે હાથે મોં ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી.

'બાવાજી ભાગ્યા તો ખરા પણ પછી હારણ હતા એટલે પકડાઈ જવાની બીકે તરત પાછા વળી ગયા હતા. એને ગંગલીની બીક પણ હતી. ઘેર આવ્યા ને ગંગલીને જોઈ નહિ એટલે સમજી ગયા કે ગંગલી વાવલવા પહોંચી ગઈ લાગે છે.

'એટલે વાત આગળ વધે તે પહેલાં જ આવી પહોંચ્યા.

'નહિતર તો એ બીજે દિવસે સવારે બધાં છાનાંમાનાં પાછાં આપી દેત. ને વાતને ધરતી ખાઈ જાત. એટલું જ નહિ ધરતી એ વાત ખાઈ જાત તો અમારી વાત નભી જાત.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં કહ્યું:

'અથવા તો તમે પ્રશ્ન પૂછીને ગૌરવ ભંગનો અનુભવ ન કરાવ્યો હોત તો પણ ચાલી જાત.'

આપણને ખબર નથી. અસત્ય હમેશાં માનવતાના ગૌરવ-ભંગમાંથી પોતાનો ખોરાક મેળવે છે. હં, પછી?'

'આ વાતને વર્ષો વીતી ગયાં. પણ એની ગાંઠ જીવનમાં ઘર કરી બેઠી તે ઘર કરી બેઠી. પછી એ ગઈ નહિ.

'વર્ષો પછી મને લાગ્યું કે હવે હું ઘરવખરી ઠેકાણે પાડી જીવનું કલ્યાણ કરવા જાત્રાએ નીકળી પડું. મેં બધું ઘરેણું ગાંઠું ભેાં ભેગું કરી દીધું. ઘરનો બંદોબસ્ત કર્યો. અને પછી હું જાત્રા કરવા ચાલી નીકળ્યો. અમારે કાંઈ સંતાન હતું નહિ. મારી પત્નીને ભેગી લીધી.

'જાત્રામાં મને કોણ જાણે શું કુમતિ સુજી, જે જગ્યાએ કોલેરા હતો ત્યાં હું ગયેા. મારી પત્ની એકાદ ઠેકાણે ગાડી ચૂકવાથી રહી ગઇ. હવે આંહીં મને કોલેરા લાગુ પડયેા. એમાંથી હું બચી તો ગયેા, પણ મારી સારવાર કરનારને એક કાગળ લખવા મેં કહી દીધેલું, તે કાગળ પહોંચી ગયેા. મારા મૃત્યુ સમાચાર એમાં આવી ગયા રોકકળ થઇ હશે કે જે હોય તે. પણ સાજા થયા પછી પણ એ મૃત્યુને રહેવા દેવાની જ કુમતિ મને સૂજી.

'કોલેરા એવો સખત હતો કે કોઈ કોઇનું ન હતું. મારી પત્ની આવેલ ન આવેલ કાંઈ પત્તો જડયો નહિ. પછી હું ફરતો ફરતો ત્રણ ચાર મહિને ઘેર આવવા નીકળ્યેા.

'એ વખતે મને થયું કે હવે તો અકસ્માત જ જવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે હું અકસ્માત જ ઘેર ગયો. ઘર બંધ હતું. રસ્તામાં આંટા માર્યા, સાંજ પડી ગઈ હતી. ગંગલી ત્યાં બેઠી હતી. પણ એ ગાંડી જેવી લાગતી હતી. એણે ચીંથરાં ભેગાં કર્યાં હતાં. ને એ એને સાંધતી હતી.

મેં જઈને પૂછ્યું, 'ગંગલી! બાવાજી ક્યાં છે?'

તે હસતી હસતી દોડી ગઈ.

મેં ગમે તેમ કરીને ઘરના ફળીમાં પ્રવેશ કર્યો.

ધીમેથી એક તરફની ભીંતે ચડ્યો, અંદર દૃષ્ટિ કરતાં મારી ચાર આંખ થઈ ગઈ!

બાવોજી ને મારી પત્ની બન્ને ઘરેણાંગાંઠાં મેળવવા આખું ઘર ખોદી રહ્યાં હતાં.

ત્યારથી હું ઈશ્વરમાં માનતો નથી.'

મેં કહ્યું: 'બસ આટલું જ?' તેણે કહ્યું: 'હા'

મેં તેના સામે જોયું. પછી ધીમેથી કહ્યું: 'આનો એક જ ઉત્તર છે!'

'શું?'

'હે છન્ન!'

'એટલે?'

'એટલે ખરી રીતે તો કાંઇ નહિ. પણ આપણે એને અર્થ આપીએ તો એમ કે જે વખતે જે પ્રગટ ન કરવા જેવું લાગે, થોડું ઘણું અસત્ય નભાવી લેવાથી માનવ ગૌરવ રહી જતું લાગે, તો, એ જોયું ન જોયું કરનાર માણસ, જીવનની અભંગ નૌકા સાચવી રહે છે. તમે એ તક જવા દીધી. એ વખતે તમારે 'હે છન્ન!' એટલે કે હે ધરતીમાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તારા પેટમાં સમાવવાની જરૂર હતી.

તે તમે ન કર્યું તો તમે જીવન ખોયું. અને ઈશ્વર પણ એટલા માટે જ ખોયો છે. બાકી આમાંથી આવો કોઇ મોટો પ્રશ્ન ઊભો થતો નથી, બીજું કાંઇ કહેવાનું છે ?

'હા.'

'શું ?'

'મારું અંતર મેં બરાબર તપાસ્યું હતું. એમાં પા રતી પણ અસત્ય ન હતું. છતાં મને અસત્ય કેમ મળ્યું ?'

'તમને સત્યમાં સાચેસાચી શ્રદ્ધા કેટલી છે તે જોવા. સત્યના સો તોલામાં ઘણી વખત પા રતી પણ શ્રદ્ધા હોતી નથી, તેનું શું ?'

'સત્યથી શ્રદ્ધા જુદી વસ્તુ છે ?'

'સત્ય તો શ્રદ્ધાની આંગળીએ વળગેલું એક નાનકડું બચ્ચું છે. એ સત્ય એટલે નિયમ, વચનપાલન વગેરે. પણ શ્રદ્ધા એટલે એનાથી એક પગલું આગળ. માણસમાં સત્ય હોય છતાં એ અસત્ય પામે, તો પણ, એ કોઈ અચલ નિયમનને આધારે છે, માટે એ બરાબર છે. આ કેવળ શ્રદ્ધા જ કરી શકે.'

તેના મનનું સમાધાન તો થયું લાગ્યું નહિ. પણ તે ગયો.

તેના ગયા પછી મને એક વિચાર આવી ગયો: 'આપણે એક રતિમાત્ર માનવગૌરવ સમજતા રહીએ–કયાંય અસત્ય નહિ રહે. કયાંય દુઃખ પણ નહિ રહે !'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૭] કારણ ?

પ્રથમ તો અવિવેક લાગ્યો. પણ જ્યારે આઠ દસ વખત એ નું એ સાંભળ્યું, ત્યારે થયું, હવે તો પૂછવા દે.

'નગીનભાઈ ! તમે કેમ આટલી બધી વખત 'લીલુ!' 'લીલુ !' એમ કર્યા કરો છો ?'

લીલુ ઊઠીને અંદર કાંઈ કામે ગઈ, તે વખતે મેં નગીનભાઈને સીધી રીતે જ પૂછી લીધું.

'લીલુને તમે નથી જાણતા કે શું સાહેબ ? એ મારી પત્ની છે !'

'એ તો બરાબર છે. પણ તમે તો શબ્દે શબ્દે બોલો છો 'લીલુ ! લીલુ !' એટલે મને પૂછવાનું મન થઈ આવ્યું !'

'એવું છે સાહેબ ! આ બહુ જ 'ફોરવર્ડ' છે. અમારી નાતમાં તો આવું મળે જ નહિ. મારાં બરેબરાં ભાગ્ય છે કે આવું બૈરું મળી ગયું છે. એટલી 'એડવાન્સ.'

'લીલુ ! ભાઈને તો નવાઈ લાગે છે . . .' એટલામાં સામેથી લીલુબેન હાથમાં બે પ્યાલા ચા ના લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલ થતાં હતાં એટલે નગીનભાઈએ એને જ વાત કરી: 'ભાઈને તો નવાઈ લાગે છે!'

લીલુ હસી પડી. એ પણ નગીનભાઈના પળે પળે બોલાતા શબ્દની મનમાં મશ્કરી જ કરતી હોવી જોઈએ: 'ભાઈને શાની નવાઈ લાગી છે?'

મેં હવે ખુલાસો કરવામાં વિનય જોયો: 'એ તો એવું છે લીલુબેન! નગીનભાઈની જીભ ઉપર આ તમારું નામ વધારે વાર રમતું જોયું, એટલે મને સવાલ કરવાનું મને થઈ આવ્યું.'

'ઓ હો! નહિતર તો તમે તમારે ઘેર બૈરાંને બોલાવતા જ નહિ હો!'

'બોલાવીએ તો અમે પણ છીએ. પણ નગીનભાઈના બોલાવવામાં તો જાદુ છે.' પાછલું વાક્ય હવે વાતને મશ્કરીને પાટે ચડાવવા માટે મેં ઉચ્ચાર્યું હતું. બાકી મારા અંતરમાં તો એમ હતું કે આ નગીનભાઈ, 'લીલુ! આ પ્યાલો લે!' 'લીલુ! આ દૂધ જરાક જો તો.' 'લીલુ! પેલી શી વાત હતી?' એમ વાક્યે વાક્યે લીલુ લીલુના નામનો, સહસ્ર જાપ જપે છે, તે બીજું કાંઈ નહિ, લીલુ એનાથી થાકી જવાની છે. આને એમ છે કે હું પ્રેમસૃષ્ટિ સમજું છું. પેલી જાણતી હશે કે આ એક મૂરખ છોકરો પનારે પડ્યો છે. વહેલે મોડે આ સંસાર થાકી જવાનો છે. વહેલેમોડે પણ નહિ—વહેલામાં વહેલો.

એ વખતે તો અમે સૌ હસી પડ્યાં. નગીનભાઈ પાસે જે કામે આવ્યો હતો તે પતાવીને હું ઊઠ્યો. પણ હજી કાંઈ વાત અધૂરી હોય તેમ નગીનભાઈ મારી સાથે ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જોઈને લીલુ પણ હસી પડી.

મને એ હાસ્ય બહુ જ સમયસરનું અર્થ ભરપૂર જણાયું. મેં કહ્યું: 'કેમ હસ્યાં?'

'હયો! આ તમે તો જડતી આદરી છે. હસવું નહિ. રોવું નહિ. બોલવું નહિ. ત્યારે તો હવે બાકી એક જ રહે. ટગરટગર જોવું!' અને એ ફરીને હસી પડી.

નગીનભાઈ મારી સાથે ચાલ્યા.

મેં થોડેક ચાલીને પાછા ફરીને જોયું, તો લીલુ અમને બેને જોઈ રહી હતી. અને એની આંખ હસી રહી હતી!

હું નવાઈ પામ્યો.

આંહીં નગીનભાઈ લીલુની વાત કરવા જ જાણે સાથે ચાલ્યા હતા: 'અમારી નાતમાં સાહેબ! આવું બેરું કોઇ છે જ નહિ. શી એની વ્યવસ્થા છે! દરેક ચીજ બરાબર નિયમસર. વખત નથી, નહિતર હું તમને મારો 'ટી રૂમ' બતાવત. ગળણી ગળણીને ઠેકાણે હશે! ને કીટલી કીટલીની જગ્યાએ!'

'એમને બોટું તો નહિ લાગ્યું હોય નાં?' મેં વાત બદલાવવા માટે કહ્યું.

'એને બોટું? અરે! રામ રામ કરોને! આજ દિવસ સુધી મેં એને કયારે ય ઊંચે અવાજે વાત કરતી સાંભળી નથી. નોકર સાથે પણ હસીને બોલવાની, ને વ્યવસ્થા? તમે જોયું નાં? આપણા બન્નેના પ્યાલામાં ચમચી હતી!'

મને હવે આ નગીનભાઈના પંજામાંથી જલદી છૂટવાનું મન થઈ આવ્યું. કારણ કે એમને આ વાતરોગનો રોગ લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાહેબ! મેટ્રિક પાસ છે હો!'

'શું કહો છો?'

'ત્યારે નહિ? ને મારું જ્ઞાન તો આ તમે જોયું એ. રાત દિ ચકરડાં ભમરડાં જોડવાં ને ઉખેડવાં. સાંધવાં ને તોડવાં. પણ મેં નિયમ રાખ્યો છે. એક કબાટમાં ચોપડીઓ ભરી દીધી છે!'

હવે આ નગીનભાઇનું લીલીપુરાણ કદાચ પુરું જ નહિ થાય, એમ ધારીને હું ઉતાવળે ચાલ્યો.

તો નગીનભાઈ ને આ વાતમાં રસ કયાં ઓછો હતો? એ પણ ઉતાવળે ચાલ્યા!

'પરણ્યાં કેટલાં વરસ થયાં નગીનભાઇ?'

'પાંચ! પણ પાંચ વરસમાં એકે દિવસ મન ઊંચું નહિ હો! મેટ્રિક કોને કહે? બધી વાત સમજીને જ કરે!'

મેં હવે બે હાથ જોડ્યા: 'નગીનભાઈ! ત્યારે આવજો હો! હું કોઇકિ વખત પાછો ચડી આવીશ—લીલુબેનના હાથનો ચા પીવા....'

'ભલે ભલે, સાહેબ!....'

મેં હાથ જોડીને રજા લીધી.

સે'જ ઊંચે જોવાઈ ગયું, તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

લીલુ ત્યાં બીજે માળે ઊભીને અમારા રસ્તા ઉપર જ દૃષ્ટિ કરી રહી હતી. આટલે દૂરથી પણ એની આંખમાં રમતું મશ્કરી ભરેલું હાસ્ય, મને સ્પષ્ટ દેખાતું હતું!

આ વાત હું તો ભૂલી ગયો. મને કાંઇ નગીનભાઇમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ ન હતો. લીલુબેનમાં પણ રસ ન હતો. પણ છએક મહિના પછી અચાનક છાપું ઉઘાડતાં નગીનભાઇ ને લીલુબેનના, છાપાવાળાએ ચમકાવેલા સમાચાર ઉપર નજર ફરી ગઈ! વાંચી જોતાં મારું તે દિવસે મનમાં કરેલું અનુમાન સાચું નીકળ્યું હતું. નગીનભાઇને સૂતો મૂકીને બેન લીલુ ઘરેણાંગાંઠાં લઈ ને પિયર ભેગાં થઈ ગયાં હતાં. ને નગીનભાઈ ઉપર આરોપ મૂક્યો હતો કે મને એક ઘડીપણ રેઢી મૂકતા નથી. એનું મન શંકાથી ભર્યું છે!

બીજે ત્રીજે દિવસે તો કોણ જાણે કયાંથી નગીનભાઇ મારે ત્યાં ફૂટી નીકળ્યા. પણ તે દિવસના નગીનભાઇમાં ને આજના નગીનભાઈમાં હાથી ઘોડાનો ફેર હતો. આજે તો નગીનભાઈના હાથ પગ મોં બધાં ઢીલાં થઇ ગયાં હતાં.

એમણે આવતાં વેંત જ કહ્યું: 'સાહેબ! તમે તે દિવસે ચા પીવા આવ્યા હતા. સાંભરે છે?'

'હા, કેમ નહિ?'

'લીલુ તો સારી હતી. એનાં સગાં સાળાં ગોલાં હો! એને એમ કે ઘરેણાંગાંઠાં આવશે તો આવા થશે!'

'પણ તમે લીલુબેનને જ સમજાવો ને!'

'સમજાવ્યું તો બહુ. પણ એ તો કહે છે, તમે મને પૂતળી બનાવી દીધી છે. પણ એ શીખવણી બધી એનાં સગાંની!'

નગીનભાઈ તે દિવસે ગયા. પછી તો જ્યારે મળતા ત્યારે ઊભા રાખીને હવે જુદી જ રીતે લીલુની વાત કરતા થઈ ગયા હતા. 'સાળી! લુચ્ચી નીકળી. મેં તો એના પાણીએ પગ ધોયા. પણ એ ઓટી વારની. એની જાત જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી. ભણે એ તો સા'બ ! એવાં જ હોય !' ને એ આખું લીલુપુરાણ નવી રીતે વાંચતા થયા હતા.

પણ તે પછી નગીનભાઈને જીવનમાં કાંઈ રસ રહ્યો ન હતો.

એ જ્યાં ચોપાટ ખેલાતી હોય, કે છકાપંચા થતા હોય કે એવી એવી વાત હોય ત્યાં જ દેખાતા !

હું વિચાર કરી રહ્યો: આને પોતાનો વાંક દેખાતો નથી, આનું કારણ શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૮] ચાર અંકી

જૂના વખતમાં સાત અંકી નાટક લખાતાં. હાલમાં ત્રિઅંકી લખાય છે. મેં એક ચાર અંકી લખ્યું છે. એનો પહેલો અંક:

'બસના સ્ટેન્ડ ઉપર એક ગૃહસ્થ જેવો જુવાન માણસ ઊભો હતો. એનો સાદો વેષ છતાં સ્વચ્છતા આકર્ષક હતી. એનો ધંધો કાંઈક સંસ્કૃતિ પરત્વેનો જણાતો હતો. કારણ કે એની 'બેગ'માં કાગળ હતા. છાપાં હતાં. ચિત્રો હતાં. આ બધાં ચિહ્ન સંસ્કૃતિનાં ગણાય છે. તે આવીને મારી પાસે બેઠો. પછી તેણે બે હાથ જોડીને મને નમસ્કાર કર્યા. સામે પાટિયા ઉપર એક યુવતી બેઠી હતી. એણે 'બોબ્ડ હેર' કરાવ્યા હતા. આખી બાંયનું પહેરણ પેર્યું હતું. હોઠ રંગ્યા હતા. ઉપરણું નાખ્યું હતું. એના હાથમાં ચોપડીઓ હતી. પગમાં ઊંચી એડીની મોજડી જેવી નવા પ્રકારની રચના હતી.

એની સામે પેલા જુવાને જોયું. પછી મને કહ્યું: 'મેં આપને કયાંક જોયા છે!'

'જોયેલ હશે. હું તો બધે રખડતો હોઉં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ સામે જુઓ,' તેણે ધીમેથી છતાં સંભળાય તેમ કહ્યું.

મને એ અવિવેક રૂચ્યો નહિ. મેં જવાબ ન વાળ્યો. ત્યાં તેણે જ 'ફ્રેંકોલોજી' કરી: 'સીનેમાની અસર! આપણે આગળ નથી જતા. પાછા હઠી રહ્યા છીએ!'

મેં કાંઈ જવાબ ન વાળ્યો. ઊતરવાનું આવ્યું. અંક પૂરો થયો.

હવે બીજો અંક: થોડા દિવસ પછી એ જ સ્થળે, એ જ યુવતી, એ જ જુવાન. એની પાસેથી લઈને કાંઈ ચોપડી જોતો હતો.

ચોપડી પાછી આપતાં એ બોલ્યો: 'ઘણી સુંદર છે. તમારા Taste–'ટેસ્ટ' બહુ 'કલ્ચર્ડ' જણાય છે. આમાં સામાન્યોને રસ પડે તેમ નથી.'

એક સ્મિત ભર્યું સહેજ ડોકું હાલ્યું. ત્યાં ઊતરવાનું આવ્યું. બીજો અંક પૂરો થયો.

એ જ સ્થળે ત્રીજો અંક ભજવાયો. 'બસ' આવીને ઊભી રહી. પેલા જુવાન, હાથમાં પોતાનો 'કલ્ચર' સામાન લઈને ઊભા હતા. એમણે 'બસ'માં દૃષ્ટિ કરી, પણ ચડવા જેવું લાગ્યું નહિ. ઊભા રહ્યા.

પછી એક વળત ચોથો અંક આવ્યો. પાસેની પાટલી ઉપર એ બન્ને બેઠાં હતાં. આઘે હું હતો.

વાત ચાલતી હતી.

'મને આ 'ડ્રેસ' ઘણો સરસ લાગે છે. એક તો એ શ્રેષ્ઠ વ્યક્તિત્વ સાચવે છે, 'ફ્રીડમ' આપે છે ને આત્મરક્ષણની તાલીમ આપે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલી યુવતી હસી પડીઃ 'એક વખત તમે કોઈને કહ્યું હતું, યાદ છે?'

'શું?'

'કે આ 'સીનેમા અસર' વગેરે...'

'હાં હાં, એ તો પેલા ભાઈ... જરાક છે એવા....'

મેં ડોકું ફેરવ્યું ને તેમની દૃષ્ટિ મારા ઉપર પડતાં જ એ એક ચોપડીમાં જોવા મંડ્યા!

એની પાસે જ છાનું હાસ્ય ચાલી રહ્યું હતું!

અંક ચોથો સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૯] અખંડ મંગલ

લગભગ સાડાચારે હું આવું ને એ પણ ત્યાં ઊભી હોય!

એટલી વિનમ્રતાથી એ એક ખૂણામાં ઊભી રહેતી કે મને ઘણી વખત એ કોણ છે એ જાણવાની ઇચ્છા થઈ આવતી. તેના હાથમાં બે ત્રણ પુસ્તકો હોય. સાદું સ્વચ્છ કપડું એણે પહેર્યું હોય. એના હાથમાં સોનાની માત્ર બે સાદી બંગડી રહેતી. ચાંદલા વિનાનું કપાળ એનું વૈધવ્ય બતાવવા માટે હતું, એના કરતાં વધારે એની પવિત્રતા જાણે કે જાહેર કરતું હતું. મેં ચાંદલા વિનાનાં ઘણાં કપાળ જોયાં છે; આ જુદું હતું.

કારણ વિના સ્ત્રીઓ દુઃખભર્યું જીવન ગુજારે અને કડવાશભરેલી ફરિયાદોને પોતાની અંતરથેલીમાં પૂરી રાખે. એને વૈધવ્ય કહેવા જેટલો હું જડ નથી. છતાં મને લાગતું કે કહો ન કહો, પણ આ વૈધવ્ય છે.

કોઈક ન સમજાતી, એવી જીવનની દુર્ભાગી ઘટનામાંથી, એક સાદી, સ્વચ્છ, લાંબી કેડી કાઢવાનો, જાણે કે આનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતુપૂર્વકનો નિત્ય પ્રયત્ન છે એમ લાગે. સારું કે ખોટું કે આ પ્રમાણે જોઈએ કે ન જોઈએ, કે આપણા લોકો ને આપણા રીતરીવાજ, ને એવી એવી, કોઈ વાચાળતા ભરેલી ફરિયાદ, આના મોંમાં કોઇ દિવસ આવતી નહિ હોય એમ લાગે.

શા માટે એની આવી અસર મારા ઉપર થતી, તેમ જ મારી સાથે હમેશાં ઊભા રહેતા ને મોટે ઘોઘરે સાદે હમેશાં શેરની ઉથલપાથલ બોલાવતા, એક શેરદલાલીયા ઉપર થતી ન હતી, એની ફ્રિલસૂફીમાં પડવાનો આંહીં વખત નથી. તેમ મોહ પણ નથી.

જીવનની દુર્ઘટનાનું એક નાનકડું પોટલું લઈને, હવે હું શી રીતે, એમાંથી માર્ગ કાઢું, એવી આકરી તપાસણી અને તાવણી એના ચહેરા ઉપર સતત જોવામાં આવતી એ ચોક્કસ, અને છતાં એની પરમ કોમળતા ઉપર હજી કુદરતે લેશ પણ ડાંઘ પડવા દીધો ન હતો. કારણ કે જે અંતરથેલીમાં માણસ પોતાના માની લીધેલા અન્યાયોનું કડવું ઝેર ભેગું કર્યા કરે છે, તે અંતરથેલી, એણે ખાલી રાખી હોય તેમ જણાતું હતું. કદાચ એ અંતરથેલીમાં શું છે એ જાણવું પણ મુશ્કેલ હતું.

છતાં આળસુ પૃચ્છા કરીને કોઈ દિવસ, એના જીવનમાં એકાદ ડોકિયું કરવાનો પણ મેં પ્રયત્ન કર્યો ન હતો. એક વખત એમાં અચાનક જ પ્રવેશ મળ્યો અને ત્યારે જ મને લાગ્યું કે આ સૃષ્ટિમાં હજી દીપકો તો જલ્યા કરે છે. તિમિર, ઘોર ને ભયંકર લાગે છે એ ખરું, છતાં દીપકો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત એવું બન્યું કે અમારી પાસેની જગ્યામાં એ ગોઠવાઈ ગઈ હતી. તેની સાથે એની કોઈ સગી કે પાડોશણ બેઠી હતી.

એમની વચ્ચે વાત ચાલતી હતી:

'આજે કેમ બેન મોડાં?'

'આજે બાપુને તાવ આવ્યો હતો, ને ચૈત્ર સુદિ તેરશ હતી, એટલે જીવ ગભરાઈ ઊઠ્યો હતો.'

'તાવ આવે ને માનો જીવ છે એટલે ગભરાઈ જવાય. એ તો બરાબર, પણ ચૈત્ર સુદિ તેરશ સાથે એને શું સંબંધ છે?'

'એના બાપુ, આજથી બાર વર્ષ પહેલાં, ચૈત્ર સુદિ તેરશે વિદાય થઈ ગયા હતા. ત્યારથી કોઈ ચૈત્ર સુદિ તેરશે માંદું હોય તો મગજ ઉપર ભાર આવી જ જાય છે. ઘણી જાણું છું કે એ બધું ખોટું છે! છતાં ભાર આવ્યા વિના રહેતો નથી!'

'લીલી શેમાં છે?'

લીલી એની પુત્રીનું નામ લાગ્યું.

'આ વખતે મેટ્રિકમાં આવશે!'

'તમારે ઘણું ખેંચવું પડતું હશે?'

સમાજના કરોડરજ્જુ સમાન મધ્યમવર્ગની એક બુદ્ધિશાળી સંસ્કારી બાઈ, જે કાંઈ થોડું ઘણું બુદ્ધિનું માપ પોતાના કુટુંબમાં હતું, તે જળવાઈ રહે માટે, પ્રયત્ન કરી રહ્યાનો આ ઉલ્લેખ હતો. વાતમાંથી સ્પષ્ટ થતું હતું કે બાઈ વિધવા હતી ને માંડ ખેંચી રહી હતી. બે બચ્ચાંને પોતાની દુર્ઘટનાના આકરા તાપમાં છાયા આપવા મથી રહી હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજનો આવો કોઈ ને કોઈ એક ખૂણો એકાદ ટચુમચુ મંગલદીપ જળવી રહેલ છે, એ વિચાર આવતો હતો, ત્યાં પેલી બાઈ બોલી:

'વેણુ આપ્યું છે, એ હવે માનવું જ પડશે નાં?'

'કોને વેણુ આપ્યું છે?'

'બાળુના બાપ મરણ પથારી ઉપર હતા. ત્યારે એને બહુ દુઃખ થતું હતું.'

'શું રોગ હતો?'

'રોગને લીધે દુઃખની વાત નથી. મન માનતું ન હતું. બન્ને છોકરાનાં જીવન હવે વેડફાઈ જશે એ વાતનો જાણે પારાવાર શોક હતો. હું તો એ વખતે નાની. શું બોલું છું એનું પણ ભાન નહિ. મારી માએ કહ્યું: 'ગોદાવરી! બેટા! તું પાણી આપ. એમના જીવને શાંતિ થાય!'

મેં ઊઠીને પાણી આપ્યું અને પછી ત્રણ ચાર કલાકે પોતે દેહ છોડી દીધો. આ બન્ને છોકરાંને જેટલું એમણે ધાર્યું તું, મનમાં, એટલું મારે આપવું છે!

'અરે! પણ બેન! આ મોંઘવારી!...'

'હવે તો મારી મા પાછા મદદે આવ્યાં છે ને.'

'તમારી મા?'

'ત્યારે નહિ? હું તો મેટ્રિક થઈ જ એના પ્રતાપે. એમણે છોકરાં સાચવ્યાં. મેં મેટ્રિક કર્યું. આજ બે પૈસા મળે છે તો હું આ બન્નેને છત્રછાયા કરીને આગળ ચલાવું છું! ભગવાન જેવડો ધણી છે!'

એટલામાં તો અમારી ગાડી ઊભી રહી ને મારે ઊતરવાનું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં જતાં મેં આ અખંડમંગલની ઉપાસના કરનાર ગોદાવરી તરફ જોયું. એક શાંત, ફરિયાદ વિનાની, ઈશ્વર આધારે, પ્રયત્નની કેડીને, અનેક અડાબીડમાંથી પાર લઇ જવાની આશા રાખનારી, સ્વસ્થ નારીની રેખામૂર્તિ નજરે પડી.

ગોદાવરીના આટલા ઓછા પરિચયમાં મળેલી એની જીવનકથાના મંગલ અવશેષને સંઘરીને હું નીચે ઊતરી ગયો.

પણ ત્યારથી મને લાગ્યું છે કે, સૂર્યો અને ચંદ્રો ઓલવાઈ જશે; નહિ ઓલવાય, માનવદીપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૦] કૂતરું અને માનવ

ઘણી વખત વળી એમ થાય છે, એમાં શ્રેષ્ઠ કોણ હશે ?

માનવ બુદ્ધિની તોલે કાંઈ એની પૂંછડી આવે ? એની પાસે ભાષા જ મળે નહિ. પછી એ કોઈને ડંખ પણ શું આપે ? ને વચનભંગ કરીને કોઈને ઝેર પણ શું પીવરાવે ?

કૂતરાની જાત માનવના પ્રમાણમાં ઈશ્વરે બુદ્ધિહીન બનાવી છે !

એમાં એનો શું હેતુ છે એ તો કોઈ ફિલસૂફ કહી શકે. હું તો એક ઘટના બની હતી એ કહી શકું.

જ્યારે મોંઘવારી વધી ત્યારે અમે કાળિયાને તો જે બટકું આપતા હતા તે આપવાનું જ ચાલુ રાખ્યું હતું. એને 'રેશન'નો કાપ નડ્યો નહિ એટલે સરકાર બદલી છે ને હવા બદલી છે એની કાળિયાને કાંઈ ખબર પડી નહિ !

એ તો જેમ ભસતો હતો તેમ જ ભસતો હતો. દિવસે કોઈને ભસતો નહિ. રાતે ભસ્યા વિના રહેતો નહિ. પણ હવા બદલાઈ ગઈ છે એ કાળિયાને ખબર નહિ !

પણ રાતે, એ એમ ને એમ ભસ્યા કરે, એ બીજાને તો ઠીક, અમારા ટપુભાઈને શે ફાવે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટપુભાઈને ખબર હતી કે અમારી ઓસરીમાં પાંચ પચીસનો માલ પડયો રહેતો.

સાત વરસ ઉપર ટપુભાઈ નોકરી કરી ગયેલા. પણ પછી તો નાનકડી નાનકડી બે ચાર ચીજોએ ટપુભાઈના ગજવામાંથી પડી જવાનું અટકચાળું કર્યું, એટલે ટપુભાઇએ સ્વમાનભરેલી રીતે રજા લઇ લીધેલી !

તે પછી તો એ બે ચાર ઠેકાણે ફરી આવ્યા !

પણ હાથના ચોખ્ખા હતા, એટલે સૌ એને ચોખા મેલીને રવાના કરી દેતા !

હમણાં હવા, મોંઘવારી ને એનો વિવાહ, બધાં ભેગાં થયાં એટલે એ હસતે મોંએ 'કાં સા'બ !' કહેતા બે ત્રણ વખત આવી ગયેલા.

કાળિયો એને જોઈને પહેલાં તો ભસ્યો હતો. પણ પછી જૂની ઓળખાણ તાજી થતાં પૂંછડી પટપટાવતો.

એક બે વખત ટપુભાઈ આમ આવી ગયા.

એટલે પછી એક વખત એ રાતે આવ્યા. પણ તે વખતે કાળિયાએ તેનું માન રાખ્યું નહિ. બોલાવ્યો, તો પણ માન રાખ્યું નહિ. આઘે જઈને ભસ્યો.

પણ માનવ બુદ્ધિશાળી છે. કૂતરું અક્કલવિહોણું છે. ફરેલી હવા સાથે એ ફરી શકતું નથી.

ટપુભાઈ એ જોઈ લીધું કે આ કાળિયું અક્કલવિહોણું છે. ધૂળ ખાતી થોડી થોડી ચીજો રાતે ઓશરીમાંથી પગ કરે તો એના બાપનું કાંઈ જવાનું ન હતું. ઓશરીવાળાનું ડહાપણ ફરકવાનું ન હતું. ને એનું વિવાહ વખતનું દેણું ઘટવાનું હતું.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કાળિયો અક્કલ વિનાનો હતો !

પહેલાં તો ટપુભાઇને એક વીરકાવ્ય સ્ફુર્યું હતું. જે દુકાનવાળાએ ખાતે માંડ્યા'તા, એના લઇને એને જ પાછા આપવાની વીરગાથા એ લખવાનો વિચાર કરી રહ્યા હતા. પણ તાળાં નંગ ત્રણ,+વધતા, અવરજવર ને પોલીસ ચોકી, એટલે એ વીરગાથા કરુણ પ્રશસ્તિમાં ફેરવાઇ જવાની શક્યતા હતી !

એટલે એમણે એ વાત જવા દીધી !

ત્યાર પછી આ વાત પકડી. ત્યાં રસ્તામાં અક્કલહીણો કાળિયો !

એટલામાં, માણસના રોટલા કૂતરાં ખાઈ જાય છે, એ જોઇને, કોઇ ભલાડાં એંચનારે, કૂતરાંને રોટલા ન આપતાં, મીઠા મીઠા લાડવા આપવાનો હુકમ કર્યો !

અને સરકારી પ્રધાનોનાં મીઠાં પ્રવચનોની જેમ, આ મીઠા લાડવા કૂતરાંને મળવા માંડ્યા !

એ વખતે ટપુભાઈ ને પ્રેરણા થઇ કે, હમણાં લોલેલોલ-માં વાત ખપી જાશે. એ પણ એક મીઠો લાડવો લઈ ને આવ્યા !

અને કોણ જાણે ક્યારે કાળિયાને ખવરાવી ગયા !

કાળિયો પછી ઘરની પાસે છાંયડામાં આવીને સૂઇ ગયો !

અને કાતિલ મનુષ્યના મીઠા શબ્દોમાંથી જેમ માણસ પછી બેહું થતું નથી, તેમ બેઠો ન થયો !

તે 'રાતે સાઇકલ'નું એક લેમ્પ, એક નાનો હાથ રૂમાલ, એક ટેબલ 'ક્લોથ', નાના ચમચા નંગ ત્રણ, બે વાટકી, એક ઓછાડ, એટલાં રાતમાં નાસી છૂટ્યાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે આ રખડુ શિશુઓને પાછાં ઓસરીની શાળામાં બેસારવા અમે પ્રયત્ન કર્યો પણ એ તો ગયાં તે ગયાં !

અમને લાગ્યું કે કાળિયો ગયો. આ ગયાં. ને ટપુભાઇ આવતા રહી ગયા—એ ત્રણ 'ગયા'ની વચ્ચે એક 'જવા'નો પુલ લાગે છે !

એટલે પછી બંદોબસ્ત કર્યો.

ટપુભાઈ પટ ત્રીજે દિવસે દેખાયા. દિવસે હો ! 'કાં સા'બ ! હું તો પછી ગામતરું કરી આવ્યો. હવે ક્યારથી આવું ? આજ કેમ કાળિયો દેખાયો નહિ ! મને દેખે, એટલે નહિતર તો સામો ભસતો આવે ! સાળા ! 'મુનિસિપાલટીવાળા !' કસૈઈ છે કસૈઈ !'

મેં કહ્યું: 'ટપુભાઈ ! એટલું સારું છે કે આપણામાં હજી કાંઇક અક્કલ છે ! કૂતરાં તમામ હવે અક્કલ વિનાનાં થઇ ગયાં છે !'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૧] બે દર્પણ

મારી પાસેનાં આ બે દર્પણ ખેસવી નાખવા હું આકાશ-પાતાળ એક કરું છું પણ એ ખસતાં જ નથી. એ બન્ને હમેશાં ત્યાં મારી સામે લટક્યા કરે છે! અને જાણે કે આખો દિવસ મને હસ્યા કરે છે!

એ બન્નેની એક વિચિત્રતા છે. એકમાં હું દૃષ્ટિ કરું છું, તો મારી જાત એટલી ઉન્નત, વિશાળ અને બળવાન લાગે છે કે, આખી દુનિયા મને ક્ષુલ્લક જણાય છે! ઘણી વખત એની સામે જોતાં મને એમ પણ થઈ આવે છે કે કદાચ આ આખી સૃષ્ટિ મારું સર્જન હશે, ને હું કોઈનું સર્જન નહિ હોઉં!

ત્યારે તો મને એમ પણ થઈ આવે છે કે, હું નહિ હોઉં ત્યારે આંહીં કેટલી ગેરવ્યવસ્થા હશે? કેટલું દુઃખ હશે?

એ અરીસામાં હું મારી જાતને જોઉં છું, ત્યારે આકાશી-તારાઓ મારી હથેળીમાં રમતા રેતીકણ જેવા દેખાય છે. દુનિયાની કોઈ વસ્તુમાં મને કાંઈ અજ્ઞેય જણાતું નથી. મારી બુદ્ધિ પ્રમાણે ચાલનાર તમામ મને નરોત્તમો ભાસે છે! અને એવા નરોત્તમોને દોરનારો હું પુરુષોત્તમ, સૃષ્ટિ સંચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લનનું જાણે કે, અમાપ બળકેન્દ્ર ધરાવતો હોઉં એમ જણાય છે! મારી કલ્પનાની તેજસ્વિતા પાસે મહાન કવિઓને હું પાણી ભરતા દેખું છું!

આ અરીસાની સામે હું દિવસોના દિવસો સુધી આનંદ-મગ્ન બનીને ઊભો છું. અને મારી જાતને મેં પૃથ્વીથી આકાશ-પર્યંત ઉન્નત થઈ જતી જોઈ છે!

પણ મારી પાસે એક બીજો અરીસો પણ છે. એ આનાથી તદ્દન ઊંધું જ ચિત્ર રજુ કરે છે! એમાં હું જોઉં છું, તો મારી જાત મને એક ક્ષુલ્લકમાં ક્ષુલ્લક જંતુ કરતાં પણ ક્ષુલ્લક જણાય છે! જાણે કે હું રેતીનાં એક નાનકડા કણમાં રહેનારું કાંઈક ક્ષુદ્ર જંતુ હોઉં! રેતીના કણ એ મારું ઘર!

એ અરીસામાં હું જોઉં છું ત્યારે, મારા ફળીના ઠૂંઠા ઝાડવાનું ખરી જતું પાંદડું, એ પણ મારા કરતાં વધુ કીમતી દેખાય છે! એમાં હું મારી જાતને, બપોરે અદૃશ્ય રીતે ઊડી જતી જલબિંદુની એક નાનકડી વરાળવાદળી કરતાં પણ, નાચીજ દેખું છું!

કેટલીક વખત તો એ અરીસામાં જોતાં હું રડી પડું છું! એક નાનકડી ક્ષણ માટે, જાણે કોઈ સમુદ્રમાંથી ફેંકાઈ ગયેલું જલબુદ્બુદ હું હોઉં! કયે વખતે આ સૃષ્ટિમાંથી મારે વિદાય લેવાની થશે, એનો આધાર પણ, પવનથી આમ તેમ રખડતી એકાદ વાદળીના ખરી જતા જલકણ સમો ભાસે છે!

એ વખતે મને ફૂલવાડીમાં રખડતું પતંગિયું સિંહ જેવું બળવાન લાગે છે. એક પંખી પણ દેવદૂત સમું સમર્થ જણાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એ અરીસામાં હું મારી જાતને જોઉં છું, ત્યારે કેટલીક વખત ધૂળકણીમાં રખડતા નાનકડામાં નાનકડા બીજ કરતાં પણ નાનકડું એવું એનું વ્યક્તિત્વ જોઈને, હસું કે રડું એ જ સમજાતું નથી ! ઘણી વખત તો મને લાગે છે કે ખરી રીતે હું નહિ હોઉં !

આ મારા બીજા અરીસા પાસે, જ્યારે હું ઊભો રહું છું ત્યારે, મને પળભર આવી ભ્રાંતિ થઈ આવે છે કે, વખતે આ બધી મૃગજળ સમી દેખાવ સૃષ્ટિ હશે ! હું બીજાને દેખતો હઈશ, બીજા મને દેખતા હશે, અને અમને કોઈ દેખતું નહિ હોય ! કારણ કે ખરી રીતે કોઈ જ નહિ હોય !

આ મારા બે અરીસાને દૂર કરવા હું આકાશપાતાળ એક કરું છું, પણ એ દૂર થતા જ નથી !

અને તેથી હું કાં ગર્જના કરું છું, કાં ગણગણું છું. પણ મારું જે ખરું ગુંજન તે કરી જ શકતો નથી !

હું જાણું છું કે હું સમર્થ નથી, તેમ હું અસમર્થ પણ નથી. પણ એ બે અરીસાઓ ત્યાં મારા જીવનખંડમાં, કોણ જાણે કોણ હમેશાં લટકાવી જાય છે ! અને પરિણામે કાં હું અતિ સમર્થ હોઉં છું કાં અસમર્થ હોઉં છું ને જે છું, સમર્થ તે કોઈ દિવસ હોતો નથી !

એમને હું બેસવી શકતો નથી. ભાંગી તો શી રીતે શકું ? એ મારા જીવનમાં વણાઈ ગયેલા છે !

અને એ બન્ને ત્યાં ઊભા ઊભા, જાણે કે આખો દિવસ મને હસ્યા જ કરે છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૨] દુઃખને શોધનારો !

એક વખત એક વિચિત્ર માણસનો મને ભેટો થઇ ગયો. દુનિયા આખી સુખ શોધે છે, એ દુઃખ શોધવા નીકળ્યો હતો.

મને એ સાંભળીને નવાઇ લાગી. આ માણસ કેવો વિચિત્ર !

તેણે મને કહ્યું: 'હું દુઃખ શોધવા નીકળ્યો છું. એનો અર્થ તમે ન સમજ્યા ?'

મેં કહ્યું: 'ના'

એણે કહ્યું: 'હું દુઃખ શોધવા નીકળ્યો છું, એનો અર્થ આ છે કે, જે દુઃખ વિષે દુનિયા આટલી વાતો કરે છે તે દુઃખ કયાં વસે છે તે મારે જાણવું છે. હજી સુધી એવું સ્થળ મેં જોયું નથી !'

મેં કહ્યું: 'તમે નવી નવાઇની વાતો કરો છો, હું તો જ્યાં નજર કરું છું ત્યાં, મને દુઃખ જ દુઃખ જણાય છે ! કોઇને મેં સુખની વાત કરતાં સાંભળ્યો નથી. દુઃખને શોધવા કયાં જવું પડે તેમ છે ? સામે નજર કરો ત્યાં દુઃખ જ દુઃખ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે દુઃખ કોને કહો છો?' તેણે પૂછ્યું. હું વિચાર કરી રહ્યો. એણે જ્યારે આ પ્રમાણે પૂછ્યું ત્યારે જ મને ખબર પડી કે મને સુખ વિષે કાંઇ ખબર નથી. તેમ જ દુઃખ વિષે પણ બરી રીતે હું કાંઇ જાણતો નથી.

છતાં મેં કહ્યું: 'જુઓ, મારો એક દુશ્મન છે. મને એનાથી કેટલું દુઃખ થાય છે એ મારે તમને શી રીતે બતાવવું? પણ એ આંહીં બેઠું છે' મેં મારી છાતી બતાવી. 'તમને કોઈ હડહડતો દુશ્મન મળ્યો લાગતો નથી કે કોઈએ વિશ્વાસઘાતની રમત દેખાડી જણાતી નથી!'

એણે કહ્યું: 'એમ કેમ કહો છો? મેં પણ દુશ્મનાવટ જાણી છે. દગો જોયો છે. વિશ્વાસઘાત અનુભવ્યો છે. પણ એ ક્ષણિક ઘાને જો આપણે જરાક જ શાંતિથી સહન કરી લઈએ, તો પછી જણાય છે કે, એ બધી વસ્તુઓ, આપણને સાચો ખ્યાલ આપવા માટે ઉદ્‌ભવે છે. એમના દ્વારા જ ઘણી વખત બળ મળે છે. અતિશય વિશ્વાસપાત્ર માણસ દગો દે, તમારી જાત તદ્દન એકલી ફેંકાઈ જાય, ત્યારે તમે અનુભવ્યું છે કે તમારામાંથી જ એક નવું સામર્થ્ય પ્રગટે છે! આને આપણે 'દુઃખ' કહીને એની કેમ ઉપેક્ષા કરીએ? આ બધું તો માનસિક બળ માટે જરૂરી હોય છે. જો તમે ગરીબીને દુઃખ ગણતા હો તો દુનિયામાં એવી ગરીબી તો કયાંય નથી કે જેમાં માણસ તદ્દન સમૃદ્ધિ વિનાનો હોય. માણસનું મન જ્યાં સુધી એની સાથે છે, ત્યાં સુધી એને બરી રીતે કોઇ વસ્તુ દુઃખ આપી શકે તેમ નથી. એટલે જ હું જોઉં છું કે મેં આટલી શોધ કરી પણ મને દુઃખ કયાંય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યું નહિ ! માટે જો બરોબર જ દુઃખ હોય—તો બધાને એ સરખું દુઃખ હોવું જોઇએ. પણ એમ બનતું નથી. એટલે દુઃખ, માણસના મનમાં સંતાઈને બેઠું છે. એને માણસ પોતે જ પ્રગટાવે છે, અને પોતે જ શમાવે છે. એ એક પ્રકારનો પૂતળીનો ખેલ છે ! સુખ દુઃખ બન્ને એક જ પદાર્થની બે બાજુ છે. અને તે પદાર્થ તમારું મન. એટલે તમે ધારો ત્યારે સુખને દુઃખમાં ફેરવી શકો છો, ને ધારો ત્યારે દુઃખને સુખમાં ફેરવી શકો છો.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૩] ખોવાયેલી છ વાર્તાઓ

મારી ખોવાઇ ગયેલી છ વાર્તાઓને હું આજે વર્ષોથી શોધું છું પણ હજી એમનો કાંઇ પત્તો લાગતો નથી!

પહેલાં તો એ કયારે ખોવાઇ ગઇ છે એ જ સમજાતું નથી. એક વખત હું મધરાતે ઊંઘમાંથી અચાનક જાગ્યો તો એક પછી એક સાત જણ ત્યાં પોતપોતાની કથનિકા કહેવા થંભી ગયાં હતાં!

મેં કહ્યું: 'અત્યારે તો હવે મને ઊંઘવા દો. આકાશમાં તારા ખીલ્યા છે. વેલીમાંથી છાનો મધુર પરિમલ આવી રહ્યો છે. કયાંયથી એક શબ્દ આવતો નથી. નીલાં ગંભીર જલમાં જેમ માણસ ધીમે ધીમે ઊંડો ઊતરતાં વિલુપ્તિના સાગરમાં ખોવાઇ જાય છે, તેમ આ અંધકારભરી નિશામાં એક પળભર મને પણ ખોવાઇ જવા દો! જાત કોઇક વખત આમ ખોવાઇ જાય એ જ મારું જીવનસ્વપ્ન રહ્યું છે!'

બીજાને એ વાતની અસર થતી લાગી. ને તે જરા આઘાપાછા થતાં રહ્યાં. પણ એક જુવાનડો તો કેમે માને જ નહિ. એની એક નાની અને એક મોટી એવી બે આંખમાં ભયંકર વૈરતૃષા બેઠી હતી. બન્ને આંખમાં લાળ ડોળા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું મોં શીળીના ડાઘવાળું હતું. ચીબું નાક ને ભયાનક ચહેરો હતો. એનો દેખાવ વિચિત્ર હતો. એણે પોતાના હાથમાં એક નાની સરખી શીશી રાખી હતી. શીશીમાં લીલું કાચ જેવું દેખાતું હતું. તે બોલતાં થરથરતો હતો:

'મારી આ શીશીની વાત ધરતીના પેટમાં છૂપાઈ ગઈ છે. એ ઝેર છે. મેં પીધું નથી. મને કોઈ કે પીવરાવ્યું છે. એ વાત મારે બહાર લાવવી છે ને લાવવી છે.' તે બહુ જ ભાર દઈને શબ્દો બોલી રહ્યો હતો. અંધારી રાતમાં કાંકરા ખરે એમ એ પડતા હતા.

'એ તમે બહાર નહિ લાવો તો હજારો વ્યાનતો તમારા નામ ઉપર હો! સમાજ વાર્તા છુપાવી દે છે, એને આંખની શરમ છે માટે. ન્યાયની કોર્ટો છૂપાવી દે છે, કોર્ટો અને જુઠાણાં જુદાં નથી માટે. સગાંઓ છુપાવી દે છે, બાવા મળે માટે. વર્તમાનપત્રો છૂપાવી દે છે, મફતની ફજેતી ન કરી શકાય માટે. પણ વાર્તાકાર જ્યારે વાર્તા છુપાવશે, ત્યારે અકાલે મરણ પામેલાં માનવીઓની ભુતાવળ ધરતીને સુખે સૂવા પણ નહિ દે!

'આટલું એક આશ્વાસન અમને છે, અમારા જેવા મરેલાને, કે આપણે નામે છેવટે બે અક્ષર તો પડ્યા છે, એ આશ્વાસન પણ જશે, તો તમામ હવાને ઝેરથી ભરી દેનારાં અમારાં બોળિયાં પછી રખડવા માંડશે!'

એની વાત કરવાની રીતથી હું ધ્રૂજી ઊઠ્યો. ખરેખર એના દિલમાં જે ઝેર હતું તે લીલું ઝેર હતું! હમેશ રહનારું!

'તેં ઝેર નથી પીધું એમ તેં કહ્યું?' મેં એને પૂછ્યું.

એણે જોસથી જવાબ વાળ્યો: 'હા હા, મેં નથી પીધું. મારો બાપ મને નાનકડો મૂકીને મરી ગયો એ વાંક મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતો. છતાં મને ફિકર ન હતી. મારી બેન હતી. એના કપાળમાં ચાંલ્લો હતો. હાથમાં હાથીદાંતની બંગડી હતી. માની કહી ન જાય, એટલી પ્રેમભરી એની આંખો હતી.

'એ આંખોને મારા પિતાએ જોઈ હતી. એ આંખોમાં હૃદય ન હતું એની એમને પણ ખબર ન હતી! કેટલીક આંખોમાં હૃદય નથી રહેતાં : ડોળા રહે છે! પણ એમણે વિશ્વાસ રાખ્યો. અને બીજો ઉપાય પણ શો હતો? એટલે એને આધારે મને મૂક્યો. હું આનંદમાં હતો. આનંદ કરતો હતો. સ્વપ્નાં સેવતો હતો. બાપની મિલકત સહીસલામત રહી ગઈ હતી.

'હું પરણ્યો. પ્રેમની છાની ગોષ્ટિ જેવી મધુર મારી સ્ત્રી હતી. મને બહેને કહ્યું: 'ગાંડિયા! તું તો બૈરી પાછળ ગાંડો થઈ જા! પૈસા દેખીને બૈરી તને જ વેચી કાઢે. માટે તારું કાંઈ નથી, એમ જ બૈરીને સમજાવી દેજે!'

'પણ બૈરી કાંઈ એમ માને? એટલે મારાં જ હિતેચ્છુ બહેને કાગળે સહી લઈને એને ખાત્રી કરાવી દીધી કે મારું કાંઈ ન હતું!

બૈરી મહેનતુ હતી. મહેનત કરવા મંડી. હું પણ મહેનત કરવા મંડ્યો. બે પૈસા ભેગા થવા મંડ્યા.

'પૈસા ભેગા થાય એટલે મોટાં બહેન આવે. આડી અવળી વાતો કરે. છેક નાનપણથી હું એની પાસે ઊછર્યો હતો. એ શરમ એમણે વટાવવા માંડી!

'એમ ને એમ મને પૈસે ખાલીખમ રાખવાનો પેંતરો બહેન–બનેવીએ રચ્યો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગૈરી માંદી પડી. હું કેમ ભૂલું કે એ મહેનત કરીને સૌની સાથે રહેવા માટે મથી રહી હતી, એમાંથી માંદી પડી હતી. છોકરું એક છ સાત વર્ષનું હતું. એને પણ કેમ ભૂલું ? એના મંદવાડમાં પૈસા ખર્ચવા પડે, પહેલાં તો બહેન આપતાં. વખતે આપવાની ના પાડતાં !

'આમ ધીમે ધીમે મારું હતું તે મારું નથી એની હવા એ તૈયાર કરી રહ્યાં હતાં !

'મને ઘણું ખોટું લાગતું, પણ શું થાય ? મેં એના વિશ્વાસે જાત તો ખોઇ નાખી હતી. ને મારા વિશ્વાસે મારી પત્નીએ પોતાની જાત ખોઇ નાખી હતી !

'છેવટે તો બહેને ઘસીને ના પાડી. તારા પૈસા કેવા ને વાત કેવી ?

'પછી એક વખત બહેન રાતે આવ્યાં. મને એક તરફ બોલાવ્યો. વાત કરી. હું આભો બની ગયો. 'બહેન ! એ નહિ બને.' મેં કહ્યું.

'શું નહિ બને બાયલા !' બહેને ઠપકો આપ્યો: 'તારી હેડીના ત્રણ ત્રણ વખત વીશ વીશ હજાર લઈ આવ્યા ને તું આ હાડકાના માળખામાં મન ખોઈ નાખે છે. લે આ.'

'બહેને મને આ શીશી આપી. ગૈરીને પીવરાવી દેવા માટે. એ મરે તો બીજું ગૈરું આવે. અમે કુલવાન. અમારી કિમ્મત ઘણી. હાથી જીવતે લાખનો. મૂએ સવા લાખનો. એ અમ જેવાનાં ગૈરાં માટે સાચું. પણ મેં એ ગૈરીને પીવરાવી નથી. પણ મેં પીધી છે. પરંતુ મારી નશોનસ હવે એમને હણી નાખવા માટે તલસી રહી છે.'

મેં કહ્યું: 'આવું તો હમેશા થયા કરે છે. આમાં લખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનું શું ? આ તો નિત્યની વાત થઈ ! એના કરતાં આ બીજાઓની વાત સાંભળવા દો !'

એ ખડખડાટ ભયંકર હાસ્ય હસી રહ્યો. અંધારી રાતમાં જો ઘુવડ હસી શકતું હોય તો એ આવું હસે એવું મને લાગવા માંડ્યું ! હું છળી ઊઠ્યો. ત્યાં એણે ઘેરા કર્કશ અવાજે કહ્યું: 'તમે માનતા હશો કે આવું તો નિત્ય બને છે, એમાં શું ? પણ ના ના, આવું નિત્ય બનતું, નોંધ વિના રહેતું નથી. આની નોંધ મેં લીધી છે !'

'તું નોંધ લઈને શું કરવાનો છે ?'

'હું ? અરે ! હું જ બળવાન છું. હું પડછાયો ! શરીરને મન દોરે છે, પણ મનને હું પડછાયો દોરું છું. જેણે મને ઝેર પીવરાવ્યું છે, એને હું ઝેર પિવરાવવાનો છું ! એક દિવસ ! એ દિવસ ગમે ત્યાંથી આવે, એની મને પડછાયાને શી પરવા છે ?'

એના છેલ્લા શબ્દો એટલા મોટેથી ને ભયંકર રીતે બોલાયલા હતા કે હું મારી પથારીમાં જ બેઠા જેવો થઈ ગયો.

અંધારી રાતની હવામાંથી હજી શબ્દો આવતા હતા. 'એ બને—એ બનશે જ—ત્યારે તો કોઈક એ લખજો—લખજો. આવી ઘટનાઓ જ તમને જીવતા રાખશે !'

હું આશ્ચર્યચકિત થઈ ગયો. મેં હવે બીજાઓને પણ સાંભળવાનો નિશ્ચય કર્યો. પણ એટલીવારમાં તો બીજી તમામ વ્યક્તિઓ ભાગી ગઈ હતી !

મેં એમને બોળવા બહુ પ્રયત્ન કર્યો. પણ એકે ન આવી તે ન જ આવી ! મારી એ છ વાર્તાઓમાં શું નું શું હશે ? એમાંથી એકે ન આવી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો મને ખરો અફસોસ તો ત્યારે થયો, એક દિવસ હું બેઠો હતો અને એક જણાએ સમાચાર આપ્યા કે એક દુર્ઘટના બની ગઈ છે !

એ દુર્ઘટના પેલા ઘુવડહાસ્યે કહેલી દુર્ઘટના હતી ! મને પશ્ચાત્તાપ ત્યારે થયો. મારી પેલી છ વાર્તાઓમાં પણ કેટલું બધું છૂપાયું હશે !

હું ઘણી વખત એમને ફરી ફરીને શોધવા મથું છું !

પણ એ તો હવામાં ઊડી ગઈ છે ત્યારની ઊડી જ ગઈ છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૪] વિદ્યા અમૃતાય

અંગદેશથી એક સંદેશવાહક પાટલીપુત્રમાં આવી પહોંચ્યો. એની સાથે ઠીક રસાલો હતો. બે ચાર ઘોડાં. હતાં માણસો હતાં. એક રથ હતો. રથમાં એક પિંજરું મૂકવામાં આવ્યું હતું. અને એ પિંજરામાં એક જબરદસ્ત સિંહ ઊભો હતો!

એને જોતાં જ માણસો ધ્રૂજી ઉઠે એવી આબેહૂબ એ સિંહાકૃતિ હતી! રંગમાં, રૂપમાં, ભાવમાં, આકૃતિમાં એટલી તો હૂબહૂ એની રચના હતી કે, જાણે જીવન્ત સિંહ ઊભો હોય એમ લાગે! જોનારને એમ પ્રતીતિ થાય કે ત્રાડ દેતો હમણાં એ એના ઉપર તૂટી પડશે!

નગર ઉદ્યાનમાં આરામ લઈને સાંજને વખતે સંદેશ-વાહક રાજદરબારમાં આવ્યો. સાથે પેલો રથ પણ લાવ્યો હતો. અને પેલું સિંહનું પિંજરું તેમાં મૂકયું હતું.

એ વખતે પાટલીપુત્રમાં નવનંદનું રાજ હતું. મહા-વૈભવશાળી મહાપદ્મનંદના આઠ રાજકુમારો રાજ કરતા. આઠે ભાઈઓની વચ્ચે ઈર્ષા ન થાય માટે મંત્રીરાજ રાક્ષસે એક નવી જાતની ગોઠવણ કરી હતી. વારાફરતી એક એક રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમાર રાજા થતો આવે! આઠેને લાગે કે આઠે રાજા!

એ વખતે પાટલીપુત્ર દુનિયાનું કેન્દ્ર ગણાતું હતું. રાજદરબારમાં સોનેરી સ્તંભો ઉપર મૌક્તિકમાળાઓ લટકતી. દેશવિદેશનો વૈભવ ત્યાં ભેગો થયો હતો. સમૃદ્ધિનો પાર ન હતો. રાજદરબારમાં ઇંદ્ર જેવા આઠ રાજકુમારો શોભી રહેતા. ઠેકાણે ઠેકાણે ધનુર્ધારી યવનીઓ ઊભી રહેતી. સંદેશવાહક ત્યાં આવ્યો. રાજદરબાર આખો હકડેઠઠ ભરાયો હતો. નૃત્યાંગનાઓ નૃત્ય કરતી હતી. દેશવિદેશના કર્મચારીઓ એક તરફ નતમસ્તકે ત્યાં ઊભા રહી ગયા હતા.

અંગદેશનો સંદેશવાહક પણ ત્યાં આવીને એક તરફ ઊભો રહી ગયો.

એના ઉપર મુખ્ય મંત્રીની દૃષ્ટિ પડી. એણે એને પાસે બોલાવ્યો:

'ક્યાંથી આવો છો?' મુખ્યમંત્રીએ તેને પૂછ્યું.

'પ્રભુ! હું અંગરાજનો સદ્દેશવાહક છું. અંગરાજે મારી સાથે એક સંદેશો મોકલ્યો છે!'

'ક્યાં છે સંદેશો? તમારી રાજમુદ્રા ક્યાં છે?'

સંદેશવાહકે બે હાથ જોડીને રાજમુદ્રા બતાવી; પછી નતમસ્તકે કહ્યું: 'પ્રભુ! સંદેશો તો ત્યાં બહાર ચોગાનમાં છે. આજ્ઞા થાય એટલે આંહીં લાવું!

સાંભળનારા સૌને આશ્ચર્ય થયું. અંગરાજનો એવો શું સંદેશો હશે? તરત એને સંદેશો અંદર લાવવાની આજ્ઞા થઈ.

થોડીવાર પછી નૃત્ય પૂરું થયું અને દરબાર આગળનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પાંજરું ઉપાડીને રાજદરબારમાં આવતાં દેખાયાં. એ ધીમે પગલે આવી રહ્યાં હતાં. એમણે આવીને ત્યાં રાજદરબારમાં પાંજરું મૂકયું. પછી સૌ સાંભળે તેમ અંગદેશનો સંદેશવાહક આહ્વાન દેતો હોય તેમ મોટેથી બોલ્યોઃ 'હે મગધપતિ નંદરાજ! હું અંગદેશથી આવું છું. અમારો એક સિંહ આ પાંજરામાં પૂરાઈ ગયો છે. પાંજરું તોડ્યા વિના એને પાંજરામાંથી બહાર કાઢી મૂકવાનો છે. અંગરાજે આપને ત્યાં અમને એટલા માટે મોકલ્યા છે. આંહીં પાટલીપુત્રના રાજદરબારમાં પૃથ્વી આખીનો વૈભવ આવ્યો છે. એટલે માણસનો વૈભવ પણ જેવો તેવો નહિ હોય! અમને એટલા માટે અંગરાજે આંહીં મોકલ્યા છે પ્રભુ!'

આખી સભા સાંભળીને સ્થિર થઈ ગઈ. રૂપમાં, રંગમાં, આકૃતિમાં, કેશવાળીમાં, ભાવમાં, એક ત્રાડ દેતો મહા વનરાજ ત્યાં પાંજરામાં ઊભો હતો. કઠણમાં કઠણ રાજિયા પથ્થરમાંથી ઘડી હોય એવી એની ભૂખરા પીળા રંગની આકૃતિ દેખાતી હતી. પણ એમાં ખૂબી એ હતી કે એ પથ્થરનો છે એમ કોઈ માની જ ન શકે! જુએ છતાં માનવામાં ન આવે! અગ્નિની જ્વાલા સમો એ જીવન્ત લાગતો હતો! એનામાં 'ચેતન નથી' એ જાણે કે ભ્રમણા લાગે, એવી એ અદ્‌ભુત કૃતિ હતી. જોનારને લાગે કે હમણાં એ ત્રાડ દેશે ને વાતાવરણ ગજાવી મૂકશે!

આવી અજોડ પ્રતિકૃતિ રચનાર અનામી શિલ્પી પ્રત્યે રાજદરબારમાં બેઠેલાં સૌનાં મસ્તક નમી પડ્યાં!

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો રાજદરબારમાંથી એક પછી એક માણસ એ સિંહને જોવા માટે પાંજરા પાસે જવા માંડ્યો!

એમ જનારાઓમાં મહાન શિલ્પીઓ હતા. કર્મચારીઓ હતા. દેશ વિદેશ ફરનારા ચતુર ગુપ્તચરો પણ હતા. જઈ જઈને દરેક ત્યાં જુએ ને આશ્ચર્ય અનુભવે! પણ સંદેશ-વાહકની વાત હતી, એને પાંજરામાંથી બહાર કાઢવાની, એમાં કોઈને કાંઈ સમજણ ન પડે!

દરેક જણ પાંજરા પાસે જઈ આવ્યો. બબ્બે ત્રણ ત્રણ વખત જઈ આવ્યો. પણ કાંઈ ગતાગમ પડે તેમ લાગ્યું નહિ. પાંજરું તોડ્યા વિના સિંહ શી રીતે બહાર નીકળે?

મહામંત્રીશ્વર રાક્ષસ પોતે ઊઠ્યો. પણ પોતાના સ્થાનનું ગૌરવ સમજીને તરત પાછો બેસી ગયો. ત્યાં બેઠાં બેઠાં જ એણે પ્રશ્ન કર્યો: 'સંદેશવાહક! આનો શિલ્પી કોણ છે?'

સંદેશવાહકે બે હાથ જોડ્યા: 'મહારાજ! આ તો અંગ-રાજને વારસામાં મળેલી વસ્તુ છે! એનો શિલ્પી કોણ છે એ કોઈ જાણતું નથી!'

'એ કયાંની વિદ્યાપીઠમાં ભણ્યો હતો?'

'મહારાજ! એ પોતાને તક્ષશિલાનો વિદ્યાર્થી ગણાવતો હતો. એથી વિશેષ તો કાંઈ જાણમાં નથી!'

મંત્રીશ્વર રાક્ષસ વિચાર કરી રહ્યો. એણે સભામાં એક દૃષ્ટિ કરી. ચારે તરફ જોયું. કોઈના મોં ઉપર આ કોયડો ઉકેલવાની શકિત જોઈ નહિ!

આવા કોયડા એ વખતે તો રાજની શકિત આપનારા ગણાતા. એ કાંઈ [illegible] ઉકેલ જોયો જોઈને [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: 'અત્યારે તમે રાજઉદ્યાનમાં મુકામ કરો. કાલે પ્રભાતે અમારા શિલ્પીરાજ તમને રસ્તો બતાવશે. અંગરાજે અમારા ઉપર વિશ્વાસ મૂક્યો છે. એ વિશ્વાસનો કાંઈ ભંગ કરાશે?'

સભા એ વખતે તો બરખાસ્ત થઈ ગઈ. આઠ નંદરાજાઓ આમાં કાંઈ બહુ સમજ્યા ન હતા. એમની વિદ્યાપ્રીતિ એવી જ હતી. એ તો વૈભવ માણનારા હતા. પણ મંત્રીરાજ રાક્ષસ વાતને સમજી ગયો હતો.

તક્ષશિલાના કોઈ મહા નિષ્ણાત વિદ્યાર્થી વિના આ વાતનો મર્મ નહિ મળે!

તક્ષશિલાનો એવો વિદ્યાર્થી આ આઠ નંદરાજના દરબારમાં કોણ બેઠો હોય? નંદરાજાઓ તો કેવળ અઢળક વૈભવના સ્વામી હતા! વૈભવમાં જ એ રાચી રહ્યા હતા. લક્ષ્મી ગાંહીં સર્વત્ર પૂજાતી. વિદ્યા તો સોડિયું વાળી ઊભી રહી ગઈ હતી.

માત્ર એક જ માણસ એવો હતો, જે અંગરાજને જવાબ આપી શકે—પણ એ જો જીવતો હોય તો! અંગરાજને જવાબ ન આપવો—એ નામોશી તો મૃત્યુ કરતાં પણ વધુ ભયંકર હતી. એ પાટલીપુત્રનું પતન કરે! મંત્રીરાજે તે રાત્રે એક સેનાપતિને બોલાવ્યો.

સેનાપતિ આવ્યો. મંત્રીશ્વરની મુખમુદ્રા ઉપર અનિશ્ચિત ભાવ આજે, પહેલાં વહેલાં જ એણે જોયો. એને પણ એ જોઈને આશ્ચર્ય થયું.

'વિશિખ!' મહામંત્રીશ્વરે કહ્યું, 'ચંદ્રગુપ્ત જીવતો હશે?'

સેનાપતિ ત્યાં આશ્ચર્યમાં સ્થિર ઊભો રહી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસો થયાં જેને મારવા માટે ભોંયરામાં પૂરી દેવામાં આવ્યો હતો, તે મહાસેનાપતિ રાજકુમાર ચંદ્રગુપ્ત મૌર્ય જીવતો હશે—એ પ્રશ્ન જ એને ભયંકર અજ્ઞાનતા બતાવનારો લાગ્યો. એ હવે જીવતો હોય? તેણે જવાબ આપતા પહેલાં વખત લીધો. એટલામાં મંત્રીશ્વર બોલ્યોઃ

'આપણે અંગરાજને ઓળખીએ છીએ. એણે આ પાંજરું મોકલ્યું નથી, આપણી પરીક્ષા કરીને સૈન્ય દોરવા માટેની ગણતરી કરનારું યંત્ર જ મોકલ્યું છે, એમ સમજી લેવું! એટલે આનો જવાબ સત્વર અપાવો જ જોઈએ. અંગરાજ બહારનો છે, પણ ચંદ્રગુપ્ત ગમે તેમ પણ, મગધનો છે. એ જીવતો હોય તો આનો જવાબ આપે! એ તક્ષશિલાનો મહાઅભ્યાસી વિદ્યાર્થી હતો! તપાસ કરો, ને જો એ જીવતો હોય તો એને માન સહિત બહાર લાવો! પાંડવ કૌરવ લડતા—પણ બહારનાની સામે એ બન્ને એક બનતા. આપણી પણ એ જ દશા છે. એટલે વિશિખ! તું પોતે જ જા. એને માન સહિત બહાર લાવ!'

'અષ્ટ નંદરાજને એ ગમશે?'

મંત્રીશ્વરે માત્ર જમણો હાથ ઊંચો કર્યો. એમ કહેવા કે એ જોવાનું મારે છે. તમે આજ્ઞા પાલન કરો.

સેનાપતિ વિશિખ નમીને ચાલતો થઈ ગયો.

તે ભોંયરામાં પહોંચ્યો તો ત્યાંનું ભયંકર દૃશ્ય જોઈને એ મૂર્છિત જેવો થઈ ગયો.

ઠેર ઠેર માણસોનાં શબનાં હાડકાં પડ્યાં હતાં. હાડકાં વચ્ચેથી રસ્તો કાઢતો કાઢતો એ અંદર ગયો. એક ઠેકાણે દૂર—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર એક નાનકડો દીપ જલી રહ્યો હતો. આ નરકાગારમાં હજી કોઇકિ જીવતું હતું ! એના આનંદનો પાર રહ્યો નહિ !

સેનાપતિ વિશિખ તેના તરફ ગયેા. પણ આશ્ચર્યનું આશ્ચર્ય હવે આવ્યું !

સેનાપતિ ત્યાં જઈને ઊભો રહ્યો. જેના શરીરમાં કેવળ હાડકાં રહ્યાં હતાં, એવો એક જુવાન બેઠો બેઠો, અત્યારે પણ ત્યાં કાંઇકિ અભ્યાસ કરી રહ્યો હતો ! આ નરકાગારમાં !

વિશિખે ધીમેથી કહ્યુ : ' મહારાજ ! '

ચમકીને પેલા જુવાને પછવાડે જોયું. વિશિખને ત્યાં ઊભેલો દીઠો. પોતે જ્યારે મહાસેનાપતિ પદે હતો, ત્યારે એ સેનાપતિ હતો. અત્યારે હવે એ મહાસેનાપતિ થઈ પડયેા હતો એણે ઉપેક્ષામાં જ કહ્યું : ' કેમ ? '

' આપનો ખપ પડ્યો છે ! ' વિશિખે બે હાથ જોડ્યા.

' મારો ખપ ? કોને પડ્યો છે ? '

' મંત્રીશ્વર રાક્ષસને ! '

' શા માટે ? '

' અંગદેશનો એક સંદેશવાહક આવ્યો છે. એક સિંહ લાવ્યો છે. સિંહને પાંજરામાંથી કાઢવાનો છે. પાંજરાને તોડ્યા વિના કાઢવો છે ! '

' પછી ? '

' કોઈ એ જાણતું નથી. તમને યાદ કર્યા છે ! '

જુવાને દૃઢતાથી કહ્યું : ' વિશિખ ! રાક્ષસને કહે કે, ચંદ્રગુપ્ત મરી ગયેા છે ! '

' મહાસેનાપતિ ! હું હજી પણ આપનો વિશ્વાસુ માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું, પ્રભુ! મારું માનો. આ તક રાક્ષસને પરાણે આપવી પડી છે. એટલે આપણે એનો ઉપયોગ કરી લો! આ નરક-માંથી છૂટવાની અત્યારે આ એક જ તક છે! અંગદેશ જાણશે કે આંહીં કોઇ નથી, તો એ મગધને રોળી ટોળી નાખશે. છેવટે દેશ ઉપર લડાઈ આવશે મગધ ઊભું હશે તો મહારાજ! તમારે માટે ભવિષ્ય પણ હશે! પણ મગધ જ નહિ હોય તો? બહારનો માણસ મગધને હંફાવી જશે—અને તે પણ તમે બેઠા છો ત્યારે?'

ચંદ્રગુપ્તે શાંતિથી વિચાર કર્યો. વાત સાચી હતી.

તે બેઠો થયો. એની આસપાસ ચિર નિદ્રામાં પડેલા એના જેવા અનેકનાં હાડકાં પડ્યાં હતાં. આંહીં નરકાગારમાં એ સૌ સાથે આવ્યા હતા. પણ એમણે સઘળાએ એક પછી એક વિદાય લીધી હતી. એમણે સઘળાએ પોતપોતાને મળતા ખોરાકના ભાગમાંથી, વધુમાં વધુ બચાવીને, એને એકને જીવતો રાખવા માટે પ્રયત્ન કર્યો હતો. નહિતર એ પણ કયારનો અર્ધ—ભૂખમરાથી મરી ગયો હોત! એમણે એને જીવાડ્યો હતો.

બે હાથ જોડીને ચારે તરફના વેરણછેરણ હાડકાંને એ નમી રહ્યો! ચીસ પાડતું એક શિયાળિયું ત્યાંથી ભાગી ગયું.

ચંદ્રગુપ્તે ભોંયરામાંથી બહાર નીકળવા પગ ઉપાડ્યો.

ભોંયરાને મોંએ તે આવ્યા. ચંદ્રગુપ્તે વિશિખના ખભા ઉપર હાથ મૂક્યો: 'કામ થઈ ગયા પછી, તમે જ પાછા મને આંહીં મૂકવા આવવાના છો કે બીજું કોઈ?'

'મહારાજ!' વિશિખે નીચા નમીને તેને પગે હાથ મૂક્યો, 'મહારાજના શપથ ખાઈને કહું છું કે મહારાજનો હવે વાળ વાંકો થવાનો નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મંત્રીશ્વર રાક્ષસ પાસે એક જ જુક્તિ હોતી નથી! વિશિખ! અત્યારે ખપ પડ્યો છે એટલે હું બહાર આવ્યો છું. અષ્ટ નંદભાઈ ઓ., મને એના સાવકા ભાઈને, જીવતો રહેવા દેશે, એમ તું માને છે?'

'એ હું નથી માનતો, પ્રભુ! પણ નંદરાજના દિવસો ભરાઈ ગયા છે. એમનો વૈભવ હવે જીવી નહિ શકે!'

ચંદ્રગુપ્ત મૌર્ય વિચાર કરતો બહાર આવ્યો. અષ્ટ નંદરાજાઓનો એ સાવકો ભાઈ હતો. માત્ર એની મા 'મુરા' શૂદ્ર હોવાથી જ એનો રાજહક્ક માર્યો જતો હતો. એ જ્યેષ્ઠ હતો. છતાં રાક્ષસે એને જુક્તિથી જેલમાં નાખી દીધો હતો! એ જ રાક્ષસ હવે બીજી જુક્તિ કામે લગાડશે! તક લેવાની ખાતર જ એ બહાર આવતો હતો.

વિશિખ સાથે એ આગળ ચાલ્યો. બીજે દિવસે પ્રભાતે અંગરાજનો સંદેશવાહક ત્યાં રાજદરબારમાં આવીને ઊભો રહી ગયો હતો. તે મલકાતો હતો કે રાજસભામાંથી કોઈ જવાબ આપવા તૈયાર જણાતો નથી. એટલામાં ત્યાં ચંદ્રગુપ્ત આવ્યો. અત્યારે એનાં રૂપરંગ ફરી ગયાં હતાં. તે આવીને પાંજરા પાસે ગયો. બે ત્રણ વખત પાંજરાની ચારે તરફ ફર્યો. કેટલીક વાર સુધી સિંહને નિહાળતો ત્યાં ઊભો રહ્યો.

પછી એણે એક દાસને બોલાવ્યો. એના કાનમાં કાંઈક કહ્યું. દાસ દોડતો દોડતો અદૃશ્ય થઈ ગયો.

સૌ આશ્ચર્યચકિત બનીને જોઈ રહ્યા. નંદરાજાઓ ભય-મિશ્રિત હતા. રાક્ષસ ચિંતામાં હતો.

વખત ઘણો જતો લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારમાં જ પેલો દાસ આવ્યો. એની સાથે બીજા પણ બેચાર દાસ હતા. દરેકના હાથમાં લાકડાના હાથાવાળા ધગધગતા લોહના સળિયા હતા. બધા એ દૃશ્ય જોઈ રહ્યા.

પણ સંદેશવાહકનો ચહેરો, એમને જોતાં જ ફિક્કો પડી ગયો હતો !

રાક્ષસે એ જોયું. એની ચિંતા વધી ગઈ. આખી સભા એમને આવતાં નીરખી રહી.

ચંદ્રગુપ્તે એક દાસના હાથમાંથી સળીયો લીધો. ત્રાડ દેતા સિંહની જીભને જ અડાડ્યો ! થોડી ક્ષણમાં તો ત્યાંથી જીભ અદૃશ્ય થઈ ગઈ ! અને પછી તો એ ધગધગતા લોહ સળિયા વડે પાંજરામાંના સિંહને સ્પર્શ કરવા લાગ્યો !

સૌ જોઈ રહ્યા !

આખો સિંહ ઓગળી રહ્યો હતો અને પાંજરું તોડ્યા વિના અદૃશ્ય થતો જતો હતો !

કેવળ મીણની, આવી અદ્‌ભુત કારીગરી બતાવનાર, અંગરાજના શિલ્પીની, સૌ મનમાં ને મનમાં પ્રશંસા કરી રહ્યા હતા ! અને રાજકુમાર ચંદ્રગુપ્તને છાની છાની માનદૃષ્ટિથી નિહાળતા હતા !

પણ મંત્રીશ્વર રાક્ષસ, ચંદ્રગુપ્તના ભયથી ધ્રૂજી ઊઠ્યો હતો !

એનું મન એના મનને કહી રહ્યું હતું કે નવનંદનો આ છેલ્લો દરબાર છે !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૫] ભિષગ્વર રાય !

સ્થાનેશ્વરનો ભવ્ય રાજમહાલય આજે શૂન્ય જેવો બની ગયો હતો. મહાલયના મુખ્ય દ્વાર પાસે ઊભેલા દ્વારપાલો જાણે કોઈ પથ્થરની કોતરેલી પ્રતિમાઓ હોય તેવા, જડ અને સ્થિર ઊભા હતા.

લાંબા ભાલા ઉપર શોકભરી ઉદાસીનતામાં એમનાં માથાં ઢળી પડ્યાં હતાં.

આખો રાજમહાલય, જાણે મધરાતનો કોઈ પડછાયો હોય તેમ, એકદમ નીરવ થઈ ગયો હતો. ક્યાંય કોઈ ફરકતું ન હતું. ઉપર છજ્જા, ગોખલા અને ગવાક્ષમાં પણ ચિંતા-વ્યાકુળ નારીઓ, હડપચીએ હાથ રાખીને ઊંડી વેદનામાં પડેલી દેખાતી હતી.

રાજપુરુષો આવે છે-જાય છે, પણ જાણે અંધારામાં સરી રહેલા પડછાયા હોય તેવા. સ્થાનેશ્વરાધિપતિ પ્રભાકર-વર્ધન ભયંકર માંદગીમાં પડ્યો હતો. ગાંધાર દેશમાંથી આવતા હૂણોના હુમલાને ખાળવા માટે બન્ને રાજકુમારો મહાન સૈન્ય લઈને ઊપડ્યા હતા. બન્ને કુમારોમાંથી અત્યારે કોઈ કુમાર હાજર ન હતા. આંહીં રાજાની જીવનલીલા ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પળે સમાપ્ત થાય તેમ હતી. કુમારોને તેડવા માટે એક સંદેશવાહક ગયો હતો. પણ એ પહોંચશે કે નહિ, એની કાંઈ ખાતરી ન હતી.

લડાઈના કાંઈ સમાચાર નથી. ભયંકર રણભૂમિ છોડીને કુમારો આવી ન શકે, કે એમને સંદેશો ન મળે, તો સ્થાનેશ્વરમાં શું થાય તે કહી શકાય તેમ નથી !

મહામંત્રીશ્વરની ચિંતાનો પાર ન હતો. થોડી વાર પછી તો રવિકિરણોએ પણ વિદાય લીધી.

નિસ્તેજ જેવા લાગતા દીવા પ્રગટ્યા. રાજમહાલયમાંથી એક વૃદ્ધ પુરુષ બહાર આવતો જણાયો. તેની ધોળી દાઢી છાતી સુધી પહોંચતી હતી. તેની આંખમાં શોકનો ભાર હતો. મોં ઉપર અકથ્ય વેદના હતી. તે ધીમે પગલે આવીને રાજદ્વાર ઉપર અટક્યો.

દ્વાર ઉપર ઊંડી ચિંતામાં નિમગ્ન મહામંત્રીશ્વર ઊભા હતા. તેણે તેની સામે જોયું : ' ભિષગ્વર ! રસાયનદેવજી ! શું લાગે છે આપને ? કોઈ કુમાર હજી આવેલ નથી ! '

ભિષગ્વર રસાયને એક શોકભરી દૃષ્ટિ મંત્રીશ્વર સામે નાખી. એનું હૃદય વલોવાતું હતું. તે આકાશ સામે જોઈ રહ્યો. ત્યાં અસંખ્ય તારાઓ આવ્યા હતા.

' ભિષગ્વર ! ' મંત્રીશ્વરે ફરીને કહ્યું, ' કોઈ કુમાર આવે ત્યાં સુધી જીવન ટકી શકશે ? '

રસાયન કાંઈ જવાબ આપી શક્યો નહિ. એની મુખમુદ્રા ઉપર ઘેરી શોકછાયા ફરી વળી.

' રસાયનદેવ ! તમે મડદાંને બેઠાં કર્યાં છે. તમે વિધિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચલતાથી ઘણી વખત પ્રત્યુત્તરો આપ્યા છે. મેં એ સાંભળ્યા છે. આજ ખરેટાણે તમારી વિદ્યા દગો દેશે ? આધાર તમારા ઉપર છે.'

તે રસાયનની સામે જોઈ રહ્યો.

રસાયનના હૃદયમાં મંથન જાગ્યું. તેણે પ્રત્યુત્તર ન વાળ્યો. મંત્રીશ્વર આગળ વધ્યો. તેને બંને હાથ મૂકયો. શોક ઘેરા અવાજે બોલ્યોઃ 'આ નગરીમાં હું ને તમે બન્ને ધૂળમાં રમ્યા છીએ. એની પડતી જોવાનું ભાગ્ય આપણું ન હો ! પણ કુમાર કોઈ આવી ન પહોંચે, તો આ નગરીને, બે મહાન પક્ષોની રણભૂમિ સમાન બની જતાં, કોઈ રોકી શકે તેમ નથી. એમ થાય તો નગરી ઉપર મોટી આફત આવી પડે ! ગાંધારની રણભૂમિ જાગી છે. માલવા, અંગ, જાગવાના ભણકારા છે ! મહારાજનો મંદ મંદ ચેતનવંતો જીવનદીપ જ કેવળ આધાર છે !'

કોઈ પરાજિત રણસેનાપતિની જેમ, રસાયન મંત્રીશ્વર સામે જોઈ રહ્યો. તેની આંખમાં એક અદૃશ્ય આંસુ આવ્યું. તેણે બોલવા માટે જીભ ઉપાડી. એનો કંઠ રૂંધાતો હતો, સાદ ગળગળો બન્યો હતોઃ 'મહામંત્રીશ્વર!' તેણે ધીમા સાદે કહ્યું, 'આજ મારા શોકનો પાર નથી. વિધિની નિશ્ચલતાથી તમને જવાબ આપનારો હું, આજ અવશતા અનુભવું છું ! કારણ ? મેં મારી વિદ્યાને, ઉપાસનાને અને તપને આશ્રયે, છેલ્લાં વર્ષોમાં ન રાખી, એનું આ ફળ છે, આ અનિશ્ચલતા. કીર્તિના પડછાયાને મેં મોટો ગણ્યો. ઉપાસનાને નાની માની. તપને અનાવશ્યક ગણ્યું. સમૃદ્ધિ, પ્રતિષ્ઠા, કીર્તિ ત્રણેએ ભેગાં થઈને, મંત્રીરાજ ! રસાયન ભિષગ્વરને પરાજય આપ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. છતાં મેં મારું છેલ્લું તીર ફેંકયું છે. એ સફળ હો! મહારાજને હું જીવાડી ન શકું તો મારી વિદ્યાને ધિક્કાર હો! મારા જીવનસમર્પણે પણ, એક વખત, ભલે બે પળને માટે, કોઈ કુમાર આવી ચડે તો, મહારાજ ઓલી શકે, એને નિહાળી શકે, એટલું તો થશે જ થશે! આટલી મારી છેલ્લી શ્રદ્ધા ફળો! વિદ્યા વિનાની એકલી પ્રતિષ્ઠાને આધારે રહેતી મારી નૌકા પછી ભલે ન વહો!' તે નત મસ્તકે ત્યાં શાંત ઊભો રહ્યો.

'અરે! રસાયન...' મંત્રીશ્વર સાંભળતાં ભડકી ગયો હતો. પણ એક વધુ શબ્દ આગળ બોલે તે પહેલાં, સામેના દ્વારમાંથી એના તરફ આવી રહેલા એક જુવાનને જોતાં એ ચમકી ગયો: 'આ...હા! રસાયનદેવ! આ નાના રાજકુમાર હર્ષવર્ધન તો આવ્યા.. જુઓ.. સામે..'

સામેથી એક જુવાન ઉતાવળે આવી રહ્યો હતો. ભિષગ્વરે તેના તરફ જોયું. હજી એણે શરીર ઉપરની મુસાફરીની ધૂળ પણ ખંખેરી ન હતી. તેના અધીર પગલામાં મહાન શોક બેઠો હતો. રસાયન એને આવતો જોઈ રહ્યો.

તેણે આવતાં વેંત ઉતાવળે રસાયનને પૂછયું: 'ભિષગ્વર! કેમ લાગે છે? હજી મોટાભાઈને તો આ ખબર જ નથી. એમને આવતાં વાર થશે!'

'સંદેશવાહક તમને કયાં મળ્યો રાજકુમાર?'

'સંદેશવાહક? સંદેશવાહક તો મને મળ્યો જ નથી. હું તો મને એક સ્વપ્નું આવ્યું. ને એ સ્વપ્ના ઉપરથી દોડતો આવ્યો છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું સ્વપ્નું હતું રાજકુમાર?' રસાયને ઉતાવળે પૂછ્યું.

તે વાત સમજી ગયો હતો. જુવાન હર્ષવર્ધનના ચહેરામાં જે હતું તે સાચું હતું. પ્રેમાબ્ધિની કોઈ રળઝતી લહરી, જાણે ભવિષ્યદર્શનના સમુદ્રકિનારે આવીને કાંઈ ઊંડું ઊંડું બનતું જોઈ રહી હોય, એવી એક અગમ્ય વસ્તુ ત્યાં બેઠી હતી. તે રાજકુમારની સામે જોઈ રહ્યો. પછી એણે શોકઘેરા ધીમા અવાજે ફરીને કહ્યું: 'રાજકુમાર! તમે તમારા સ્વપ્ના ઉપર દોડ્યા આવ્યા છો? તો સ્વપ્નું શું હતું એ કહો. તમારો પ્રેમ અમને માર્ગ બતાવશે!'

'એક સિંહણને મેં અગ્નિમાં કૂદી પડતી જોઈ રસાયન!'

ભિષગ્વર રસાયને બે હાથે આંખો ઢાંકી દીધી. એણે હાથ બેસવ્યા ત્યારે ઘેરી શોકછાયાની વાદળી એના ચહેરા ઉપર પથરાઈને પસાર થઈ રહી હતી. તેણે ધીમા વેદના ભરેલા શાંત અવાજે કહ્યું: 'રાજકુમાર! મેં મારા ભાથાનું છેલ્લું અમોઘ શસ્ત્ર વાપરી નાખ્યું છે. હવે હું કાંઈ નથી. મહારાજ અત્યારે સ્વસ્થ છે. કાલે સવારે ખબર પડશે! આપ સ્વસ્થ બનો. હું હવે જાઉં! ત્રણ ઘટિકા રાત્રિ રહેશે ત્યારે આવીશ!'

ભિષગ્વર રસાયન ધીમે શોકપગલે ચાલતો થયો.

મંત્રીશ્વરે હર્ષવર્ધન સામે જોયું: 'મહારાજ! સમય કટોકટીનો છે. મહારાજનો જીવનદીપ ઓલવાઈ રહ્યો છે!'

ભિષગ્વરે એ સાંભળ્યું લાગ્યું. તે આગળ વધતો અટકી ગયો. તેણે દૃઢ નિશ્ચયાત્મક અવાજે કહ્યું: 'મંત્રીશ્વર! મેં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ઔષધિ આપી છે તે એકલી ઔષધિ નથી. એના ઉપર જીવનન્યોછાવરીની શપથમુદ્રા પડી છે. ત્રણ ઘટિકા રાત્રિ રહેશે, ત્યારે મહારાજ ભાનમાં આવશે જ આવશે!'

રસાયન ધીમે પગલે ચાલતો થઈ ગયો.

ત્રણ ઘટિકા રાત્રિ રહ્યાનો સમય આવ્યો. મંત્રીશ્વર ત્યાં ખડે પગે ઊભો હતો. હર્ષવર્ધન એક તરફ શાંત પ્રતીક્ષા કરી રહ્યો હતો. ઝાંખા નિસ્તેજ દીપ ખૂણામાં જલતા હતા. પ્રતિહારો ખડે પગે તૈયાર હતા.

અચાનક મહારાજનો મંદ અવાજ સંભળાયો: 'કોણ છે?'

હર્ષવર્ધન દોડતો ગયો: 'મહારાજ! એ તો હું! હું હર્ષવર્ધન છું! તમને કેમ લાગે છે? હમણાં વૈદ્યરાજ...'

'હર્ષવર્ધન! બેટા! તું–તું કયાંથી? કયારે આવ્યો?'

મંત્રીશ્વર આગળ આવ્યો: 'મહારાજ! રાજકુમાર હર્ષવર્ધન આવ્યા છે!'

'બસ, ત્યારે. આંહીં પાસે આવ. તને એક જ કહેવું હતું. હૂણોથી દેશને બચાવજો. રસાયન કયાં છે?'

'મહારાજ! હમણાં આવશે. આપ જરા સ્વસ્થ બનો..' હર્ષવર્ધને મહારાજના મસ્તક ઉપર હાથ મૂકયો.

'હર્ષવર્ધન! બેટા! આ રસાયન માણસ નથી, દેવ છે. એણે ઔષધિ સાથે મને પોતાનું જીવનસમર્પણ કર્યું હતું. એટલે હું અત્યારે બોલી શકયો છું. અને તને મારા પુત્ર! છેલ્લીવાર નજરે નિહાળી શકયો છું. મને બે પળ ભાન આપવા માટે એણે એ કર્યું છે. જીવન સમર્પણ! એ રસાયન માણસ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવ છે. દેવ જ એવું કરે. કરી શકે. હૂણોથી . . દેશને . . બેટા ! હું જા . . ઉં . . '

'છું' એમ પણ મહારાજ પ્રભાકરવર્ધન બોલી શકયા નહિ. એમની ડોક એક તરફ નમી ગઈ હતી.

હર્ષવર્ધને શોક ઘેરા અવાજે પિતાને એક વખત બોલાવ્યા: 'પિતાજી . . પિતા . . જી ! . . હું હર્ષવર્ધન તમને બોલા . . '

સામેથી એક દ્વારપાળ દોડતો આવી રહ્યો હતો: 'મહારાજ ! વૈદરાજ રસાયન તો ચિતા ખડકાવીને બળી મૂઆ છે ! '

'હેં ! ' હર્ષવર્ધનનો અને મંત્રીશ્વરનો બન્નેનો અવાજ એક સાથે થઈ ગયો.

*

ઉપર છતમાંથી પ્રભાકરવર્ધનના છેલ્લા શબ્દોના જાણે ભણકારા આવી રહેલા સંભળાતા હતા: 'રસાયન, માણસ નથી, દેવ છે ! એણે ઔષધી આપી અને જીવન આપ્યું, તને હું છેલ્લો છેલ્લો નિહાળી શકું માટે ! '

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૬] તુષારબિંદુ

રાજકુમાર તિષ્ય એક વખત જંગલમાં ફરવા ગયો. વનની શોભા જોઈને એના મનને આનંદ આનંદ થઈ ગયો. ત્યાં ઠેર ઠેર ચોખ્ખાં પાણીનાં ઝરણાં, હરિયાળાં ઘાસમાં થઈને રમતાં રમતાં ચાલી રહ્યાં હતાં. વનકુંજોની શીળી છાયામાં મયૂરો નૃત્ય કરી રહ્યા હતા! અકાલે જાગેલી વસંત હોય તેમ ફૂલછોડોની મત્ત સુગંધ ચારે તરફથી આવી રહી હતી!

રાજકુમાર તિષ્યે પાટલીપુત્રના કૃત્રિમ વૈભવ કરતાં આંહીં જુદી જ જાતનો આનંદ અનુભવ્યો. તે રાજચિંતા છોડી દઈને બે ઘડી ત્યાં બેઠો. એને લાગ્યું કે આજે એ ખરેખર નંદન-વનનો અનુભવ લઈ રહ્યો છે!

જંગલના આ આનંદ–અનુભવમાં કુમાર તલ્લીન હતો. એના મનમાં અનેક વિચાર આવી રહ્યા હતા. એટલામાં એણે આ જંગલમાં ઠેકાણે ઠેકાણે પશુને અને પંખીને પણ, એક બીજા તરફ પ્રીતિ કરતાં જોયાં! એક બીજાં એક બીજાંની પાસે ઊભાં રહીને જાણે કે આનંદની ગોષ્ટિ માંડી રહ્યાં હતાં!

આંહીં ક્યાંય દુઃખ ન હતું. ક્યાંય શોક ન હતો. ક્યાંય રાગ દ્વેષની છાયા ન હતી. સઘળે ઠેકાણે જાણે, કુદરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસી રહી હતી ! જ્યાં નજર કરો ત્યાં નજર ઠરી જાય એટલી શોભા દેખાતી હતી.

પછી ધીમે ધીમે સંધ્યા સમયે રાજકુમાર તિષ્ય રાજ-ભવનમાં પાછો ફર્યો.

પણ નગરના કોટકિલ્લા, દ્વારપાલો, પાણી છાંટ્યા રસ્તાઓ, અને સોનેરી દીપમાલાઓ જોતાં, એના મનમાંથી એક પ્રકારનો શોકનો પડછાયો ઊભો થયો !

'આંહીં કેટલી કૃત્રિમતા હતી ?' એને વિચાર આવ્યો. અને એ વિચારની સાથે જ પોતાના મોટાભાઈ રાજા અશોકની સેંકડો ધર્માજ્ઞાઓ પણ એને યાદ આવી ગઈ ! 'એ પણ એટલી જ કૃત્રિમ ન હતી ? આમ જીવો ને તેમ જીવો !' તેને વિચાર આવ્યો.

એને થયું કે 'ઓહો ! જ્યાં કુદરતમાં ઠેરઠેર આવો સ્વચ્છંદી આનંદ વસી રહ્યો છે, ત્યાં પણ સાધુઓના મઠોએ કેવા કેવા નિયમો દાખલ કર્યા છે ! અને નિયમો દાખલ કરીને જીવનને હાથે કરીને કેટલું કૃત્રિમ બનાવી દીધું છે ! આંહીં રાજભવનમાં પણ આનંદ વિનોદ પ્રમોદનાં સેંકડો સાધનો છતાં, કેટલી બધી નિરર્થક નિયમાવલિઓ રાજા હમેશાં ને હમેશાં શિલાલેખોમાં કોતરાવ્યે જ જાય છે ! 'આમ રહેવું ને તેમ રહેવું — એમાંથી ખરી રીતે આટલું જ પ્રાપ્ત થયું છે, કે હવે કોઈને ખબર પણ પડતી નથી કે કેમ રહેવું !'

એના મનમાં આ બળવાખોર વિચારો આવી ગયા. તેની ઘેરી અસર એના ચહેરા ઉપર ફેલાઈ ગઈ ! આ પ્રમાણે એ વિચાર કરતો જ્યાં રાજભવનમાં પ્રવેશ કરે છે, ત્યાં દ્વાર પાસે જ એના ખભા ઉપર એક મૃદુ હાથ પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકુમારે ચમકીને પાછળ જોયું : મહામંત્રીશ્વર રાધાગુપ્ત ત્યાં ઊભો હતો.

'પ્રભુ!' તેણે બે હાથ જોડ્યા, 'મહારાજ આપને યાદ કરે છે!'

'મહારાજ મને યાદ કરે છે? ક્યાં છે?'

રાધાગુપ્તે એક શાંત દૃષ્ટિ એક દિશા તરફ ફેરવી. રાજકુમારે એ તરફ જોયું. મહારાજ મગધપતિ અશોક પોતે ત્યાં ઊભા હતા. એણે એક સાદું વસ્ત્ર પહેર્યું હતું. એક અત્યંત સાદું વસ્ત્ર ઓઢ્યું હતું. કોઈ કહી ન શકે કે આ મગધપતિ હશે એટલી બધી સાદાઈ રાજમાં હતી. તેને નવાઈ લાગી: 'મહારાજે એને આવતાં જોયો હશે? એટલા માટે બોલાવ્યો હશે કે શું હશે? કે પછી પોતાના મનમાં જે વિચાર ચાલી રહ્યા હતા, તે મહારાજે વાંચી લીધા હશે? વાંચ્યા તો નહિ હોય?'

અશોક મહારાજની, જનદિલમાં પ્રવેશ કરવાની અદ્‌ભુત દંતકથાઓએ, એને ઘડીભર અસ્વસ્થ કરી દીધો. મહારાજે એના વિચાર વાંચી લીધા હોય તો શું થશે? મહારાજની આજ્ઞાઓ સામે એ બળવારૂપ જ હતા.

તે મહારાજની તરફ ચાલ્યો.

રાધાગુપ્ત એની પાછળ આવી રહ્યો હતો.

જઈને મહારાજને પ્રણામ કર્યા; શાંત ઊભો રહ્યો. અચાનક મહારાજ બોલ્યા: 'રાધાગુપ્ત! સાત દિવસ સુધી, આ તિષ્યકુમારની રાજમુદ્રા આખા રાજમાં ચક્રવર્તી રહેશે. એ જ સમ્રાટ બનશે. એની આજ્ઞા સર્વોપરી ગણાશે. અમારે સાત દિવસ સુધી એકાંત કરવાનો છે! અને રાજકુમાર!..'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ અશોકની મુખમુદ્રા અચાનક કરડી થતી લાગી.

તિષ્યકુમારને મહારાજના પૂર્વદિવસો યાદ આવ્યા — જે વખતે મહારાજને મન, માનવવધ એ કોઈ મહત્ત્વની બાબત ન હતી. તે ધ્રૂજી ગયો. રાધાગુપ્ત પણ થંભી ગયો.

'અને સાત દિવસ પછી હે રાજકુમાર! જે આ અનિયન્ત્રિત સત્તા તને મળી, ને તેં આનંદથી ભોગવી, તેનું મૂલ્યાંકન તારે આપવું પડશે!

'અને તે મૂલ્યાંકન બીજું કાંઈ નહિ. આટલા બધા વૈભવ માટે જે હોવું જોઈએ તે. મૃત્યુ. રાધાગુપ્ત! લે આ રાજમુદ્રા!'

'પણ મહારાજ....' રાધાગુપ્ત બોલવા જતો હતો. મહારાજે એક હાથ ઊંચો કર્યો. મંત્રીશ્વર થંભી ગયો.

'સાત દિવસને અંતે મૃત્યુ. પણ ત્યાં સુધી આ આખું રાજ તારું છે કુમાર! તું એમાં ઠીક પડે તે કરી શકે. હું હવે આ ક્ષણથી જ રાજા નથી....'

રાજકુમાર તિષ્ય દિંગ થઈ ગયો. એને લાગ્યું કે મહારાજે એના બળવાખોર વિચાર માટે એને આ સજા કરી હતી. પણ મહારાજની સામે દલીલનો કોઈ અર્થ ન હતો. તે શાંત પગલે ત્યાંથી ચાલી નીકળ્યો. મંત્રીશ્વર રાધાગુપ્ત એની પાછળ પાછળ ગયો.

આઠમા દિવસનું પ્રભાત ઊગ્યું. રાજકુમાર તિષ્ય ત્યાં રાજભવનના દ્વાર ઉપર ઊભો હતો. અચાનક રાધાગુપ્ત દેખાયો. તેની પાછળ જ મહારાજ અશોક આવી રહ્યા હતા.

રાધાગુપ્તની સામે કુમારે રાજમુદ્રા ધરી દીધી: પણ તેના આશ્ચર્યનો પાર ન હતો. મહારાજ અશોકની આંખ હસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી હતી ! પોતાને મૃત્યુદંડ મળવાનો છે — તે વખતે, આ આંખ હસતી હતી !

એ ધ્રૂજી ગયો.

મહારાજ અશોક વિષે કહેવાતી દંતકથાની નિષ્ઠુરતા પાછી ફરી રહી હતી કે શું ?

તેણે બે હાથ જોડીને મહારાજને પ્રણામ કર્યા: 'મહારાજ ! રાજમુદ્રા સોંપી દીધી છે. હવે હું તૈયાર છું !'

'અરે ! પણ રાજકુમાર ! તમે આટલા લેવાઈ કેમ ગયા છો ? શું થયું છે તમને ? આઠ આઠ દિવસ સુધી, ચોખંડ ભૂમિનું રાજ ચલાવનાર સમ્રાટપદ તમારી પાસે હોવા છતાં, નથી તમે કાંઈ ફેરફાર કર્યો, નથી કોઈ નવી આજ્ઞા કરી, નથી કોઈ યશસ્તમ્ભ ઊભો કર્યો. રાજકુમાર ! આ શું કહેવાય ? આનું શું કારણ ? તમે જાણે રાજસત્તા ચલાવી જ નથી. એમ કેમ ?'

રાજકુમારે બે હાથ જોડ્યા: 'મહારાજ ! મને તો રાત દિવસ, સાત દિવસ સુધી, કેવળ મૃત્યુના જ વિચાર આવી રહ્યા હતા. વૈભવ શું છે એ પણ મને જણાયું નથી ! એમાં મન જ ગયું નથી ને !'

'નવી નવાઈની વાત રાધાગુપ્ત !' મહારાજ અશોકે કહ્યું.

'નવાઈની વાત કાંઈ નથી મહારાજ !' રાજકુમારે કહ્યું, 'માથે મૃત્યુ ભમતું હોય ત્યારે, કોઈ જ વિલાસવૈભવમાં સમય ગાળી શકે નહિ. મને તો આઠ દિવસ મૃત્યુના જ વિચાર આવ્યા હતા !'

'ત્યારે રાજકુમાર !' અશોક મહારાજે આગળ આવીને પ્રેમથી એના ખભા ઉપર હાથ મૂક્યો, 'તે દિવસે વનશોભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈને તમે આવ્યા, ત્યારે તમને ધર્માજ્ઞાઓની નિયમાવલિ શુષ્ક લાગતી હતી ખરું? પણ જેણે મૃત્યુની અનિવાર્યતા જાણી છે, એવો કોઇ પણ, સમય વિષે ને વૃત્તિ વિષે, પળ એ પળનો પણ પ્રમાદ ચલાવી શકે ખરો? હવે તમે સમજી શકશો, શા માટે સાધુઓ જીવનને, સવારથી સાંજ સુધી પળે પળે ઘડે છે. અને આ ધર્માજ્ઞાઓ પણ એટલા માટે છે! હવે તમને એ સમજાયું?'

કુમાર બે હાથ જોડીને નમી રહ્યો.

એટલામાં રાજઉદ્યાનમાંથી એક માળી નલિની પત્રમાં જલબિંદુ લઇને, મહારાજના સામે ઊભો રહી ગયો હતો.

અશોક મહારાજે કહ્યું: 'રાજકુમાર! તમે તે દિવસે કુદરતમાં જે વનશોભા નીરખી, જેનાથી તમને વૈભવ વિલાસ પ્રત્યે આકર્ષણ થયું; જેનાથી તમને પાટલીપુત્રમાં પ્રવર્તતી ધર્માજ્ઞાઓ શુષ્ક જણાવા લાગી, એ જ કુદરતમાં, તમે જોયું હોત તો, આ પણ હતું . . . જુઓ, આ નલિની પત્રનું જલબિંદુ!

એને પવન ફગવી દે એટલી જ વારમાં, મૃત્યુ માનવ-જીવનને પણ ફગવી દે છે!

એટલે સાધુઓ પળે પળે જીવનમાં મૃત્યુ વિષે વિચાર કરે છે, ને તેથી એમાંથી જીવન મેળવે છે.'

*

રાધાગુપ્ત આશ્ચર્યથી મહારાજ સામે જોઇ રહ્યો. તિષ્યકુમારને મોટા ભાઇની આ શક્તિએ દિંગ કરી દીધો.

ત્યાં મહારાજે કહ્યું : 'તિષ્યકુમાર! મૃત્યુનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માત્ર સાધુઓ માટે જ નથી. સંસારના તમામ જીવો એ વિષે વિચાર કરવાથી પવિત્ર બનવાના છે, એટલે સમર્થ થવાના છે. મૃત્યુનો વિચાર નબળાઈ પોષવા માટે, ભયભીત કરવા માટે, છે જ નહિ ! રાજકુમાર ! જે મૃત્યુનો વિચાર કરે છે, એ જ સાચું જીવન જીવે છે ! તમે રાજકુમાર છો. તમે રાજના ભાવિમાં સ્થાન ધરાવો છો. કેવળ મારી ધૂન રૂપે આ આજ્ઞાઓ નથી. એ જીવનમાં રહેવા માટે ત્યાં સુકાઈ છે. તમે જો આ ન સમજો તો મોટો ઉત્પાત થાય, માટે મેં તમને આ અનુભવ અપાવ્યો છે.

મહારાજ અશોકની ગહન સમજણે, રાજકુમાર અને મંત્રીશ્વર બન્નેનાં મસ્તક હૃદયમાંથી નમાવ્યાં. એમને લાગ્યું કે મહારાજે આ વસ્તુ હવે બરોબર પોતાની બનાવી દીધી છે એ હવે એમના જીવનમાં વણાઈ ગઇ છે ! હવે ત્યાં બીજી કોઈ વસ્તુને સ્થાન નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૭] રંગ રંગ વાદળિયાં!

કોણે લખ્યું છે? સરસ લખ્યું છે. મારા જીવનનું એ પ્રતિબિંબ છે.

સવારે સાડા સાતે હું સામ્યવાદી હોઉં છું. તે વખતનો કાર્યક્રમ, ચા, વર્ત્તમાનપત્રો, વાતો, વાતો અને વાતો. !

સાડાનવે હું સમાજવાદી હોઉં છું. બીજી ચા, બીજી વાતો, મજૂર, મજૂરી, માલિક, માલિકીની ભાવના.

જમતી વખતે હું ઘણું ખરું કૉંગ્રેસવાદી બનું છું. બીન રેશનનો ફલાહાર, વધારે દૂધ, ટમાટા, મધ, માખણ, મોસંબીના રસપ્યાલા ! આપણું અન્નસંકટ. નવી યોજના. નવા નુસખા. ગોટલીની રોટલી !

અને સાંજ પહેલાં હું સ્વતંત્રતાવાદી તરીકે બહાર પડું છું. આપણો દેશ. આપણી નિર્બળતા. આપણા પ્રશ્નો.

રાત્રે ઘણું ખરું હું ધાર્મિક બનું છું. ધર્મના સ્તંભ, મંદિરો, મુગટા, માળા, અંચળા, અસ્પૃશ્યતા અને ગૌસેવા. ફંડ ફાળા ને હિસાબો !

મને આ વસ્તુ જીવન્ત લાગી છે. બીજું કાંઈ નહિ તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન ક્યાં ગયું, એની ખબર તો પડવા દેતી નથી. અને ખરી રીતે જીવન કંટાળા જનક ન લાગે તો જ એ જીવન છે! તમામ પક્ષોને લાગે છે કે હું એમનો છું. ખરી રીતે જ્યાં હું 'મારો' પોતાનો પણ નથી, ત્યાં કોઇનો તો શી રીતે હોઉં?

ઘણી વખત તો મને ખબર પણ હોતી નથી, કે હું જે બોલું છું તે સાચું છે, કે જે નથી બોલતો તે સાચું છે!

છતાં હું બોલું છું ત્યારે સામ્યવાદી, સમાજવાદી, કોંગ્રેસી, ને સ્વતંત્રતાવાદી, બધી રીતે બોલું છું, ને બધી રીતે વંઠણાઉં છું!

મેં એક નિયમ રાખ્યો છે — કોઈ અતિમાં જવું નહિ. કોઈ ગંભીરતામાં પ્રવેશવું નહિ. કોઈ પંથના સિદ્ધાંતને અડવું નહિ. સૌને ગમે તેવું બોલવું. અને જ્યારે, જે વખતે, જે સભા હોય, તે વખતે તે સભાની જ વાત કરવી.

એથી મારે પોતાનું કોઈ જીવન હોતું નથી. ઘણા માણસો દેશ માટે સમૃદ્ધિ ડૂલ કરતા હશે. જીવન ડૂલ મેં કર્યું છે.

એક બીજો પણ મારો નિયમ છે. કોઈનું મન દુભાવવું નહિ. કામ બગડે તો ભલે. સમય, કામને સુધારી શકે છે. બીજાના બગડેલા મનને સુધારવા માટે તો આપણે દોડવું પડે છે! માટે બોલવું જ એવું કે ન બોલવા જેવું!

સાંભળનારા કહેશે સારું છે. ન સાંભળનારા પણ કહેવાના છે કે સારું છે!

હું આ યુગનું સાચું પ્રતિનિધિત્વ ધરાવું છું. ખરી રીતે આ યુગનો હું જ યુગપુરુષ છું. યુગમૂર્તિ છું! યુગની ભાવના છું! મારે કાંઈ કામ નહિ. કોઈ કામ વિષે ગંભીરતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરવાનો નહિ. અને છતાં 'મીટિંગો' નો પાર નહિ! ઘણી વખત મને લાગે છે, મને માણસ કહેનારા મૂર્ખા છે. મને 'મીટિંગો' એ ઇલ્કાબ આપવો જોઈએ!

બીજું, મારે કરવાનું કાંઇ નહિ. છતાં બધું મારે નામે જ થવાનું. કેટલાંક વાક્યો તો 'ગોખી' જ નાખવાનાં. 'આપણે આમ કર્યે જ છૂટકો છે' એ ગાંધીજીનું વાક્ય તો હું બન્ને બાજુના બીસામાં તૈયાર રાખું છું!

સેવામાં કોઈ દિવસ પાછું વાળીને જોવું નહિ. અને સેવા કરનારે પોતાની સેવા વિષે બહુ વિનમ્રતાથી બોલવું; — આવાં ચલણી વાક્યો તો ગોખી જ રાખવાં.

આ યુગને અનુરૂપ કેટલાક નિયમો રાખવાથી, હું વાણીમાં ગ્રહસ્થ ગણાઉં છું. વેષમાં સાદો મનાઉં છું. વિચારમાં તેજસ્વી જણાઉં છું. કાર્યક્રમમાં કુશળ દેખાઉં છું. પરદેશી મુસાફરી પછી, હું પરદેશો સાથે આપણા દેશની સરખામણી કરી શકું છું અને આપણા લોકો બરાબર નથી, માટે કામ થતું નથી, એ સિદ્ધાંત સ્થાપી શકું છું

માત્ર હું એક જ મારી સાચી વાત જાણું છું કે બરી રીતે 'હું' આમાંનું કાંઈ જ નથી! હું કેવળ પતંગિયું છું! અને ચંચળવૃત્તિના અત્યારના સમાજનો પોલો પડઘો છું! મારો પોતાનો કોઈ રંગ નથી. અને તમામ રંગોને મારા-માંથી પ્રગટ થવાની છૂટ છે!

પણ મને આમાંથી એક સત્ય મળ્યું છે. સમાજને દોરનારા માણસો, માણસો હોતા નથી. કાં એ દેવ હોય છે, કાં વાઘ વરુ જેવા પરોપજીવી હોય છે. માણસો તો સમાજ માટે નિરુપયોગી નીવડે છે. માણસો તો સાદું, સીધું, કાંઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય, એવું જીવન જીવવાના. એમને માણસો શું કરે? અમસ્તું પણ જુઓ ને, માણસો કાં પૂજે છે, કાં પથ્થર મારે છે. સમજે છે, એ ભાગ્યે જ. એટલે જ હું માનું છું કે, સમજણ જેવો માણસનો દુશ્મન કોઈ નથી! જે સમજે, તે થોભે, તે મરે. જે દોડે, તેની પાછળ સહુ દોડે. એક રીતે ટોળાનાં તોફાન ને રાજદ્વારી સૂત્રોનાં તોફાન સરખાં નથી?

પણ એ ગમે તે હોય. આંહીં જ્યાં જીવન ક્ષણિક છે, ત્યાં જે ક્ષણે ક્ષણે બદલાતો રહે છે, તે જીવે છે.

જે બદલાતો નથી તે મરે છે. જે વિચારે છે તે મરે છે. જે સમજવા મથે છે તે મરે છે! કેવળ 'ધૃષ્ટ:કો ન પંડિત:' એ જીવે છે.

આજે યુગપ્રતિનિધિનું આ જીવન છે. આવતી કાલે હોય તે બરું.

કદાચ આવા યુગપ્રતિનિધિઓની વાચાલતાથી છેવટે આંહીં જીવન જેવું કાંઈ જ ન રહે! એમ પણ બને! ન જાને..

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૮] વિદ્વત્-ચર્ચા

નાની સરખી એક વિદ્વદ્-મંડળી ભેગી થઈ હતી. દરેકને કાંઈક કહેવાનું હતું. પહેલાં ગુરુએ કહ્યું: 'શાંત ધીરજ રાખીને વિદ્યા ગ્રહણ કરવી એ શું આનંદજનક વસ્તુ નથી? અથવા તો જુદે જુદે ઠેકાણેથી મિત્રો મળવા આવે ને આનંદ-ગોષ્ટિ ચાલે એ પણ શું સુખદાયક નથી? પરંતુ એક વસ્તુ એમાં હમેશાં ખૂંચે છે. સુંદર શબ્દોનો અને સુંદર દેખાવનો, સુંદર વર્તન સાથે મેળ મળી ગયો હોય, એવું વિરલ દૃશ્ય ભાગ્યે જ જોવા મળે છે! એનું શું?'

બીજો એક ફિલસુફ બોલ્યો: 'માણસે પોતાના વિષે ત્રણ વસ્તુઓ નિરંતર તપાસવાની હોય છે. એક તો એ કે બીજાનું સોંપેલું કામ કે બીજા માટેનું કામ, એ કરી રહ્યો હોય ત્યારે, એણે હમેશાં જાગ્રત રહીને, પોતાને પૂછવું જોઈએ, 'હું આ કામ પૂરતી સચ્ચાઈથી કરી રહ્યો છું કે નહિ?' એ જ પ્રમાણે જ્યારે એ પોતાના મિત્રો સાથે વ્યવહાર કરે, ત્યારે પણ એણે મનને એ જ પૂછવું જોઈએ, 'હું મારા વર્તનમાં સો એ સો ટકા સાચો તો છું કે?' અને એવી જ રીતે પોતાની વિદ્યા વિષે ને વિદ્યાગુરુ વિષે પણ એણે પ્રશ્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછવો રહ્યોઃ 'ગુરુએ જે વારસો આપ્યો છે, તેને હું સચ્ચાઈથી વળગી રહ્યો છું ખરો?'

આ ત્રણ પ્રશ્નો મનને પૂછીને કામ કરનારો સત્ય વર્તનને પંથે વળે.'

ગુરુએ કહ્યું: 'આવડા વિશાળ દેશમાં, જ્યાં હજારો જુદા જુદા રથ, જુદે જુદે માર્ગે ચાલી રહ્યા હોય, ત્યાં પોત પોતાના પ્રાપ્ત કર્ત્તવ્યની ઉગ્ર જવાબદારી પ્રત્યે, પૂજ્યભાવ હોય, અને જાતસચ્ચાઈ હોય તો જ કામ નભે; ખર્ચ કરવામાં કરકસર હોય અને છતાં માણસો પ્રત્યે પ્રેમ હોય, તો જ આવડું વિશાળ તંત્ર નભે; અને માણસોને યોગ્ય સમયે યોગ્ય કામ આપવાની શક્તિ હોય, તો જ સેંકડો રથવાળું આવું સંકુલ તંત્ર કામ કરી શકે.'

એક બીજા વિદ્વાને વાત આગળ ચલાવીઃ 'જેમ ત્રણ પ્રશ્નો જાતને કરવાની વાત થઈ, તે જ પ્રમાણે, પોતાના સંસ્કાર–ધ્યેયમાં પણ જાગ્રત રહેવાની વાત છે. સુંદરની ઉપાસના એ જ્યારે ધ્યેય બની રહે, ત્યારે માણસે એ પણ વિચાર કરવો ઘટે કે સુંદરની ઉપાસના એ સદ્‌વૃત્તિની ઉપાસના છે કે નહિ? ભણવું એ પણ એક રીતે સુંદરની ઉપાસના છે. માણસો જેને ભણવું ગણે છે, એવું ભણતર જેને ન મળ્યું હોય છતાં, જો એની પાસે થોડીઘણી પણ સદ્‌વૃત્તિની મૂડી હોય, તો એને હું, ઘણો જ ભણેલો ગણું. કારણ કે ક્રિયા વિનાના શબ્દો એ તો પ્રાણ વિનાના પંખી જેવા છે.'

ફિલસૂફ યૂ બોલ્યોઃ 'માણસના મનની સદ્‌વૃત્તિ વિના તો એના બોલેલા શબ્દોની કાંઈ જ કિમ્મત નથી. અને ક્રિયા વિનાની એકલી સદ્‌વૃત્તિ એ પણ માણસ જ્યારે

CC-0. Jangamwadi Math Collection. Digitized by eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સામાન્ય વ્યવહારમાં પણ, કોઈની સાથે સમાધાનના પંથ ઉપર આવો, ત્યારે જોવાનું આ રહ્યું કે જે રૂપાળા શબ્દો બોલાય છે, તે રૂપાળા શબ્દો પ્રમાણે વર્ત્તાવ થાય છે કે નહિ ? અને આવું વર્ત્તન ત્યારે જ શક્ય છે, જ્યારે સમાધાનના મૂળમાં ન્યાયવૃત્તિ કામ કરી રહી હોય. જેને જેટલું માન આપવું ઘટે તેને તેટલું માન અપાય, ત્યારે જ લજ્જા અને અપમાન દૂર કર્યાં કહેવાય. જેમના ઉપર આધાર છે એવા દોરનારાઓ, જ્યારે પોતપોતાના ક્ષેત્રમાં યોગ્ય હોય ત્યારે જ, એ માર્ગદર્શન આપે છે: અને ચીંધેલા માર્ગ ઉપર પોતાની સત્તા છે એમ પણ સાબીતી આપે છે.

કોન્ફ્યુશિયસે કહ્યું: 'જેવી રીતે અનાજની તમામ ફ્રિલ-સૂફી સમજનારો માણસ, કેવળ પોતાની ભૂખને જ સંતોષવાનો પ્રયત્ન કર્યા નહિ કરે, અથવા તો પોતાના ઘરમાં આળસથી લોટી જવું પડે એટલું બધું પેટ નહિ ભરે, તેવી જ રીતે શબ્દની ફ્રિલસૂફી સમજનારો, પોતાના સ્વાર્થ માટેના જ શબ્દો વાપર્યા નહિ કરે અથવા તો જેના ભારથી પોતે પાછળથી બંધનમાં પડીને અકળાયા કરે, એવા શબ્દો પણ નહિ વાપરે. એ પોતે જે કરી શકે તેટલા જ સત્ય શબ્દો વાપરશે. એ પોતાની વાણી વિષે સાવધ રહેશે. અને પોતાની વાણી વિષે વધુ સાવધ રહેવા એ દક્ષ માણસોનો સંસર્ગ રાખશે. આવા માણસને માટે તમે કહી શકો કે એનું ભણતર એનું પોતાનું બળ બન્યું છે. એટલું જ નહિ એને વિદ્યાપ્રીતિ પણ વરી છે. કારણ કે માણસને જ્યારે વિદ્યા આવે છે, ત્યારે શબ્દ વિષે માણસ વારંવાર જાગ્રત ન રહે, તો આવું પ્રભુત્વ એ કેવળ બહારના આંચળારૂપ થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માણસો મને ન સમજે તેનું મને દુઃખ નથી. હું માણસોને ન સમજું તો એ મારું મોટામાં મોટું દુઃખ હોવું જોઈએ.'

પછી ગુરુદેવે વધારે ગંભીરતાથી કહ્યું: 'જે માણસો રાજતંત્ર ચલાવે છે તે ધ્રુવતારક સમાન છે. ધ્રુવતારક જેમ અચલ છે અને બીજા તમામ આકાશી પદાર્થો એના અચલ સ્થાન પ્રત્યે ધ્યાન રાખે છે, તેમ જ મુખ્ય રાજશાસન-કર્ત્તાનું સમજવું. એની અચલતા ડગવી ન ઘટે. તે વિના તો, પછી કોઈ પણ જાતની યોગ્યતા વિના, કેવળ સ્થાનની મહત્તાને લીધે માણસો, માણસને માન આપવા મંડે. એવું થાય ત્યારે સમજવું કે હવે એ એક પ્રકારની વેઠ છે. જેમ શ્રમ લેવા દેવાની વેઠ હોય છે, તેમ શબ્દોમાં પ્રશંસા આપવાની પણ વેઠ હોય છે. આવી વેઠ લેવા માટે જ્યારે રાજદ્વારી પુરુષો હેરાફેરા માંડે છે, ત્યારે એમાં કોઈ વિશિષ્ટ ધ્યેય રહેતું નથી. દરેક વસ્તુની અતિશયતા યોગ્યાયોગ્યનું ભાન ભૂલાવે છે. એટલા માટે રાજદ્વારી માણસોએ સૌથી વધારેમાં વધારે સાવધાનતા પોતાના શબ્દ વિષે રાખવી ઘટે છે.

એ ચાંગે એક વખત કોન્ફ્યુશિયસને પૂછ્યું: 'એવા કયા પાંચ શબ્દો છે કે જે સદ્‌ગુણોનો અર્ક આપી રહે છે?'

ગુરુએ જવાબ વાળ્યો: 'માણસ ગૌરવશીલ હોય, ઉદાર હોય, સચ્ચાઈથી ભરપૂર હોય, પ્રેમાળ હોય અને શ્રદ્ધાવાન હોય, તો પછી એનામાં તમામ સદ્‌ગુણો આવી જાય છે. પણ જેમ આ પાંચ શબ્દો — ગૌરવ, ઉદારતા, સચ્ચાઈ, પ્રેમ અને શ્રદ્ધા —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસને સંપૂર્ણ બનાવે છે, તેમ એવા છ શબ્દો પણ છે, જેમના વિષે વિવેક વાપરવામાં ન આવે તો કેવળ એમની અતિશયતાને કારણે એ સદ્‌ગુણમાંથી દુર્ગુણમાં સરી પડે. આ છ શબ્દો વિષે તમે કાંઈ જાણો છો?'

અને ઝે ચાંગે કહ્યું: 'ના, એમના વિષે તો હું કાંઈ જાણતો નથી.'

'ત્યારે બેસો, હું તમને એમની વાત કહું,' એમ કહીને કોન્‌ફ્યુશિયસે એને સમજાવ્યું: 'જુઓ, માણસ માણસને સમજ્યા વિના જ્યારે ઉદારતા બતાવવા માંડે, ત્યારે એનામાં મૂર્ખાઈ ભરેલી સાદાઇ છે એમ ઉપહાસ થાય; માટે ઉદારતા રાખવી, પણ એમાં વિવેક રાખવો. માણસમાં દરેક વસ્તુ જાણવાનો શોખ હોય, અને છતાં કોઈ પણ વસ્તુને શીખવાની એનામાં પ્રીતિ ન હોય, ત્યારે વિદ્યાની એવી વાંઝણી અભિરુચિ, એ કેવળ મનનો રોગ બતાવે છે; મનની અમૂલ્ય શક્તિને વેડફી નાખનારું એ મનનું ઉડાઉપણું ગણાય. એવી જ રીતે અતિશય સચ્ચાઇનો રોગ થાય છે. બીજો સમજે છે કે નહિ અથવા પોતે વસ્તુને તેમ જ એને સમજવા શક્તિમાન છે કે નહિ, એ જાણ્યા વિના, કેવળ પોતાની સચ્ચાઇની ધૂન વિષે જે માણસ આકાશ–પાતાળ એક કરે છે, તે માણસ ભયંકર પરિણામો પ્રત્યે આંખ મીંચી રાખે છે એમ કહેવાય. આ જ પ્રમાણે પ્રામાણિકતા વિષેનું સમજવું. આવી પ્રામાણિકતાને જ્યારે છેહ મળે છે, ત્યારે એને જંગલી રીતભાત તરફ ઢળી પડવાના વિનિપાત–માર્ગનો ભય રહ્યો છે. હિમ્મત એ સદ્‌ગુણ છે. પણ જ્યારે એમાં વિવેકની માત્રા હોતી નથી, ત્યારે એ સદ્‌ગુણને અપમાનજનક બુદ્ધતા તરફ ઢળી જતાં કોણ રોકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતું નથી. દૃઢતા એ શું ગુણ નથી? પણ એ જ ગુણને તમે વિવેક વિના ખેંચ્યે રાખો તો એમાંથી છેવટે તમારી સ્વાર્થી ઉડાઉ રીતભાત ખુલ્લી પડે! જાણે કે એ કોઈ દિવસ સદ્‌ગુણ જ ન હતો!

માટે હું કહું છું કે સદ્‌ગુણો કરતાં પણ સદ્‌ગુણોને રક્ષી રહેલી મર્યાદારેખા એ સમજવા જેવી વસ્તુ છે.

એટલા માટે ઊંચામાં ઊંચા સ્થાને બેઠેલ દેવપુરુષથી માંડીને અતિ સામાન્ય માણસ સુધી, બધાને આ સમજણ રહેવી ઘટે છે કે, છેવટે કોઈ પ્રકારના તંત્રનો આધાર સ્થાને બેઠેલ વ્યકિત ઉપર જ છે. માટે વ્યકિતને, ઝાડના મૂળિયાંની પેઠે, સંસ્કારથી પોષો. મૂળિયાંને જલસિંચન કર્યા વિના, વસંત ઋતુમાં પુષ્પની આશા રાખનારો માળી જેમ મૂર્ખ ગણાય છે, તેમ સમાજવ્યવસ્થાનું સમજવું. ઉપરથી નીચે સુધી બધે સ્થળે જીવન પ્રગટવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૮] વૃક્ષ વધે છે; માણસ ઘટે છે!

કેટલો સુંદર નાનકડો ગુલમોરનો એ રોપો હતો! અમે બન્ને એની સામે જોઈ રહ્યા. એનાં લીલાં પાંદડાં ઉપર ચળકતો તડકો સુંદર લાગતો હતો.

અમારે બન્નેને બીજે દિવસે વહેલી પ્રભાતમાં તો ઊપડી જવાનું હતું; સાતમ આઠમની ચાર પાંચ દિવસની ગામડાની હવા ખાવા માટે જ આવ્યા હતા. કૉલેજનાં ભાષણો શરૂ થઈ જાય તે પહેલાં પહોંચી જવાનું હતું. સુશીલનું ગામ આઘે હતું. એટલે એને જવા આવવામાં જ રજા પૂરી થઈ જાય માટે, એ પણ આ વખતે મારી સાથે આવ્યો હતો. કૉલેજની 'રેસીડન્સી'માં અમે એક જ 'રૂમ'માં રહીને મિત્રો જેવા બની ગયા હતા!

સુશીલને આંહીં મજા પડી. ગામડામાં બીજું તો શું હોય? પણ નાનકડી નદીનો તટ સાંજે રળિયામણો લાગતો. બહારની એક ટેકરી ઉપર જઈ ને બેસીએ તો સાંજનો પવન સ્ફૂર્તિદાયક જણાતો. સાંજે ગોરજ વળી ગયા પછી પાછા ફરીએ તો સીમમાંથી પાછી ફરતી ભથિયારીઓનાં ગીતોની હલકથી હવા અદ્ભુત બની જણાતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ દિવસ આનંદમાં પસાર થઈ ગયા.

સુશીલને અમારા ફળીના ગુલમોર સાથે જાણે પ્રીતિ થઈ ગઈ હતી ! એને એ છોડ ઘણો સુંદર લાગ્યો હતો ! જતી વખતે એણે કહ્યું : ' હવે આ છોડ જોવા માટે જ, હું કયારેક અચાનક આવી ચડીશ ! '

સૌ હસી પડ્યાં !

સુશીલ ને હું પાછા ' કૉલેજ 'માં આવી ગયા. હમેશનો કાર્યક્રમ શરૂ થઈ ગયો. ચાર દિવસની એ નાનકડી મુસાફરી રમણીય સ્વપ્ન જેવી બની ગઈ ! સુશીલને એ ગમી ગઈ હતી.

પણ અમે બન્ને ભૂખડીબારશ હતા. હું જેમ તેમ ગાડું ગબડાવતો, તો સુશીલ પણ માગાં ત્રાગાં કરીને માંડ પૂરું કરતો. કૉલેજનાં ખર્ચા કરવા માટે અમારા બેમાંથી એકેના ઘરમાં ખરી રીતે તાકાત ન હતી. અમારે નાપાસ થવું તો પોસાય તેમ જ ન હતું.

એટલે અમે તન તોડીને મહેનત કરતા. અને સાથે સાથે બીસાખરચીની જોગવાઈ માટે પણ આંહીં તહીં આંટા મારી લેતા. કોઈ ને કોઈ હરીનો લાલ ભેટી જતો !

એક વખતની વાત છે. અમે બે અઢી વાગે કૉલેજમાંથી પાછા ફરીને ' રૂમ 'માં ખુરશીઓ ઉપર ચોપડીઓ ફેંકીને અમસ્તા આડા પડ્યા હતા. ચાને હજી વાર હતી. એટલે બે પળ આળસુ જેવા પડ્યા હતા.

બહુ જ સુંદર વાત હતી. ' વિનાયક ! ' સુશીલ અચાનક બોલ્યો, ' ગમે તેમ પણ સાળી ' પ્રજાકીય સંસ્કૃતિ જેવી કોઈક વસ્તુ તો છે જ. એ જ જગ્યાએ આપણો દેશી હોત, તો ગમે તેમ કરીને પાંચ આગળ વધવાનું કરત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ લોકમાં તેમ આપણામાં — માણસ છે ને કે માણસ પણ છે!' મેં કહ્યું.

એવું બન્યું હતું કે આજે અમારા એક પ્રોફે. ભાષણમાં ચગ્યા હતા. તેમાં પ્રજાકીય ગુણો ઉપર ઊતરી પડતાં પંચ-મહાલના એક અંગ્રેજ અમલદારની વાત નીકળી હતી. તે લશ્કરી અમલદારે પોતાના ઉપરી અધિકારીને કાંઈક નારાજ કર્યા હશે. એટલે એનો અધિકાર ડુબાવીને એની નીચેના માણસને આગળ વધારી દેવાની ભલામણ થઈ હતી.

સમય લડાઈનો હતો. જેનો હક્ક ડુબાવવામાં આવતો હતો તે માણસ જ આ વખતને માટે વધુ લાયક હતો. એની જગ્યાએ બીજા માણસની નિમણુક, દેશ માટે પણ નુકસાનકારક હતી. છતાં ભલામણ પ્રમાણે પેલા નીચેના અમલદારને આગળ વધારવાનો હુકમ આવી ગયો!

એ વખતે એ માણસે પોતે, એ જગ્યા માટે, પોતાની લાયકી ખરી રીતે બીજા નંબરની છે માટે, આગળ વધવાની ના પાડી દીધી! ને જેનો હક્ક ડુબાડવામાં આવ્યો હતો તેનું નામ આગળ મૂકયું!

એની આ પ્રામાણિકતાને લીધે જેનો હક્ક ડૂબ્યો હતો તેને પણ ન્યાય મળ્યો, દેશને ફાયદો થયો, લડાઈનો સમય સચવાઈ ગયો, નોકરીની પ્રતિષ્ઠા વધી.

આ વાત ઉપર અમે બન્ને તે દિવસે ઘણા જ ખુશ થઈ ગયા હતા.

આનું નામ જ 'National character' પ્રજાકીય સંસ્કારિતા! આપણામાં એ ભાગ્યે જ મળે!

ત્યાર પછી બીજે ત્રીજે દિવસે અમને બન્નેને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતનો પત્તો લાગ્યો.

અમે તો કોઈ જગ્યાએ સ્કૉલરશીપની ગંધ આવે તો આંખાંખોળા કરતા જ હોઈએ!

એમાં ત્યાં એક અમલદાર હતા. તે દરમહિને અમુક રકમ સ્કૉલરશીપ માટે કાઢતા. એ રકમમાં જ એ રમતા. એટલે ઉપલા વિદ્યાર્થીઓ પાસ થઈને નીકળી જાય, ત્યારે જગ્યાઓ ખાલી પડતાં, બીજા યોગ્ય વિદ્યાર્થીઓ માટે વિચાર કરવાનો વખત આવતો.

આ પ્રમાણે એક બે જગ્યા ખાલી પડી હતી એ જાણમાં આવતાં, બીજા કોઈ તક ઝડપી લે તે પહેલાં, અમે બન્ને દોડ્યા!

રસ્તામાં એક બીજા વિદ્યાર્થીનો ભેટો થઈ ગયો.

એ પણ એ માટે જ જઈ રહ્યો હતો. એની પાસે અમારા કરતાં વધારે માહિતી હતી.

બે જગ્યા ખાલી હતી. અમે ત્રણ જણા જઈ રહ્યા હતા. એકને ખાલી ફરવાનું હતું.

અચાનક સુશીલ થોડે આઘે જઈને અટકી ગયો. તેણે મારા કાનમાં કહ્યું: 'વિનાયક! આ બિચારો જાય છે, તેની સ્થિતિ ઘણી કંગાળ છે. આપણી સ્થિતિ એના પ્રમાણમાં ઘણી સારી છે. આપણા બેમાં હું વધારે સારી સ્થિતિમાં છું. માટે તું અને એ એમ બન્ને જણા પહોંચી જાઓ. હું પાછો જાઉં છું!'

મેં કહ્યું: 'અરે! સુશીલ! એમ તે હોય? ચાલ ને, એ તો વખતે ત્રણેને લાભ મળી જશે!'

'એમને મેં સિદ્ધાંતનો ભંગ કરતાં કયારેય સાંભળ્યા નથી. એટલે લાભ બેને જ મળવાનો છે. એ બન્ને જણા તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો, એ વધારે ઠીક જણાય છે !'

એટલું બોલીને સુશીલ ત્યાંથી પાછો ફરી ગયો.

સુશીલનો એ વખતે આ આદર્શ હતો.

× × ×

વર્ષો જતાં કાંઈ વાર લાગે છે ? ત્યાર પછી તો, કૉલેજના દિવસો પૂરા થયા. સૌ છૂટા છૂટા પડી ગયા. કોઇ ક્યાંય ને કોઇ ક્યાંય એમ થઇ ગયું.

અકસ્માત સંજોગો બને છે તેમ હું અને સુશીલ એક ખાતામાં નોકરીએ રહી ગયા હતા.

અમે બન્ને જુદા જુદા ફરતા રહ્યા. અને એમ કરતાં એક વખત અમારો ભેટો થઈ ગયો.

પણ આ ભેટો બહુ જ વિચિત્ર સંજોગોમાં થયો હતો. એક સહેજ જેવા નાના સરખા પુરાવાને આધારે અમારા બેમાંથી કોણ આગળ જાય — એ વાત ઊભી થઈ હતી.

એ વખતે મેં જેટલી સત્યથી પુરવાર થઈ શકે તેટલી જ વાત રજુ કરી હતી.

પણ સુશીલ જબરો નીકળ્યો. એણે આમથી વાત કઢાવી, તેમથી વાત કઢાવી, ગમે ત્યાંથી થોડી ઘણી સાચી ખોટી હકીકતો મેળવી—મારી અને એની વચ્ચે એણે એક દિવસનું નોકરીનું અંતર સિદ્ધ કરી દીધું ! અલબત, આખી વાત તૂત હતી. પણ તેમાં એ ફાવી ગયો; એ આગળ વધી ગયો. એના પરિણામે નોકરીનાં છેવટનાં વર્ષોનો લાભ પણ એને વધુ મળે તેમ હતું !

એને ખબર હતી કે હું દરેક રીતે એના કરતાં આગળ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને એ પણ ખબર હતી કે કુદરતે મને વધારે મુશ્કેલ પરિસ્થિતિમાં મૂક્યો હતો.

એણે બેાટી ધાંધલ મચાવી ન હેાત તેા કુદરતી રીતે જ મને ન્યાય મળે તેમ હતું. પણ ગમે તેમ સુશીલે, પેાતાનો જ લાભ જોયેા અને એની સિફ્ત ભરી હેાંશિયારીથી પરિણામ પણ ધાર્યું જ આવ્યું. એ આગળ ગયેા; હું પાછળ રહી ગયેા.

એ વાતનો ડાઘ મારા મનમાં બેઠેા હતેા. છતાં અમારી મૈત્રી–સામાન્ય મૈત્રી—ચાલુ જ હતી.

એક વખતે એ કામપ્રસંગે મારે ત્યાં આવી ચડયો. વિદ્યાર્થી અવસ્થામાં જ્યાં બેઠા હતા ત્યાં જ અમે બેઠા હતા —પેલા ગુલમેારના ઝાડ નીચે !

એ ગુલમેારની સામે જોઇ રહ્યો. શું એની શેાભા વધી હતી !

એને આગલા દિવસેા યાદ આવ્યા હેાય તેમ લાગ્યું

ફરવા ગયા હતા તે, પેલી ટેકરી ને વિદ્યાર્થી અવસ્થા ! અને પેલી સ્કેાલરશીપની વાત — અચાનક એને એ પણ યાદ આવી ગઇ. !

તેનું મન જરાક મુલાયમ થયું હેાય તેમ લાગ્યું. તે બેાલી રહ્યો હતેા : ‘ઓ હેા ! શું એ દિવસેા હતા ! આજ પણ યાદ આવે છે ! મને જીવનમાં સૌથી વધુમાં વધુ શાંતિ તે વાત સંભારું છું ત્યારે મળે છે’

મેં કહ્યું : ‘કયા દિવસેા ?’

તેણે કહ્યું: ‘તે દિવસેા — એમાં પણ ખાસ કરીને બે દિવસ મને યાદ રહી ગયા છે. એક દિવસ તેા તે, જે દિવસે હું સ્કેાલરશીપ લેવા ન જતાં પાછેા ફરી ગયેા હતેા — ખબર છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનાયક. . . . . ?'

અને કાંઈક સાંભર્યું હોય તેમ એ પોતે પોતાનાથી ભડકયો હોય તેમ બોલતાં અટકી પડયો.

'અને બીજે દિવસ ?' મેં એને વાતમાં આગળ ખેંચ્યો.

'બીજે દિવસ, આ ગુલમોરનો રોપો આંગણે જોઈ રહ્યા હતા તે. આજ એ ગુલમોરની કેવી શોભા થઈ છે !'

બોલીને તે નીચું જોઇ ગયો હતો.

મેં ગુલમોરની શોભા તરફ દૃષ્ટિ કરી. ખરેખર, છોડ હતો ત્યારે એ ગુલમોરનું જે સૌન્દર્ય હતું એના કરતાં એક હજારગણું વધારે સૌન્દર્ય એનું અત્યારે લાગતું હતું !

હું ધીમેથી બોલ્યો : 'વૃક્ષમાં ને માણસમાં કેટલો ફેર ? આટલાં વર્ષોમાં વૃક્ષની શોભા વધી ! આપણી માણસની શોભા ઘટી !'

સુશીલ મારી સામે જોઈ રહ્યો.

એટલામાં અંદરથી અવાજ આવ્યો : 'બાપુજી ! ચા તૈયાર છે !'

અમે બન્ને ચા પીવા ઉઠયા.

સુશીલે એક વખત ફરીથી ગુલમોર તરફ જોયું !

ખરેખર, જાણે આટલાં વર્ષોમાં જીવનની શોભા ભેગી કરી હોય તેમ, ગુલમોર પૂર બહારમાં ખીલી રહ્યો હતો !

સુશીલ ધીમે ગણગણી રહ્યો હતો : 'વૃક્ષ વધે છે ! માણસ ઘટે છે ! ખરેખર, એ સાચું હશે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૯] એ ના એ!

એક નિયમ તરીકે જ્યારે દોઢ બે માસ મારે ગામ ગાળવાના આવે ત્યારે હું સાડા પાંચે ફરવા નીકળી જાઉં. પા એક કલાક ચાલું, ત્યાં કૃષ્ણલાલ દેખાય! અમે એને કૃષ્ણલાલ ન કહેતા, રાવણહાદુર કહેતા. કાળો લાંબો કોટ, કાળું પાટલૂન, કાળી ટોપી કે કાળો સાફો, અને કાળી લાકડી, એમાં કૃષ્ણલાલનો થોડો કાળો રંગ, એ ઠીક ભળી જતો જણાતો!

એ દેખાય એટલે દૂરથી જ લાકડી ઊંચી કરીને બોલાવે! 'Oood evening sir' એમના મોંમાંથી અચૂક આ શબ્દો હમેશાં નીકળવાના. જાણે કેમ એ ત્યાં બેઠા જ હોય! જે જમાનામાં અંગ્રેજી શુદ્ધ ઉચ્ચારણ એ સંસ્કારિતાની પરાકાષ્ઠા ગણાતી તે જમાનાની આ વાત —એટલે કૃષ્ણલાલ, પોતાના અમુક પ્રકારના વિશિષ્ટ ભારોચ્ચારણથી આ શબ્દો ઉચ્ચારીને આપણી સામે જોઈ રહે! આપણે એની સામે પ્રશંસાથી જોઈએ તો એમને આનંદ આનંદ થઈ જાય! અંગ્રેજી શુદ્ધ બોલવાની એમની ઢબ વિષે એ જેટલા આગ્રહી હતા, તેના કરતાં વધુ દુરાગ્રહી હતા! પણ એ માનતા કે એમની પાસે છેલ્લામાં છેલ્લા ઉચ્ચારો છે! અંગ્રેજી બોલવાનો એમને શોખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘણો. એમાં ખાસ કરીને એ ઉચ્ચારણ માટે જ બોલતા લાગે !

વર્ષો થયાં — છેલ્લાં છ સાત વર્ષ થયાં — એમને મેં એક વાત કહેતાં સાંભળ્યા છે. એ વાત હજી એમની પૂરી થઇ નથી. તેમ એમણે એ છોડી પણ દીધી નથી !

જેવો શુદ્ધ ઉચ્ચારણનો એમને મોહ હતો, બરાબર એ મોહને અનુરૂપ એમનો એક મોટો છોકરો હતો. તે પણ એના પિતાની માફક જ ' Good eveni g sir ' એમ વિશિષ્ટ ભારોચ્ચારણથી બોલી શકતો. એ વિષે કૃષ્ણલાલને મનમાં ગર્વ પણ થતો ! ' ઇવનીંગ ' એ શબ્દોચ્ચારણ તો કૃષ્ણલાલનું જ ! એવું કોઈનું ન આવે. પણ આ છોકરાએ એ આબાદ પકડ્યું હતું !

એ છોકરો થોડી કવિતા કરતો. પહેલાં એ ગુજરાતીમાં કવિતા કરતો. એ જોઇને કૃષ્ણલાલનું હૈયું ભાંગી ગયું હતું. પણ પછી એક વખત એણે અંગ્રેજીમાં કવિતા કરી ને કૃષ્ણલાલનું હૈયું નાચી ઊઠ્યું ! પછી એ અંગ્રેજીમાં જ કવિતા કરતો, ને ગાતો !

એમનો એ છોકરો વહેલો વિદાય થઇ ગયો. પણ એની ઘણી કવિતાઓ રાવબહાદુરે સાચવી રાખી હતી. એ કવિતા એમને મોંએ પણ હતી. ને એ બોલતા પણ ખરા. એનો એક સંગ્રહ છપાવવા માટે એ તૈયારી કરી રહ્યા હતા. પણ આગળ જે કરુણ પ્રશસ્તિ મૂકવી હતી તે રચનારો હજી એમને કોઇ મળ્યો ન હતો, તેથી એ વાત અધૂરી રહી ગઈ હતી !

દર વખતે એવા કોઇ કવિ વિષે પણ એ પૃચ્છા કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોઈ છે તમારી જાણમાં? ઉચ્ચારની દૃષ્ટિએ શુદ્ધ જોઈએ હો!'

છેલ્લાં છ સાત વર્ષ થયાં હું જવાબ આપતો હતો કે કોઇક મળી રહેશે!

પણ રાવસાહેબને હજી કોઇ જ કવિ મળ્યો ન હતો. અને તેથી એના પોતાના પુત્રનાં કાવ્યો હજી અપ્રગટ જ રહી ગયાં હતાં!

બીજી રીતે તદ્દન ગૃહસ્થ જેવા જણાતા આ રાવસાહેબ એક જમાનાજૂનું ચિત્ર રજુ કરીને જાણે એમ સૂચવતા હોય કે અમારું આ ચિત્ર ચાલ્યું જવાનું છે – પણ બીજું આવવાનું છે! પણ ચિત્ર રહેવાનું છે. પછી આ રીતે કે તે રીતે! ફેરફાર શૈલીનો હશે, એટલુ જ!

રાવસાહેબ રજા લે ત્યારે પણ Good evening sir કહેવાના. એ જૂના જમાનાના ભલા — Good for nothing કોઈ કામના નહિ, ને કોઈને નડનારા નહિ—એવા આદમી પાસેથી તમે રજા લ્યો, ત્યારે એક જાતની, તમને વહી જતા સમયની, કરુણ પંકિત હવામાંથી સંભળાતી હોય તેમ લાગે!

એમનો એ ઉચ્ચાર તમે કદી ભૂલી શકો જ નહિ. Good evening એમ બોલતા એ ગમે તે વખતે તમારી સમક્ષ હવામાં ઊભા થઇ જાય એટલા સજીવ હતા. અને છતાં ખૂબી આ હતી — એમનામાં નિર્જીવતાનો પાર ન હતો!

એકનું એક કથન કરવાથી જે દશા કલાની થાય છે, એવી કરુણ દશા રાવસાહેબની હતી! અને એ આનંદી લાગતા માણસ પાસેથી તમે વિદાય લ્યો ત્યારે એ વિદાયમાં એ દેખાઈ આવતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવ સાહેબ કૃષ્ણલાલ અચૂક એ રસ્તે અને એ વખતે દેખાવાના જ !

જ્યારે એક દિવસ એ નહિ હોય ત્યારે એ રસ્તાને પણ બે ઘડી પોતાની શૂન્યતા સાલશે !

રાવ સાહેબ કૃષ્ણલાલ સાથેનો પહેલો મુકામ પૂરો થાય અને હું આગળ વધું એટલે એકાદ માઇલને અંતરે એક મંદિર આવતું !

એ મંદિરમાં એક બાવાજી રહેતા હતા. એમનો નિયમ અચૂક ચલમ ફૂંકવાનો હોય ! તમે જાઓ, દરવાજામાં પેસો, પગરખાં ઉતારો, ઘંટ વગાડો અને એ પળ બે પળ તમારી સામે જોઇ રહે, પછી ઓળખાણ પડતાં જ 'ઓ હો હો ! સાહેબ, ક્યારે આવ્યા છો ?' કહીને હાથમાં ચલમ લઇને આગળ આવે.

એમની નહિ જેવી ધૂણી પાસે એ બેસે, સામે તમે બેસો. એ અનેક વાતો કાઢે. એમની પાસે પીળો પડી ગયેલો એક ફોટો હતો. એ ફોટો એક કૂતરીનો હતો. કૂતરી મરી ગઈ હતી, પણ ફોટો રહી ગયો હતો. બાવાજી છેલ્લાં ત્રણેક વર્ષથી એ ફોટો, પોતાના ટંકમાંથી કાઢીને લઇ આવતા અને પૂછતા : 'સાહેબ ! આને મઢાવવો છે. શું ખર્ચ થાશે ?'

આપણે ખર્ચનો અંદાજ આપીએ, એટલે આની છબી કરાવીએ તો શું ખર્ચ થાય એ વાત કાઢે !

એ ફોટાની વાત એમ ને એમ એ ત્રણ ચાર વર્ષથી ફેરી રહ્યા હતા !

એમાં એમના ગુરુની ચાખડીથી માંડીને છેલ્લે પોતે તરભાણું લઇને ઊભા હતા ત્યાં સુધીના ફોટા હતા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ કૂતરીનો ફોટો એમને એટલા માટે પડાવવાનો હતો કે અત્યારના તમામ કૂતરાં એની ઓલાદનાં હતાં ! પણ એ હજી મઢાવ્યો ન હતો. કારણ કે મઢાવ્યા પછી ક્યાં મૂકવો એ પ્રશ્ન ઘણો મોટો હતો ! અને બાવાજીને શંકા હતી કે એનું સ્થાન ચોક્કસ નહિ થાય !

પણ બાવાજી આ ફોટાની વાત અચૂક કરવાના !

તમે ચારે તરફ નજર કરો તો બીજું બધું હોય તેમ જ હોય. એક ઠેકાણે ઊંધો બાણિયો પડ્યો રહેતો હતો —બાંડવામાં ઉપયોગી થતો ન હતો ને બેસવામાં નિરર્થક હતો. છતાં તે બાણિયાને એમણે એક ખૂણામાં રાખી મૂક્યો હતો ! એને ફેરવવાની વાત પણ ત્રણેક વર્ષથી ચાલતી હતી !

હજી એ ફર્યો ન હતો; ફરી શક્યો ન હતો.

પછી બાવાજી ઊઠે, બીલીપત્રનું નમન લાવે, પ્રસાદ લઈ આવે, તમને આપે. તમે ચાલો ત્યાં એક ડાઘિયો દેખાય.

'આ એનો હો સાહેબ !' બાવાજી બોલે, 'એ કૂતરી ગજબની હતી. મને એક શંકા આવી ગઈ છે હો સા'બ ! રાંડનીએ કાં તો પર ઓલાદનાં ઉતાર્યાં છે !'

'પર ઓલાદનાં ?'

'એક વરુ રાત્રે હળ્યો' તો !'

'એમ ?'

કૂતરાની આખી વંશાવળી રાખી શકે તેવા આ માણસની આંહીં સ્થાનભ્રૂલ થઈ ગઈ લાગે છે, એમ તમે વિચાર કરતા ચાલો ત્યાં દરવાજામાં એક વધારે મોટો બિહામણો ડાઘિયો દેખાય.

બાવાજી એના માથા ઉપર હાથ મૂકે : 'આ એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે હો સા'બ ! એટલે મને થયું છે કે આ ફોટો મઢાવી તો દઉં. પછી ભલે ટીંગાડીશું નહિ. પણ રાખી મૂકવા તો થાશે.—સંભારણું !'

પછી. 'જે જે' કરીને: હસતાં હસતાં આગળ વધું ! આ બીજો મુકામ વટાવીને આગળ ચાલું, એટલે એક વાડી આવતી.

એ વાડીએ એક મંડાણ હતું. પતરાં બોયાં વગેરેનું એ બનાવ્યું હતું. એ મંડાણ એટલું કાણું થઈ ગયું હતું કે અરધું પાણી પાછું કૂવામાં ધકેલાઇ જતું હતું ! બળદ પાણી ખેંચતા, કોસ ચાલતો, એ ના એ ધોરિયા પાણી લઇ જતા હતા !

જ્યારે જુઓ ત્યારે ભરવાડ ટીડો મંડાણ સમું કરવાની વાત કરતો જ હોય !

જાતનો ભરવાડ હતો, પણ એણે ખેતી કરી હતી.

એ મંડાણ હજી એમ ને એમ પોતાનું કામ ચલાવતું હતું !

નહિ નહિ તો અરધો અરધ પાણી પાછું ઢળી જતું હતું. બળદની મહેનત નકામી જતી હતી. ટીડો ત્યાં કોસ મૂકીને પાસે આવીને બેસતો. પછી બે ઘડી વાતો કરતો. અલકમલકની વાતો જાણવાનો એને શોખ હતો. પછી એ વાત વાતમાં કહેતો કે 'આ વખતે કોસ છોડીને પણ મંડાણ સુધારવા લેવું છે !'

છેલ્લાં ત્રણેક વર્ષથી એની એ વાત ચાલતી હતી !

પણ હજી એ મંડાણ સુધર્યું ન હતું. અને સુધરવાનું પણ ન હતું. આંહીં જાણે બધું એમ ને એમ રહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્માયું હતું !

રાવસાહેબની કવિતા હજી થઈ ન હતી ! થવાની ન હતી ! આ બુદ્ધિશાળીનો એક નમૂનો હતો ! મોટામાં મોટી અસર ઉપજાવનારો મંદિરનો બાવો કૂતરામાં વધારે રસ ધરાવતો હતો ! અને આંહીં આ કૂવો વર્ષો થયાં પોતાનાં પાણી રેડી રહ્યો હતો ! બધે જ જાણે કે એનું એ રહેવાનું નિર્માણ હતું !

સાંજે અંધાર પડછાયો પથરાય ત્યારે હું પાછો ઘર ભણી વળું ને ચારે તરફ નજર નાખું !

અને એ વખતે એક દૃશ્ય જોઈને મને નવાઈ લાગે !

જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી જોયા કરું તો એક વાતની નવાઈ લાગે. કોઈ ઠેકાણે કાંઈ જ નવો ફેરફાર થયો ન હોય ! કાંઈ જ નવો ફેરફાર નજરે ન ચડે !

જે ઝાડ જે પ્રમાણે ઠૂંઠા જેવું ઊભું હોય તે ઝાડ તે પ્રમાણે જ ઊભું હોય. વેરાનમાં જે કાંટા ઝાંખરા વેરાયલાં પડ્યાં હોય તે પણ તેમ જ પડ્યાં હોય ! જે ખાડામાં ગઈ સાલ બે ગધેડાં મર્યાં હોય, તેમાં આ સાલ પણ બે ગધેડાં જ મરવાનાં હોય — એમ એ ખાડો પણ વણપૂર્યો પડ્યો હોય ! ખાડાનો પણ જાણે કેમ એક કર લેવાનો ને લોકને ચૂકવવાનો શિરસ્તો હોય !

કયાંય કોઈ જીવ જેવો ફેરફાર દૃષ્ટિએ જ ન પડે ! હું એ જોતો ઊભો રહી જાઉં !

કુદરત પણ જાણે આ ક્રમમાં ભાગ લેતી હોય તેમ જે અરસિક ચેતનહીનતા આંખી સીમમાં દર વખતે આ સમયે પથરાઈ રહેતી હોય, એ જ ચેતનહીનતા અત્યારે પણ સામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી હોય!

જાણે કે આંહીં કોઈ કચાંય પગલું જ ભરતું ન હોય!

એક વખત હું સાંજે ફરીને આવતો હતો ત્યારે મેં અચાનક એક વખત ઊભા રહીને આ દૃશ્ય ઉપર નજર ફેરવવા પ્રયત્ન કર્યો!

એ જ અચેતનતા બધે ફેલાઈ રહી હતી. કોઇ નવું ઝાડ, કોઈ નવું પંખી, કોઈ નવી વનકુંજ, કોઈ નવું દૃશ્ય કચાંય ઊભું જ થયું ન હતું!

કોઈને કાંઈ જ કહેવાનું ન હતું; કરવાનું ન હતું. કેવળ જાણે કે વહેવાનું જ હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૦] શાંતિની શોધ !

તે દિવસની મારી વિચિત્ર વર્તણૂકને હું સંભારું છું અને મને હસવું આવે છે !

હું શું શોધવા નીકળ્યો હતો ને શું શોધી લાવ્યો ? હું શાંતિ શોધવા નીકળ્યો હતો, ને અશાંતિને લઈને આવ્યો ! એક વખત એ અજબ જેવી વાત બની ગઈ.

મેં સવારની ઉતાવળી ઘોડેસવારી ઉપાડી. મહામૂલ્યવાન વસ્ત્રાભૂષણ મેં પહેર્યાં હતાં. હાથમાં રંગબેરંગી પુષ્પો રાખ્યાં હતાં. શરીર ઉપર સુવર્ણ–મોતીના દાગીના પહેર્યા હતા. મારો ઘોડો પણ અજબ સ્ફૂર્તિવાળો બની ગયો હતો. એના ઉપર પણ મૂલ્યવાન સામગ્રી શોભી રહી હતી !

લોકો મને પૂછતા: 'આટલી બધી મૂલ્યવાન સામગ્રી લઈને ક્યાં ઊપડ્યા છો ? કેમ આટલી બધી ઉતાવળ છે ?'

હું જવાબ આપતો: 'હું શાંતિને શોધવા જાઉં છું ! એટલા માટે મેં રંગબેરંગી પુષ્પો સાથે રાખ્યાં છે, વસ્ત્રાભૂષણ પહેર્યાં છે. મારો ઘોડો પણ મૂલ્યવાન છે. સાંજ પહેલાં એ ક્યાં રહે છે એની શોધ મારે પૂરી કરવાની છે ! શાંતિ ક્યાં રહે છે ? તમને કોઈ ને ખબર ? લોકોને આ વાત નવી નવાઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. એમણે કોઇને આ પ્રમાણે વાત કહેતાં કોઇ દિવસ સાંભળ્યા ન હતા.

લોકો જોતા રહ્યા. ને હું મારે માર્ગે ચાલી નીકળ્યો !

પણ મારી વાત ફેલાઈ ગઈ : એક સાધન-સામગ્રીવાળો શ્રીમંત માણસ શાંતિની શોધ કરવા નીકળ્યો છે, એ વાત જગજાહેર થઈ ગઈ. એટલે તો ઠેકાણે ઠેકાણેથી માણસો મને મળવા માટે આવવા લાગ્યાં.

પહેલાં મોટા મોટા પંડિતો આવ્યા. તેમણે મને કહ્યું કે શાંતિ અમારી પાસે છે ! અને અમારી પાસે જે છે તે આ પુસ્તકોમાં છે. માટે શાંતિ જોઈતી હોય તો આ પુસ્તકો રાખો. શાંતિ પુસ્તકોમાં છે !'

મેં જવાબ વાળ્યો: 'તમે કહો છો તેમ પુસ્તકોમાં શાંતિ હોય તો તમે પુસ્તકો કંઠાગ્રે કર્યાં છે, માટે તમારી પાસે શાંતિ હોવી જોઇએ !'

પંડિતો વિચારમાં પડી ગયા. જો હા પાડે છે તો પોતે ખોટા ઠરે છે — તેમની પાસે એ હતી તો નહિ ! જો ના પાડે છે તો પુસ્તકો ખોટાં ઠરે છે !

તેમણે વિચારીને કહ્યું: 'શાંતિ પુસ્તકોમાં છે એ સાચું, પણ પુસ્તકોમાંથી માણસ શોધે ત્યારે શાંતિ મળે તેમ છે. માટે શાંત રહીને તમારે એ શોધવી જોઇએ !'

મેં જવાબ દીધો: 'અરે ભાઇ ! મારે તો સાંજ પહેલાં કામ પૂરું કરવાનું છે, ને તમે બતાવેલાં પુસ્તકો તો દસ જનમારે પણ પૂરાં થાય તેમ નથી ! એટલે એમાં શાંતિ હશે એ તમારી વાત સાચી હશે, પણ એ મારા બપની નથી; મારે તો તાત્કાલિક શાંતિ જોઇએ છે. મને મોટામાં મોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીક સાંજની છે. સાંજ ધસતી આવી રહી છે!'

પંડિતો જોતા રહ્યા ને હું ચાલી નીકળ્યો.

પણ તુરત જ મને કેટલાક સાધુઓ મળ્યા. એમણે મને કહ્યું: 'અરે! શાંતિ માટે આટલી બધી ધમાલ શી? શાંતિ તો અમારે ત્યાં જોઈએ તેટલી છે!'

મેં કહ્યું: 'મારે એવી રાખોડીની શાંતિ જોઈતી નથી. મારે તો વૈભવની શાંતિ જોઈએ છે! એ તમારી પાસે છે?'

સાધુઓ હસ્યા: 'આ વાત અમે તો આજ જ સાંભળી. શાંતિને અમે વૈભવ સાથે રમતી જોઈ નથી!'

મેં કહ્યું: 'તો તો તમારી શાંતિ મારે ખપની નથી. અને મારે તો સાંજ પહેલાં શાંતિ શોધી લેવાની છે. સાંજ ધપતી આવે છે!'

સાધુઓ મારા અજ્ઞાન ઉપર હસતા હસતા ચાલ્યા ગયા!

પણ સાધુઓ ગયા ન ગયા ત્યાં તો જોગીંદરો આવ્યા. એમણે કહ્યું: 'શાંતિ તો ઉસકો મિલતી હય, જો ઉસકો ઢૂંઢતે ફિરતે હૈં!'

મેં કહ્યું: 'હું ઢૂંઢવા તો નીકળ્યો છું!'

એમણે કહ્યું: 'પર શાંતિકો ક્યો' ઢૂંઢતે હો? ઢૂંઢને જૈસી ચીઝ તો ઔર હૈ.'

મેં કહ્યું: 'વો ચીઝ ક્યા હૈ?'

તેમણે કહ્યું: 'ઉસકા નામ હૈ 'સંયમ.' સંયમસે શાંતિ મિલતી હૈ.'

મેં કહ્યું: 'સંયમ ક્યા હૈ?'

તેઓ બોલ્યા: 'સંયમ નામ 'હરએક ચીઝકા ત્યાગ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરેક ચીજ છોડ દો. શાંતિ મિલ જાયગી'

મેં કહ્યું: 'મૈં ઈસ તરહકી શાંતિકી ખોજ નહિ કરતા હૂં. મૈં તો હરેક ચીઝ રખના માંગતા હૂં, ઔર શાંતિ માંગતા હૂં!'

'તબ તો તુમ ગરમ ભી માંગતે હો, ઔર ઠંડા ભી માંગતે હો — ખોજ લો!'

જ્ઞાનીઓ પણ ચાલ્યા ગયા.

હું તો દૂર દૂર નીકળી ગયો. સાંજ પડી જાશે એની મને બીક હતી. પણ હજી સુધી શાંતિનો કયાંય પત્તો ન હતો.

એટલામાં એક ડુંગરાની તળેટીમાં એક શુભ્ર વસ્ત્રધારી પુરુષ દેખાયો. તેના શ્વેત નિમાળા છાતી ઉપર ઝૂલી રહ્યા હતા. તેણે મને જોયો અને જાણે મારો પ્રશ્ન કળી ગયો હોય તેમ એ બોલ્યો: 'શાંતિ શોધો છો?'

મેં કહ્યું: 'હા, પણ તમને શી રીતે ખબર પડી?'

'ઘણા આ ડુંગરાઓની રમણીયતાથી આકર્ષાઈને આંહીં સુધી એને શોધતા આવે છે. પણ નવી નવાઈની વાત છે. હું તેમને શાંતિ બતાવું છું, અને તે કોઈ એ લેતા નથી! લીધા વિના જ ભાગી જાય છે!'

મેં કહ્યું: 'હું લેવા આવ્યો છું; મને બતાવો.'

તેણે કહ્યું: 'શાંતિને શોધવાથી કદાપિ શાંતિ નહિ મળે! એ કુદરતની ખૂબી છે. શાંતિને શોધનારે પણ — શોધવાની છે અશાંતિ! તો શાંતિ મળે!'

હું તેની સામે આશ્ચર્યચકિત બનીને જોઈ જ રહ્યો: આ કેવી નવી નવાઈની વાત હતી! અમૃત શોધનારને ઝેર બતાવીને કહેવું કે આ અમૃત છે એવી આ વાત હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં એને સવાલ કરવા માટે મોં ઉઘાડ્યું—પણ કેવી નવી નવાઈની વાત! તે માણસ જ ત્યાં ન હતો!

મેં એને મોટેથી બૂમ પાડીને સવાલ કર્યો: 'હે શુભ્ર દેવ! શાંતિ ક્યાં છે? શાંતિ ક્યાં છે?'

ડુંગરાઓમાંથી પડઘા પડ્યા: 'અશાંતિમાં! અશાંતિમાં!'

પણ આ પ્રત્યુત્તરનો મર્મ હજી સુધી મને સમજાયો નથી. જેમ જેમ એનું રહસ્ય ઉકેલવા મથું છું, તેમ તેમ એ વધારે ને વધારે રહસ્યમય બનતો જાય છે! એનો ઉકેલ કોઈ આણી શકયું નથી. શાંતિની શોધમાં નીકળેલો હું, કેવળ આટલી જ વાત લઈને પાછો ફર્યો કે 'અશાંતિમાં શાંતિ છે!'

અશાંતિનો પ્રકાર તો જાણી શક્યો નહિ! કેવી અશાંતિની વાત હતી તે જાણવાનું તો રહી ગયું!

અને ત્યાં તો સાંજ પડી ગઈ હતી.

—અને આનું રહસ્ય તો હજી મળ્યું ન હતું!

હું સાંજને, અંધારું લઈને આવતી, જોઈ રહ્યો છું! અને આખા જીવન દરમ્યાન આ એક પ્રશ્નનો ઉકેલ પણ મને ન મળ્યો! એની અશાંતિથી વધારે ને વધારે વ્યગ્ર બની રહ્યો છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૧] તુંગિયા નગરી ને અભંગ દરવાજા

'**તુંગિયા નગરી** ને અભંગ દરવાજા.' જૂના વખતની કોઈ અવશેષ–કથાનો કકડો અચાનક મળતાં તેમાંથી એક કલ્પના–ચિત્ર ઊભું થાય છે.

એક નગરી છે. એમાં લાખોની વસ્તી છે. વૈભવની ત્યાં કોઈ ખામી નથી. પાણી માગો ત્યાં દૂધ મળે એવી જાહોજલાલી છે! તુંગિયા નગરી ને અભંગ દરવાજા—સેંકડો ત્યાં મહાલયો છે. પણ ક્યાંય ન હોય તેવી એક વાત ત્યાં ચાલે છે. દરવાજા, આ નગરીના અખંડ ઉઘાડા રહે છે! રાત ને દિવસ! નગરી આખીને જાણે ખાતરી છે કે, એના સીમાડાનો માનભંગ કરનારો કોઈ જન્મ્યો નથી, અને કોઈ જન્મવાનો નથી! આવી અદ્‌ભુત આત્મવિશ્વાસથી ભરેલી ત્યાં હવા છે! એકલમલ્લ જેમ વિશ્વને આહ્‌વાન આપતો ઊભો હોય તેવો નગરીનો કોટ ત્યાં ખડો છે. દિવસ અને રાત અખંડ પહેરો છે. પણ દ્વારપાલો જે કોઈ આવે તેને સત્કારે છે. જરૂરિયાતવાળો દરેક તે નગરીનો દીકરો છે. મહાજન એને ભોજન આપે છે; વિશ્વમાં જેને ક્યાંય આધાર ન હોય એને આધાર આપે છે. આધાર આપીને એને માણસાઈ ભરેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે ટકાવી લેવાની જાણે કે શાહી વેપારી રીતિ પણ ત્યાં ચાલે છે! તુંગિયા નગરી ને અભંગ દરવાજા. એ નગરીમાં આશ્રય લેવાની ઇચ્છાથી ગમે તે આવે: કોઈ પ્રશ્ન કરે નહિ કે કેટલા દિવસ રોકાવાના છો; કોઈ સવાલ પૂછે નહિ કે કયાંથી આવ્યા છો; કોઈ જાણવા માગે નહિ કે, કયાંના છો; કોઈ પૂછપરછ કરે નહિ કે કયારે જવાના છો. જે કોઇ આધાર લેવા આવ્યો તે નગરીનો બની ગયો! આવી એ નગરી!

નગરીના વિશ્વાસનો ભંગ ન કરે, કે એની માનમર્યાદા ઓળંગવાનો વિચાર ન કરે, એવો જે કોઈ આ નગરીના કોટના પડછાયામાં આવ્યો એ જાણે ભગવાન વિશ્વનાથને ખોળે આવ્યો! જવું હોય તો છૂટ; રહેવું હોય તો એ નગરીનો બની ગયો!

એ ખાય, પીએ ને મજા કરે. પોતાનું કામ શોધી લે. કામ ન મળે તો નગરી શોધી આપે. પણ ત્યાં કોઈ ભૂખ્યો નહિ; કોઈ આળસુ નહિ; કોઈ હરામખોર નહિ; કોઈ લુચ્ચો લફંગો નહિ!

ચોરી ત્યાં થાય નહિ. શબ્દછળ કોઈ જાણે નહિ. ઠગાઈ ને કોઈ ઓળખે નહિ. વિશ્વાસભંગ ત્યાં મળે નહિ. ત્યાં તો સૌ કામે, ખાય–પીએ, મજા કરે. કામ બધાં ભેગાં મળીને કરે, ઉજાણી કરવા એક સાથે નીકળે. રજા એક જ દિવસ પાળે. ઉત્સવ એક જ દિવસે રાખે. કોઈ કોઈનો દ્વેષ કરે નહિ. શ્રમ કર્યા વિના કોઈ આળસુ બેસે નહિ. શ્રમનું મૂલ્ય આ કે જે કોઇ શ્રમ કરે તે નગરીનું બાળક. નગરી એને ભૂખ્યા સુવારે નહિ, ભૂખ્યા જગાડે નહિ, ભૂખ્યા રાખે નહિ. આવી આ તુંગિયા નગરી ને એના અભંગ દરવાજાની વાત!

આ નગરીમાં એક નવી નવાઇનો રિવાજ ચાલે—જૂના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતથી ચાલ્યો આવે. કોણે ચલાવ્યો એ કોઇ જાણતું નથી. પણ એનો ભંગ કોઇ દિવસ કોઇએ હજી કર્યો નથી.

'તુંગિયા નગરી ને અભંગ દરવાજા'માં એક પ્રથા : ત્યાં કોઇ ગરીબ જન્મે જ નહિ. કોઇ જન્મથી ગરીબ નહિ. જાણે નિષ્ઠુર કહેવાતી વિધિને, નગરી આહ્વાન આપતી હોય કે—તારે ત્યાંથી ભલે માણસ નાગોપૂગો આવે, પણ જેવો એ તુંગિયા નગરીના કોટ-કિનારાનો પડછાયો દેખે, કે એક પળમાં જ એ લક્ષાધિપતિ બની જાય તો જ તુંગિયા નગરીનું નામ સાર્થક! તુંગિયા નગરીમાં જે કોઇ જન્મે તે લક્ષાધિપતિ જ જન્મે!

આ પ્રથાને ચેતનવંતી ને અભંગ ચાલુ રાખવા માટે નગરીમાં એક પ્રબંધ. જેવી ખબર પડે કે નગરમાં અમુક ઠેકાણે કોઇનો જન્મ થયો છે, કે વગર પૂછયે. આખા ગામમાંથી, ઘર દીઠ એક એક કાર્ષાપણ એને ત્યાં પહોંચી જ જાય! જન્મેલું બાળક એક પળમાં લક્ષાધિપતિ બની જાય! એક લાખ ઘરના એક લાખ કાર્ષાપણ એને નામે સમગ્ર નગરસંઘની કિતાબમાં નોંધાઇ જાય. એને નામે એ રકમ જમા થઇ જાય!

પછી ભલે એ બાળક કોઇ કૂબામાં જન્મ્યું હોય કે કોઇ મોટા મહેલમાં આવ્યું હોય!

તુંગિયા નગરી તો જે કોઇ શહેરમાં જન્મ લઇને આવે તેને પળ બે પળમાં લક્ષાધિપતિ બનાવી દે! વિધિ ભલે એને ગરીબ બનાવીને મોકલે! તુંગિયા નગરી વિધિને અફળ બનાવી દે!

આવો આ નગરીમાં રિવાજ. એમાં કોઇ, કોઇ દિવસ પ્રશ્ન કરે નહિ; કોઇ, કોઇ દિવસ આળસ બતાવે નહિ. બાવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીવાની જેમ એ કુદરતી બની ગયેલો !

હવે આ તુંગિયા નગરીમાં એક શ્રીમંત કુટુંબ વસે. એને ત્યાં જાહોજલાલીનો કોઈ પાર નહિ, વૈભવની કોઈ ખામી નહિ. રાત ને દિવસ કયાં જાય છે એની એ આલીશાન મહાલયમાં કોઇને ખબર પડે નહિ ! ત્યાં જેમ ચાલતું હોય તેમ ચાલ્યા જ કરે. જાણે કોઇ દિવસ અટકવાનું જ ન હોય !

પણ ઈશ્વરની માયા અકળ છે. એક વખત એવું બન્યું કે, આ કુટુંબનો વડો મહાબુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી એવો આવ્યો ! એવો બુદ્ધિશાળી કે વાત પૂછો મા. જ્યાં કાંઇ રસ્તો દેખાતો ન હોય ત્યાં એ રસ્તો કાઢે !

પણ ભગવાનની માયા એવી કે, એને કોઇ વાતની ખામી નહિ. એટલે કોઇ મુશ્કેલીમાં રસ્તો કાઢવાની વાત આવે નહિ. એની બુદ્ધિ તીક્ષ્ણ શસ્ત્રની માફક ચમકારા કરે, પણ કોઇ લાકડું આડું આવે નહિ !

એક વખત એ બેઠો બાંધાંબોળાં કરે, જૂનાં દફ્તરો તપાસે, નોંધો જુએ, જૂની પોથીઓ ઉખેડે.. એમાં એક નવી નવાઇની વાત એણે ભાળી અને એ તો છક્ક થઈ ગયો !

એને થઇ ગયું: ઓ હો ! આ શું કહેવાય ? વાત એમ હતી કે એને આ જૂનવાણી નોંધપોથી જોતાં ખબર પડી કે સાત સાત પેઢી થયાં આ મહાલય ચાલ્યા કરે છે ! પણ સીધો વારસ આંહીં કોઈ મળે જ નહિ !

એ વિચારમાં પડી ગયો: 'ઓહોહો ! તો તો તુંગિયા નગરીમાં જે કોઈ જન્મે, તે લક્ષાધિપતિ જન્મે, એ રિવાજ ચાલુ રાખવા માટે, એના આ મહાલયે, આટલાં વર્ષોમાં લાખો કાર્પાપણ આપી દીધા ! ને આંહીં તો કોઈ દિવસ કોઇ જન્મ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી! દરેક દત્તક જ આવતું રહ્યું છે. એટલે એણે બદલામાં મેળવ્યું નહિં કાંઇ !

એમાંથી એની તેજસ્વી બુદ્ધિને કામ મળી ગયું ! એના આ મહાલયે લાખો કાર્ષાપણ આપી દીધા હતા ! અને બદલામાં કાંઈ જ મેળવ્યું ન હતું !

એટલે આ રિવાજ પ્રત્યે હવે બળવો કેમ ઉઠાવવો એ કામ એની બુદ્ધિને મળ્યું !

એટલામાં તો એક માણસ આવ્યો. એણે એને રોક્યો, પૂછ્યું: 'આજ આપણે કોને ત્યાં કાર્ષાપણ મોકલાવ્યા છે ?'

જવાબ આવ્યો: 'આજ તો ઘણા કાર્ષાપણો ગયા છે !'

અચાનક એણે પૂછ્યું: 'એમાં છોકરા કેટલા ?'

'છોકરા તો ત્રણ જ ! આજ તો છોકરીઓ જ ઝાઝી આવી છે !'

તે વિચારમાં પડી ગયો, કાંઇક સંભારવા લાગ્યો. પછી તેણે પોતાના માણસને કહ્યું: 'હવેથી છોકરીનો જન્મ હોય એ કુટુંબમાં આપણે કાર્ષાપણ આપવો નહિ !'

'અરે! એમ તે હોય ? તો તો શિરસ્તો તૂટે !'

'શિરસ્તો તૂટતો નથી, સુધરે છે. અત્યાર સુધી એ ખોટો ચાલતો આવ્યો છે. મને પૂછ્યા વિના કોઇ છોકરી-વાળાને ત્યાં કાર્ષાપણ આપવા તારે દોડવું નહિ !'

થઇ રહ્યું. બીજે દિવસેથી જ એક ચર્ચા ઊપડી. છોકરીઓ તો પારકે ઘેર જવાની છે. એમને શા માટે કાર્ષાપણો આપવા ?

એમાં આ બુદ્ધિશાળીએ બીજો વાંધો શોધી કાઢ્યો. એ મહાબુદ્ધિશાળી હતો, એટલે એ સમજી ગયો હતો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંધાઓ કાઢવા હોય ત્યારે જે વસ્તુઓનો આધાર લેવો હોય એ વસ્તુઓને મોહક બનાવવી. એણે કહ્યું: 'આવી રીતે તો તુંગિયા નગરીનો વૈભવ બીજે ખેંચાઈ જાય. અને દરેક માણસ, આ રિવાજ મુજબ તો, કારણવિનાનો જાણે બહારનાને કર ભર્યા કરે! કારણ કે છોકરીઓ તો બહાર જવાની! ને બહાર જાય ત્યારે આપણા કાર્ષાપણો ઉપાડી જવાની!'

પછી તો આ વાત ચર્ચાવા માંડી. ઠેકાણે ઠેકાણે એ જ વાત થવા માંડી. કોઇએ પૂછ્યું: 'આપણે છોકરીના જન્મ વખતે કાર્ષાપણ મોકલવાનો નથી એ સાચું?' બીજાએ જવાબ વાળ્યો: 'હા હા, એ સાચું છે!'

તુંગિયા નગરીનો રિવાજ ડગુમગુ થવા માંડ્યો. એક માણસે પેટ બળ્યે ગામ બાળ્યું છે, એ ભાગ્યે જ કોઈ સમજ્યું! સૌ એમ માનવા મંડ્યા કે માળો આ એક જ બુદ્ધિશાળી નીકળ્યો! એ વાતને સમજી ગયો. એણે આપણા કાર્ષાપણ બીજે જતા અટકાવ્યા! એ આપણો તારણહાર!

તારણહારને એક વાતમાં વિજય મળતાં બીજી વાત સૂઝી! પોતાને ત્યાં કોઇ બાળક જન્મતું નથી. એટલે એને નગરીમાંથી કાર્ષાપણ મળતા નથી. જ્યારે એના કાર્ષાપણ તો જાય છે. એમ શા માટે?

એમાંથી એક નવી વાત એને મળી: જેને ત્યાં બાળક હોય નહિ તે કોઈને કાર્ષાપણ મોકલે નહિ!

મૂળ વાત હવામાં ઊડવા મંડી. મૂળ વાત — જે આટલો સુંદર રિવાજ જાળવી રહી હતી કે, નવો આવનાર દરેક માણસ નગરનો અતિથિ છે, આખું નગર એને સત્કારે છે, માટે દરેક ઘર કાર્ષાપણ મોકલે છે, એ મૂળ વાત — ક્યાંય રહી ગઇ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો માણસોની બુદ્ધિમાં ભેદ થયો. એટલે એમણે પણ અવનવા પ્રશ્નો ઉઠાવવા માંડ્યા: ' અલ્યા, આ રિવાજ તે કેવો ? કૂબામાં જન્મે એ પણ લક્ષાધિપતિ કહેવાય, ને શ્રીમંતને ત્યાં આવે એ પણ એ જ મેળવે ? તો એ શ્રીમંતને ત્યાં કેમ જન્મ્યો ? ને પેલો ત્યાં કેમ જન્મ્યો ? '

પ્રથાએ રચેલો ભાવનાનો કોટ જમીનદોસ્ત થવા મંડ્યો !

સૌ કહેવા લાગ્યા કે આવું તે કયાંય હોય ? ગામ તરફથી સૌને સરખું મળે, એ રિવાજ તે કયાંનો ? કોઈ કોઈક વખત ગપ્પ ચલાવ્યું. એ ગપ્પને આપણે પણ ચલાવ્યું. આપણા બાપદાદામાં બુદ્ધિ નહિ હોય. પરંતુ આપણે પણ બુદ્ધિહીન એમ ? અને આ વાદવિવાદે મૂળ વસ્તુને એવી ચૂંથવા માંડી કે તેમાં કોઈ દિવસ નહોતી એવી અનેક વિઘાતક અસરો દેખાવા માંડી !

વાદવિવાદ કરનારાઓ સામસામે પોતાની હોંશિયારી બતાવવા માટે ચૂંથણાં ચૂંથવા માંડ્યાં !

અને એ ચૂંથણાને સૌએ ' પ્રશ્નની છણાવટ ' એવું ગૌરવશીલ નામ આપ્યું !

અને એને માટે જેમને કાંઈ જ ગતાગમ ન હતી એમને વાત વાતમાં પૂછવા માંડ્યા !

આ પ્રમાણે અજ્ઞાનને વમળમાં નાખવાનું જેમણે જેમણે કર્યું તેમણે તેમણે પોતે કાંઈક બહુ જ કર્યું છે, એવી ભ્રમણા ઊભી કરી !

આ ભ્રમણાને લોકો પૂજવા માંડ્યા !

પણ એમાંથી પેલી મૂળ વસ્તુ — જેના સમ્યક્ વિકાસ દ્વારા પૃથ્વી ઉપર સ્વર્ગ આવવાનું હતું, તે — ઊડી જ ગઈ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે ત્યાં દરેકને પ્રશ્ન થવા માંડ્યો: 'એમાં મારે શું?' અને એમાંથી પછી એ ધીમે ધીમે સરવા માંડ્યા; સરતા સરતા પહોંચી ગયા, 'એમાં મારું શું?' ત્યાં સુધી. હવે ત્યાં કોઈ કોઈનું કામ જ ન કરે એવું થઈ ગયું. 'એમાં મારું શું?' એ મુખ્ય પ્રશ્ન થઈ પડ્યો. 'આનું શું?' એ વાત તો હવામાં ઊડી ગઈ!

તુંગિયા નગરી બિચારી, પોતાના કોટકિલ્લાના પડછાયામાં આવનાર દરેક બાળકને, પોતાનું માની માના ખોળામાં લઈ લેતી હતી, એ હવે પોતાનાં બાળકોને વાદવિવાદની એવી એવી હોંશિયારીમાં પડેલા જોઈ રહી છે કે, એને ખબર પડતી નથી કે પોતે રહેવા માટે છે કે, જવા માટે છે!

પણ એ ભૂતકાળમાં ડોકિયું કરે છે ને ધ્રૂજે છે. એ જુએ છે કે: 'જ્યારે વાદવિવાદી હોંશિયારી, એ ઉચ્ચતમમાં ઉચ્ચતમ શિખરે બિરાજે છે, ત્યારે કેવળ શોણિતની ધારા વારસામાં મળે છે!'

વાદવિવાદી હોંશિયારી એ શાસનકર્તાઓની જમાતનું અનુપમ બળ ગણાવા માંડે છે, ત્યારે પછી બાર બાર વરસના દુકાળ એ વારસાની ચીજ બને છે!

બિચારી તુંગિયા નગરી! અને એનું ઠીંગરાઈ ગયેલું સ્વપ્નું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૨] કાલ્પો હ્યયં નિરવધિ !

તે દિવસે કોણ જાણે શું થયું હતું: શબ્દશિલ્પીનું આખું ઘર અનેક પ્રકારના કાગળોથી છવાઈ ગયું હતું ! લખેલા, ચેકી નાખેલા, અર્ધા ફાડેલા, અરધા લખેલા, હજારો કાગળ ત્યાં રખડતા હતા.

કામ કરવાવાળાને આશ્ચર્ય થતું હતું કે આજે આને થયું છે શું !

એકે કાગળ પૂરો લખાતો ન હતો. રખડતા કાગળોના ઢગલા વધતા જતા હતા.

શું થયું હતું ?

બીજું કાંઈ જ ન હતું. પોતાના હમેશના નિયમ પ્રમાણે શબ્દશિલ્પી આજે સવારે ફરવા નીકળ્યો હતો. એક જગ્યાએ એક કારીગર બેઠો બેઠો ટાંકણાથી પથ્થરમાં પ્રતિમાઓ પાડી રહ્યો હતો. એ ત્યાં જઈને બેઠો.

પથ્થરને આકાર આપનારો કારીગર, એ પણ એક રીતે લેખક જ છે ને ? એ પણ પ્રજાને માટે કાંઈક મૂકી જાય છે. આપણને શી ખબર પડે, પણ જેવી મજા ગવૈયાને પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળું પ્રગટાવવામાં આવે છે, અને જેમ જેમ સ્વરની મીઠાશ જામતી જાય છે તેમ તેમ એનું અંતર ડોલે છે, — બરાબર એ જ રીતે કારીગરને પણ પથ્થરમાં જાણે પળે પળે અવનવી સૃષ્ટિ પ્રગટતી લાગે છે!

એવા આ કારીગરને જોઈને આજે એ ત્યાં બેઠો હતો. બારીમાંથી આછું તેજ તેની ઘડેલી આકૃતિઓ ઉપર પડતું હતું. પોતાનું ઓજાર હાથમાં રાખીને એ આકૃતિને જોતો ત્યાં ઊભો હતો.

શબ્દશિલ્પીએ એને પૂછ્યું: 'શિલ્પીજી! તમે આ પથ્થરમાં શું જુઓ છો? એમાં બીજા અવનવા રંગ તો કાંઈ નથી?'

પથ્થરશિલ્પીએ પોતાની 'ચેરણી' એક તરફ બસેડી, 'બેપડું' આઘે મૂકયું, ઘૂંટણી બેસવી. પછી તે શબ્દશિલ્પી સામે જોઈ રહ્યો: 'ભાઈ! પથ્થર પથ્થરમાં હજાર ગાઢાનો ફેર છે. તમને બધા પથ્થર દેખાય છે. પણ કેટલાક હીરા હોય છે! મારે જેવો જોઈતો હતો તેવો આ કૂબડો પથ્થર માંડ મળ્યો છે! આ કૂબડા પથ્થરની ખૂબી તમે જાણો છો?'

શબ્દશિલ્પીએ ડોકું ધુણાવ્યું: 'ના.'

'ત્યારે જુઓ, આ કૂબડો પથ્થર ગદેડા જેવો લાગે છે. પણ જેમ ઘડાતો જાશે તેમ અંદરથી જરાક શ્યામલ રંગની છાંટ જોવા મળશે; માણસની ચામડીમાં જેવા તલ હોય છે એવા તલ એના અંતરમાંથી પ્રગટશે!'

'તમને શું બબર પડે? પણ આ કૂબડો પથ્થર પોતાનું રૂપ બીજા બધા પથ્થર કરતાં અનોખી રીતે પ્રગટ કરે છે!'

'શી રીતે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શી રીતે ? જુઓ, આ પ્રતિમા ઘડાઈ રહેશે; પછી એ મુકાઈ જાશે. એનો ઘડનારો હું કોણ જાણે કયાં હોઈશ ? પણ આ કૂબડો મને દગો નહિ દે. એ પોતાના અંતરમાં રૂપનો સાગર રાખે છે!'

શબ્દશિલ્પી કાંઈ સમજ્યો નહિ.

'તમે સમજ્યા નથી...' પથ્થરશિલ્પી બોલ્યો, 'પણ આ કૂબડાની જે પ્રતિમા આંહીં ઊભી છે, તે અત્યારે જેટલી રૂપાળી છે, એના કરતાં પચાસ વર્ષ પછી વધારે રૂપાળી હશે! દિવસો જશે તેમ એ વધુ રૂપ ધારણ કરશે!'

શબ્દશિલ્પી અત્યાર સુધી સમજતો ન હતો. પણ હવે તો એને લાગ્યું કે આ માણસ ગાંડો છે! પથ્થરની ઘેલછામાં પડ્યો જણાય છે!

પણ એટલામાં જ એ બોલ્યો: 'ભાઈ! આ પથ્થર કૂબડો, એક અદ્‌ભુત ગુણ ધરાવે છે. જાણકારો કહે છે કે એ મહાકાવ્યનો ગુણ છે. એ શું છે ને શું નથી એ જાણકારો જાણે. પણ એ મને કોઈ દિવસ દગો નહિ દે. જેમ જેમ એના ઉપર સમય જાશે, તેમ તેમ એ વધારે ને વધારે રૂપ બતાવશે!'

'પણ એ શી રીતે બનશે?' શબ્દશિલ્પીએ વાત જાણવા માટે કહ્યું.

'તમારા શબ્દને શેનો આધાર છે?' તેણે જવાબ આપવાને બદલે સામે સવાલ કર્યો.

'આકાશનો, પવનનો.'

'પવનનો પહેલો. પવન વિના શબ્દ સંભળાય નહિ. ત્યારે આ કૂબડા ઉપર જેમ જેમ ઋતુ ઋતુના પવન વહેશે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિયાળાના, ઉનાળાના, ચોમાસાના — તેમ તેમ એનું રૂપ ખીલતું જાશે. પવનના સ્પર્શથી એ વધારે ને વધારે લીસો બનતો જાશે. પચાસેક વર્ષ જાશે, ત્યારે તો જાણે ખુદ પવનદેવે પોતે આ પ્રતિમા ઘડી હોય તેમ એ આરસના જેવી મુલાયમ બની રહેશે. એમાં પછી કોઈ જગ્યાએ ડાઘડૂઘ નહિ હોય. કાળો તલ નહિ હોય. જરાક પણ જુદાપણું દેખાડનારો કોઈ રંગભેદ નહિ હોય! એક સમથળ, સમરસ, અનુપમ આકૃતિ બની રહેશે. આ પ્રતિમા દિનપ્રતિદિન વધુ ને વધુ સુંદર બનશે, વધુ ને વધુ નાનું યૌવન પકડશે. કેટલાક મહાકવિઓ પહેલાં લુપ્ત થઈ જાય છે — પછી પાછા પચાસ સો વર્ષે પ્રગટે છે. આ અમારા કૂબડામાં એવું મહાકવિત્વ રહ્યું છે. ભોલો, એ મને કોઈ દિવસ દગો દેશે? મારી પ્રતિમાને એ નિત્યરૂપની અવનવી લીલા આપતો રહેશે. આ કૂબડાને હું મારો દેવ માનું છું. એ છે તો હું છું!'

શબ્દશિલ્પી કૂબડા સામે જોઈ રહ્યો. ખરેખર, તમામ પથરા કરતાં એની જાત જુદી દેખાતી હતી. ગદેડો હોય એવો લાગે. કોઈ એકદમ જાણે પણ નહિ કે આમાં નિત્ય-રૂપ બેઠું રહે છે!

પછી શબ્દશિલ્પી ઘેર આવ્યો. તેણે પોતાનું કામ માંડ્યું. પણ આજ એનું ચિત્ત કામમાં નથી.

એ કાગળો લખે છે, પણ એકે કાગળ એના અંતર પ્રમાણે આવતો નથી.

તે એને ફેંકી દે છે!

ફરીને ફેંકી દે છે!

સૌને લાગે છે, આ શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ શબ્દસ્વામીના અંતરમાં પેલા પથ્થરશિલ્પીની વાત બેઠી છે. સમયદેવ જેમાંથી વધારે ને વધારે રૂપ પ્રગટાવે એવી નિત્યયૌવનની પ્રતિમાઓ એને ઘડવી છે. અને આંહીં તો ચલતી મૂર્તિઓ આવ્યે જાય છે!

તે કાગળો ફાડતો જ રહ્યો!

એના આત્મસંતોષ વિના એને કાંઇ લખવું ન હતું!

અને એમ ને એમ કુતૂહલ ને નિરાશા આવતાં રહ્યાં!

પણ પછી એક દિવસ એની અત્યંત પ્રિય આકૃતિ આવી પડી.

અને એને એ ઘડવા બેઠો!

તે દિવસે એનો બંડ આત્મસંતોષના આનંદથી ઉલ્લસિત બની ગયો હતો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫૨] મૃત્યુનું જ્ઞાન

આરામગાહે જવાની મારી પળ આવી પહોંચી છે. મને હવે શાંતિની ખેવના જાગી હતી. રાત અને દિવસ મેં મારા જીવને, કામના વૈતરામાં એવો જોડી દીધો હતો કે, હવે તો એ પોતે જાણે થાકીને મને કહી રહ્યો હતો કે ' હવે બે ઘડી આરામ લઈએ ! બે ઘડી આરામ લઈએ ! તમારે તે મને આરામ લેવા દેવો નથી કે શું ? '

મને નિસ્પન્દ નિદ્રાની, કોઈ ઊંડી કંદરામાં બે પળ લોટી જવાની તાલાવેલી જાગી છે. મારી ખુલ્લી આંખોને જાણે હવે થાક લાગ્યો છે. હું આંખો મીંચીને થોડી વાર પડ્યો રહું એટલી વાર, તમે સુંદર રૂપેરી મધુર તાર ઉપર, મહેતા નરસિંહનું કે મીરાંબાઈનું, તુલસીદાસ, કબીર કે સુરદાસનું, કોઈ ભજન સંભળાવજો. મારા થાકેલા હૃદયને એમાંથી અદ્‌ભુત ચેતના મળશે. ભજન પૂરું થાશે ત્યાં જ કાં તો હું પાછું જીવન મેળવી લઉં છું !

તમારાં આંસુ લૂછી નાખો. આવી રહેલા પ્રભાતને નીરખવા માટે, ઉન્નત મસ્તકે, કમળમાળની પેઠે એકસાથે, ઊભા રહો. મૃત્યુની મનોહર સુંદરી આજ આંહીં ઊભી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને તમે નીરખો. એ તમને પણ કહી રહી છે: 'હું આને અને યુગને બન્નેને લેવા આવી છું!' એક પળ તમારો શ્વાસ થંભાવો. જુઓ, એ મને બોલાવી રહી છે! આવો, આપણે છેલ્લીવેલી વિશ્રમ્ભકથા કરીને પછી છૂટા થઈ જઈએ. તમે તમારે પંથે પળજો. મને મારા નિર્માણપંથે જવાનો સંદેશો આવી ગયો છે.

પાસે આવો. આપણે પ્રેમથી છેલ્લું ભેટી લઈ એ. તોફાની શિશુઓને, જરા પણ ગંભીર બનાવ્યા વિના, મારી પાસે આવવા દો. એમના સુંવાળા સુંવાળા હાથમાં મારા ગલઢા નબળા હાથને બે ઘડી રમવા દો. મને એમનો એ જીવન-સ્પર્શ ઈશ્વરી સ્પર્શ જેટલો પ્રિય લાગે છે.

અને વૃદ્ધોને પણ મારી વૃદ્ધની પાસે આવવા દો! નિરાશ્રિતોને, અપંગોને, નિરાધારોને, તમામને; આજ તો કોઈને રોકતા નહિ; સૌને આંહીં આવવા દો!

અને ઊગતા પ્રભાત જેવી સુંદર કુમારિકાઓ આ વૃદ્ધ જર્જરિત દેહને ભલે એક વખત, આંખથી નીરખીને જોઈ લે! એમનામાં તો મારી ભવિષ્યની આશા રહી છે! કોને ખબર છે એમાંની કોણ મને માતૃભાવથી છાઈને પોતાનું શિશુ બનાવી દેશે? આવો, કુમારિકાઓ, માતાઓ, તમે તો મારી બહુ પાસે આવીને મારી આંખમાં રહેલા નાનકડા બાળકને નીરખી લો!

[૨]

પણ આ શું? હું કયાંય ઊંચે જતો હોઉં એવું મને લાગે છે. અરે! આ લોક આવો જુદો હશે, એની તો મને કલ્પના પણ ન હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓહોહો ! આંહીં તો કોઈ અવાજ નથી; કોઈનો કાંઇ શબ્દ નથી; શ્વાસ નથી. કેવું રૂપેરી વાદળની બિછાત જેવું સુંદર મૌનનું પાથરણું કોઈએ પાથરી દીધું છે ! અને છતાં આ મૌનમાંથી મારા અંતરમાં કોણ આ દિવ્ય સંગીતની રેલી રેલાવી રહ્યું છે ? ઓળખાણ પડી ! ઓળખાણ પડી ! એ તો જૂનાગઢનો નાગર નરસિંહ મહેતો પોતે 'વૈષ્ણવ જન તો—' ગાતો લાગે છે !

મને જાણે ચારે તરફથી કોઈ રૂપેરી–સોનેરી વાદળ–ગુફામાં લપેટી લેતું લાગે છે. આ કોણ કહી રહ્યું હશે ? 'તું આંહીં બે ઘડી સૂઈ જા, પછી પાછું તારે જાગવાનું છે !' કોણ કહી રહ્યું હશે ? અવાજ તો કોઈનો આવતો નથી; કેવળ અંતરના ધબકારા નિશાની આપી આપીને વાત ચલાવી રહ્યા છે !

આ કઈ સૃષ્ટિ હશે ?

આહીં તો મને પ્રિય એવો, મૌનનો મહાસાગર, કોઈએ રેલાવ્યો છે !

મૌનનો મહાસાગર !

[૩]

કૂલોના ઢગલામાંથી મારી થોડી રાખને તમે છુટ્ટી થવા દેજો. અશ્રુઓથી, નિરાશાથી, નિર્વેદથી એને ભીંજવતા નહિ. આશાના પ્રભાતની સોનેરી રેખા ઊગી છે એને તમારા અંતઃકરણના વિષાદથી હવે ભાગેડુ ન બનાવતા ! મારો શોચ ન કરો — જે આવ્યું છે તે જાળવવાનું સામર્થ્ય મેળવો.

આનંદનાં અને આવેલ યૌવનનાં ગીતો ગાઈ ગાઈને દેશને ફરી નવપલ્લવિત કરો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિઃશ્વાસ અને ડૂસકાંથી દેશભરની આનંદ–છોળને હવે કરમાવા દેતા નહિ. મારા ચહેરા ઉપર લખેલા શબ્દો વાંચો ને એમને ઘેર ઘેર ફેલાવો. પ્રેમ અને આનંદ, અહિંસા અને સત્ય.

હું ગયો છું એવી ગાંડીઘેલી વાત કરીને તમારું અજ્ઞાન પ્રગટ ન કરતા — આંહીંથી કોઈ જાતું નથી, કોઈ આવતું નથી. સમુદ્ર અને નદીના એકાકાર જલપ્રવાહની પેઠે સઘળું એમાં ને એમાં રહે છે!

તમારી આંખો બંધ કરો. જો એ સાચી રીતે બંધ થઈ હશે, તો તમે મને જોશો ને હું તમને જોઈશ.

મારી ભસ્મને કોઈ નદીના વહેતા પ્રવાહમાં પધરાવીને તમે તમારા નિત્યકામમાં લાગી જાઓ. મને મારી મા ધરતી પોતે જ એવી સુકુમારતાથી સાચવી લેશે કે તમારે એની ચિંતા કરવાની નહિ રહે!

ધરતી ઉપર વહેતી નદી, એ માનું ધાવણ છે. નાનકડા શિશુનું બીજાંકુર, માના એ ધાવણને જાણે પ્રેમથી વળગી રહ્યું હોય તેમ, મારી ભસ્મ એ ધાવણને વળગી રહેશે!

પછી તમે મને ભૂલી જજો. મારી પાછળ બોટાં પુરાણ ઊભાં કરીને મને ફરીને બીજું મૃત્યુ ન આપતા. આંહીં આ જીવનવિગ્રહી દુનિયામાં તમારે માટે બીજાં ઘણાં કામ છે. અને એમાંનું કોઈ પણ કામ તમે કરી શકશો તો એને જ હું મારી મોટામાં મોટી સ્મૃતિરેખા ગણીશ!

મારા સત્યને ફરીવાર પ્રગટ થવાની જરૂરિયાત હશે, તો મા ધરતી, મારા તમામ વેરાઈ ગયેલા કણને, એક પળમાં ભેગા કરીને પોતાનું ધાવણ મને આપશે, અને હું ફરીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી સમક્ષ મારો શબ્દ લઈને આવીશ. મૃત્યુ મને તમારાથી જુદો નહિ જ પાડે — જો તમે ખરેખર મને અને મારા શબ્દને ઇચ્છી રહ્યા હશો તો.

મારા શબ્દ ઉપર હવે તમે નવાં કૌભાંડ ને નવા વિગ્રહ ઊભા ન કરતા.

કારણ કે હું જાઉં છું, પણ પોતાના સત્યને, ફરીવાર અવાજમાં વ્યક્ત કરવા દેવાની કોઈ પણ ઈશ્વરી ઇચ્છા હશે, તો હું ફરી ફરીને આવીશ. કારણ કે ઈશ્વર જ પોતાનું સત્ય કોઈ ને કોઈ દ્વારા પ્રગટ કરવાની ઇચ્છા કરે છે. ઈશ્વરની ઇચ્છા એ જ માનવ છે.

હું તો મૃત્યની પારનો જીવનનો આનંદ માણી રહ્યો છું. ફરી જરૂર પડશે તો હું જ એ શબ્દોને લઈને આવવાનો છું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મારે તો ભાઇ! ત્યાગનો ધર્મ જોતો જ નથી. આનંદોનાં હજારો બંધનોમાં હું મારી મુક્તિ નિહાળી રહ્યો છું!

પૃથ્વી ઉપરનું આ મારું માટીનું વાસણ, તું તારા તાજાં આસવથી, અને અનેકરંગી વિવિધ સુગંધપ્રવાહથી છલકાવતો રહે છે!

તારા પ્રકાશવડે, મારાં કોડિયાં, સેંકડો જુદા જુદા રંગીન પ્રકાશો આપતાં રહેશે! અને તે તારે જ બારણે મુકાશે!

મારે મારી ઇંદ્રિયોના આનંદદ્વાર બંધ કરવાં જ નથી. દેખવાનો, સાંભળવાનો, સ્પર્શ કરવાનો, ઇંદ્રિયધર્મ તારા આનંદને ભલે વ્યક્ત કરે!

આનંદના પ્રકાશમાં બધી જ માયા સળગી જશે અને મારી બધી જ કામનાઓ છેવટે પ્રેમદીપને પ્રગટાવશે!

આનંદના હજારો બંધનોમાં હું મારી મુક્તિ નિહાળી રહ્યો છું!

મારે તો ભાઈ! કાંઈ તજવું નથી, કાંઈ તજવાની ઇચ્છા નથી.*

---

* આગામી પ્રગટ થનાર 'ગીતાંજલિ' રૂપાનુવાદમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમકેતુનો 'યુગદર્શન ગ્રંથમાળા'

તુષારબિંદુ

શ્રી. ધૂમકેતુની અનેક રંગભરી રસ કથનિકાઓનાં અવનવાં રૂપ આમાં જોઈ શકાશે લગભગ ૫૫ કૃતિઓ. **ત્રણ રૂપિયા**

મેઘબિંદુ

શ્રી. ધૂમકેતુની શૈલીના ઉચ્ચતમ શિખરો નિહાળવા માટે આ પુસ્તક જોઈ જવું જોઈએ એમાં કાવ્યમય વાણીમાં ઐતિહાસિક નવલિકાઓ આવે છે. **ત્રણ રૂપિયા**

પદ્મરેણુ

દ્વિરંગી છપાઈમાં પ્રગટ થયેલ અભિનવ રજકણોનો આ સંગ્રહ ભેટ આપવા માટે સર્વોત્તમ છે.

રજકણ

શુભ પ્રસંગે ભેટ આપવા લાયક, અત્યંત મનોરમ શૈલીમાં લખાયલાં સુંદર સચિત્ર વિચાર મૌક્તિકોનું પુસ્તક **ત્રણ રૂપિયા**

જલબિંદુ

ધૂમકેતુની જલબિંદુની ગદ્યશૈલી ગુજરાતી સાહિત્યમાં હજી સુધી અજોડ રહી છે. એમાં વિરલ પ્રસંગનું મનોરમ નવલિકા જેવું રૂપાંતર પામેલું ભાવનાશીલ સુંદર ગદ્ય છે.
ત્રણ રૂપિયા

પગદંડી

પ્રવાસવર્ણનોનું આ પુસ્તક વાંચનાર ઘડીભર પોતાનું સ્થળ ભૂલી ગિરનાર, નૈનીતાલ, દાર્જિલિંગ, હિમાલય, નર્મદાના આરસ પહાડો, ભુવનેશ્વરમાં વિહરે છે. ચિત્ર ફોટો ત્રીસ.
ત્રણ રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુગદર્શન ગ્રંથમાળા

રાજમુગટ [બીજી આવૃત્તિ] મલ્લિકા
ત્રણ રૂપિયા સાડાચાર રૂપિયા

અજિતા [ત્રીજી આવૃત્તિ] પરાજય
સાડાચાર રૂપિયા સાડાચાર રૂપિયા

વાચિનીદેવી ચૌલાદેવી

રાજસંન્યાસી કર્ણાવતી

રાજકન્યા જયસિંહ સિદ્ધરાજ
[બર્બરકજિષ્ણુ]

જયસિંહ સિદ્ધરાજ-જયસિંહ સિદ્ધરાજ
[ત્રિભુવનગંડ] [અવન્તીનાથ]

ગુર્જરેશ્વર રાજર્ષિ કુમારપાલ
[દરેકના સાડાચાર]

તણુખા તણુખા
મંડળ પહેલું મંડળ બીજું
ત્રણ રૂપિયા ત્રણ રૂપિયા

તણુખા તણુખા
મંડળ ત્રીજું મંડળ ચોથું
ત્રણ રૂપિયા ચાર રૂપિયા

પ્રદીપ ત્રિભેટો
ત્રણ રૂપિયા ત્રણ રૂપિયા

પરિશેષ અવશેષ
ત્રણ રૂપિયા અઢી રૂપિયા

વનછાયા અનામિકા
ત્રણ રૂપિયા ત્રણ રૂપિયા

વાતાયન હેમચંદ્રાચાર્ય
અઢી રૂપિયા અઢી રૂપિયા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શારદા મુદ્રણાલય : અમદાવાદ.